વર્ષ : ૬૧ ■ અંક : ૧૮ ■ તા.૧૬-૯-૨૦૨૧

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

## ગુજરાતના ૧૭મા મુખ્યમંત્રી તરીકે હોદ્દા અને ગોપનીયતાના શપથ લેતા શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ



## વિકાસની રફતાર સાથે જનસેવાનો નિર્ધાર...



દુનિયાના સર્વાધિક લોકપ્રિય નેતા,
દેશના લોકલાડીલા વડાપ્રધાન તેમજ
ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીને

# જન્મદિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ...

દેશવાસીઓની આકાંક્ષાઓને પૂર્ણ કરવા સતત કાર્યરત રહેવા બદલ **ધન્યવાદ મોદીજી**

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
મુખ્યમંત્રી, ગુજરાત



## ગરીબોના બેલી
## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી

**કોરોનાના કપરા સમયમાં ગરીબો માટે રાશનની ચિંતા કરી**
ગુજરાતમાં ૮૦% લોકોને ૧૮ મહિના સુધી નિઃશુલ્ક અનાજ આપ્યું

**મહિલાઓને ચૂલાના ધુમાડામાંથી મુક્તિ આપી**
ઉજ્જવલા યોજનાથી રાજ્યના ૨૯ લાખ પરિવારોને ગેસ કનેક્શન આપવામાં આવ્યાં

**ગરીબો માટે ખોલ્યા બેન્કના દરવાજા**
રાજ્યમાં કુલ ૧.૬૧ કરોડ લોકોના જનધન યોજના હેઠળ બેન્ક ખાતા ખોલવામાં આવ્યાં

**ખેડૂતોની સુખાકારી માટે સતત કાર્યરત**
રાજ્યના ૫૮.૮૭ લાખ ખેડૂતોને દર વર્ષે રૂ. ૬૦૦૦ ની સહાય

**જનસામાન્યને આપી સ્વાસ્થ્યની સુરક્ષા**
આયુષ્માન યોજના હેઠળ રાજ્યના ૩.૩૦ કરોડ લોકોને ૫ લાખ રૂપિયા સુધીની નિઃશુલ્ક સારવારની ગેરંટી

**ગરીબ પરિવારોના સ્વાસ્થ્ય અને સન્માનની કરી ચિંતા**
રાજ્યમાં ૩૩.૫૦ લાખ ગ્રામ્ય ઘરોમાં શૌચાલયનું નિર્માણ કરવામાં આવ્યું

**ગરીબોને આપ્યા તેમના સપનાનાં ઘર**
રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૪.૭૧ લાખ પરિવારોને મળ્યા સુવ્યવસ્થિત ઘર

**સૌને વેક્સિન, મફત વેક્સિન. ધન્યવાદ મોદીજી**
રાજ્યમાં ૫ કરોડથી વધુ વેક્સિનના ડોઝ આપવામાં આવ્યાં



**સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ**

Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 61 ■ Issue : 18 ■ Date 16-9-2021

**તંત્રી** : માહિતી નિયામક
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ** : જયેશ દવે, ઇશ્વર ઠાકોર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૨, ૦૭૯-૨૩૨૫૩૪૪૦
**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૪૪૧૨

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

**48 + 4 Cover = Total 52 Pages**

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.



# શબ્દશઃ

- મિશન મિલિયન ટ્રી અભિયાન થકી અમદાવાદ શહેરને હરિયાળુ બનાવાશે.
- સૌનું જીવન વધુ બહેતર બને તે માટે સરકાર પ્રતિબધ્ધ.
- કુદરતી આપત્તિના સમયમાં અધિકારી - પદાધિકારીઓએ પરસ્પરના સંકલન સાથે સરાહનીય કામ કર્યું છે.
- હકારાત્મક અભિગમ દાખવીને સાચો રહી ન જાય અને ખોટો લઈ ન જાય એ રીતે પૂરમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં સરવેની કામગીરી હાથ ધરાશે.
- સમગ્ર સરકાર જામનગર-રાજકોટના પૂર અસરગ્રસ્તોની પડખે ઊભી છે.
- પૂરના અસરગ્રસ્તોને રાજ્ય સરકાર દ્વારા મળવાપાત્ર તમામ સહાય સત્વરે અપાશે.
- કોઈ પણ અસરગ્રસ્ત સહાયથી વંચિત ન રહી જાય તે માટે સરકાર કટીબદ્ધ છે.
- પૂર પ્રભાવિત વિસ્તારના નુકશાનીના સરવેની કામગીરી ઝડપથી પૂર્ણ કરાશે.
- પૂરમાં ફસાયેલા લોકોને રેસ્ક્યુ કરીને બચાવવાની ત્વરિત કામગીરી કરનાર 'ટીમ જામનગર' અભિનંદનને પાત્ર છે.
- દિવ્યાંગો આત્મસન્માનથી જીવતા થાય તેવો સરકારનો અભિગમ છે.
- એક શક્તિશાળી રાષ્ટ્રના નિર્માણમાં દિવ્યાંગોને પણ સાથે લઈને ચાલવાનું છે.
- શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વન મહોત્સવ થકી જન-જન ને વન સાથે જોડ્યા છે.
- ઉજ્જવલા યોજના 2.0 અંતર્ગત ગુજરાતમાં પાંચ લાખથી વધુ ગરીબ પરિવારોને રાંધણ ગેસ કનેક્શન અપાશે.
- રાજ્યના મહાનગરોમાં ઘરની નજીકમાં આરોગ્ય સુવિધા મળી રહે તે માટે ૨૫૦ જેટલા પંડિત દિનદયાળ ઔષધાલયનો શુભારંભ.
- 'મુખ્યમંત્રી બાળ સેવા યોજના' અંતર્ગત નિરાધાર બાળકોને પ્રતિમાસ અપાતી સહાય સીધી બેંક ખાતામાં જમા કરવામાં આવે છે.

(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યોના સંકલિત અંશો)

# આકર્ષણ














6 ▶ **શપથ**

રાજ્યના ૧૭મા સુકાની શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને તેમના મંત્રીમંડળે શપથ લીધા

10 ▶ **પરિચય**

સરળતા, સાહજિકતા, સૌમ્યતા જેવા સદગુણોનો સમન્વય એટલે શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ

12 રાજ્યના નવરચિત મંત્રીમંડળના મંત્રીશ્રીઓનો પરિચય

18 ▶ **પોર્ટફોલિયો**

રાજ્યના મંત્રીશ્રીઓને વિભાગોની વહેંચણી

19 ▶ **સમાચાર વિશેષ**

20 ▶ **ત્વરિત પગલાં**

શપથવિધિ પહેલાં ઉચ્ચસ્તરીય બેઠક કરીને પૂરગ્રસ્ત વિસ્તારનો તાગ મેળવ્યો

24 ▶ **શિક્ષણ જ્યોત**

સરદારધામ બનશે શૈક્ષણિક પ્રવૃત્તિઓથી ધમધમતુ કેન્દ્ર

26 ▶ **વિકાસોત્સવ**

આધુનિક ગુજરાતના આર્ષદૃષ્ટા શ્રી નરેન્દ્રભાઇ મોદી

32 ૭૧ બાળકોના હૃદયની સારવાર માટે સહાય

34 વડાપ્રધાનશ્રીના જન્મદિવસે રેકોર્ડબ્રેક વેક્સિનેશન

35 અમદાવાદના લાલ બહાદુર શાસ્ત્રી તળાવ ખાતે "નરેન્દ્ર મોદી વન"નું લોકાર્પણ

36 વલ્લભ યૂથ ઓર્ગેનાઇઝેશન દ્વારા પ્રજ્ઞાચક્ષુઓને સેન્સર બેઈઝડ સ્ટીકની ભેટ

37 ગુજરાતમાં ગરીબ હિતકારી સેવા કાર્યક્રમોનો પ્રારંભ

38 ▶ **જનકલ્યાણ**

માત્ર સાડા ત્રણ કલાકમાં વડોદરાથી મુંબઈ

39 ▶ **પરિસંવાદ**

ગુજરાત ૧૨મા ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨નું યજમાન રાજ્ય બનશે

40 ▶ **કસુંબીનો રંગ...**

એક બહુઆયામી સર્જક ઝવેરચંદ મેઘાણી

- રમેશ ઠક્કર

44 ▶ **રાષ્ટ્રચેતના**

ભારતની આઝાદીનો અમૃત મહોત્સવ

46 ▶ **શિક્ષણ ઉજાસ**

શિક્ષક દિને ગુજરાતે અનોખી રીતે કરી શિક્ષક વંદના

# નવી ઊર્જા, નવા વિચાર સાથે ગુજરાતમાં વિકાસની "નવી દિશા"

કહેવાય છે ભાદરવો ભરપૂર હોય, બહુ રાહ જોવડાવ્યા બાદ મેઘરાજાએ ગુજરાત ઉપર મહેર કરી છે. સમગ્ર રાજ્યમાં ચોમેર વરસાદે હેત વરસાવ્યું છે. મહદંશે રાજ્યભરમાં મેઘમહેરથી આનંદ છવાયો. નદી, નાળા, ડેમ ભરાઇ જતાં પાણીનું સંકટ ટળ્યું. કેટલાક જિલ્લાઓ એવા પણ છે જ્યાં ભારે વરસાદ પડવાથી પૂરની સ્થિતિ સર્જાઇ. પાછોતરા વરસાદથી અમુક જિલ્લાઓમાં સર્જાયેલી પૂરની સ્થિતિના સમયે ગુજરાતની શાસનધૂરા સંભાળનાર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે સોગંદવિધિ બાદ એક પણ મિનિટનો સમય ગુમાવ્યા સિવાય બચાવ રાહત કાર્ય માટે વરિષ્ઠ અધિકારીઓની બેઠકમાં જરૂરી માર્ગદર્શન આપ્યું. એરફોર્સ, એન.ડી.આર.એફ., એસ.ડી.આર.એફ., સ્થાનિક તંત્રને પૂરગ્રસ્તોની વહારે પહોંચવા મુખ્યમંત્રીશ્રીએ નિર્દેશ તેમજ માર્ગદર્શન આપ્યા પરિણામે રાહત-બચાવ કામગીરી શરૂ કરાવી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે અડગ કર્મશીલતાનો પરિચય કરાવતા શપથ લીધાના ગણતરીના સમયમાં જ ભારે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોના નાગરિકો સાથે સંવેદનાસભર સંવાદ સાધ્યો. તેમણે તંત્રની સમયસૂચક અને ત્વરિત કામગીરીને બિરદાવી રાહત-બચાવ કામગીરીમાં સામેલ તમામને પ્રોત્સાહિત કર્યા.

ગુજરાતને ભારતનું ગ્રોથ એન્જિન બનાવી વિકાસની રાહમાં અગ્રેસર રાખવાની નીતિમાં એક ડગલું આગળ વધી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના ઊર્જાવાન નેતૃત્વમાં નવી જ "ટીમ ગુજરાતે" કામગીરી શરૂ કરી. ગુજરાત ઉર્જાશીલ નેતૃત્વ સાથે વિકાસની રાહ પર પ્રગતિના નવા સોપાન સર કરે તેવા સંકલ્પને લઇને આગળ વધી રહ્યું છે.

ગુજરાતના પનોતા પુત્ર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના 71મા જન્મદિવસની રાજ્યમાં અર્થસભર ઉજવણી કરવામાં આવી. રાજ્યભરમાં 10 હજારથી વધુ રસીકરણ કેન્દ્રો પરથી કોરોનાના રસીકરણને એક અભિયાનનું રૂપ આપવામાં આવ્યું. 'દવાઇ કે સાથ કડાઈ ભી' સૂત્ર સાથે અભિયાનને આગળ વધારવામાં આવ્યું છે. અમદાવાદના લાલ બહાદુર શાસ્ત્રી તળાવ વિસ્તારમાં વડાપ્રધાનશ્રીના જન્મદિવસની મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે આગવી રીતે ઉજવણી કરી હતી. અહીં વડાપ્રધાનશ્રીના 71મા જન્મદિને 71 હજાર વૃક્ષારોપણ કરી અમદાવાદને વધુ હરિયાળુ બનાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો.

રાજ્યભરમાં 400થી વધુ ગરીબહિતલક્ષી કાર્યક્રમો યોજાયા હતા. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના દ્વિતીય તબક્કામાં 3 લાખ લાભાર્થીઓને નિઃશુલ્ક ગેસ જોડાણ આપવાના લક્ષ્યાંક સાથે 15 હજારને ગેસ જોડાણ આપવામાં આવ્યાં. સ્લમ વિસ્તારનાં લોકોને ઘરઆંગણે આરોગ્ય સુવિધા આપવા દીનદયાળ ઔષધાલય શરૂ કરાયા તો 100 ટકા રસીકરણના લક્ષ્યાંકને પ્રાપ્ત કરનાર 7100 ગામના સરપંચશ્રીઓને મુખ્યમંત્રીશ્રીની આગેવાનીમાં આયોજીત કાર્યક્રમમાં સન્માનિત કરવામાં આવ્યાં. પર્યાવરણને શુદ્ધ રાખવાના ઉદેશથી સ્વચ્છતા અભિયાનને વેગ આપવા ગ્રામીણ ક્ષેત્રોમાં સ્વચ્છતાલક્ષી કામગીરીનો કાર્યારંભ કરાયો. કોરોનાકાળમાં નિરાધાર બનેલા બાળકોને બે હજાર રૂપિયાની પ્રતિમાસ સહાય ડી.બી.ટી.થી ચૂકવી રાજ્ય સરકારે આ બાળકોની સાચા અર્થમાં વાલીની ભૂમિકા ભજવી છે.

જય જય ગરવી ગુજરાત...

**- માહિતી નિયામક**







# રાજ્યના ૧૭મા સુકાની શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે હોદ્દા અને ગોપનીયતાના શપથ લીધા

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજભવન ખાતે રાજ્યના ૧૭મા મુખ્યમંત્રી તરીકે શ્રી ભૂપેન્દ્રભાઈ રજનીકાંત પટેલને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા હતા. નવનિયુક્ત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ રજનીકાંત પટેલે ઈશ્વરના નામે કાયદાથી સ્થાપિત ભારતીય બંધારણ પ્રત્યે શ્રદ્ધા અને નિષ્ઠા તથા ગોપનીયતાના શપથ ગુજરાતી ભાષામાં લીધા હતા. રાષ્ટ્રગાનની સૂરાવલિઓ સાથે આ શપથ સમારોહ સંપન્ન થયો હતો. ગાંધીનગરના રાજભવન ખાતે યોજાયેલા આ શપથવિધિ સમારોહનો વિધિવત્ પ્રારંભ રાજ્યના મુખ્ય સચિવ શ્રી પંકજ કુમારે મહામહિમ રાજ્યપાલશ્રીની અનુમતિ મેળવ્યા બાદ કરાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીના શપથગ્રહણ બાદ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મંચસ્થ મહાનુભાવોએ પુષ્પગુચ્છ અર્પણ કરીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને અભિનંદન અને શુભકામનાઓ પાઠવ્યાં હતાં. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ ટ્વીટ કરીને નવનિયુકત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે કેંદ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઇ શાહ, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણ, હરિયાણાના મુખ્યમંત્રી શ્રી મનોહરલાલ ખટ્ટર, ગોવાના મુખ્યમંત્રી શ્રી પ્રમોદ સાવંત અને કર્ણાટકના મુખ્યમંત્રી શ્રી બસવરાજ બોમ્માઈ ઉપસ્થિત રહ્યા હતા.









આ સમયે કેંદ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણમંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમર, કેંદ્રીય સંસદીય બાબતોના મંત્રી શ્રી પ્રહલાદ જોશી, કેંદ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઇ માંડવિયા, કેંદ્રીય વન અને પર્યાવણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ યાદવ, કેંદ્રીય પશુપાલન મંત્રી શ્રી પરસોત્તમભાઇ રૂપાલા, કેંદ્રીય રેલવે-ટેક્સટાઇલ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન જરદોશ, કેંદ્રીય મહિલા અને બાળવિકાસ તથા "આયુષ" રાજ્યમંત્રી શ્રી ડૉ.મહેન્દ્રભાઈ મુંજપરા પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ સમારોહમાં પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, શ્રી નીતિનભાઈ પટેલ, શ્રી સી.આર.પાટીલ અને કેંદ્રીય નિરીક્ષકશ્રીઓ તથા આદરણીય સંતો-મહંતો, સાંસદશ્રી, ધારાસભ્યશ્રીઓ, વરિષ્ઠ નાગરિકો અને શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા. ●

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રચાયેલા

# રાજ્યના નવા મંત્રીમંડળના મંત્રીશ્રીઓએ હોદ્દા અને ગુપ્તતાના શપથ લીધા
















Narendra Modi
@narendramodi

"ગુજરાત સરકારમાં મંત્રી તરીકે શપથ ગ્રહણ કરનારા પાર્ટીના તમામ સાથીઓને અભિનંદન. આ ઉત્કૃષ્ટ કાર્યકર્તાઓ છે જેમણે પોતાનું જીવન જાહેર સેવા માટે સમર્પિત કર્યું છે અને અમારી પાર્ટીના વિકાસના એજન્ડાને આગળ ધપાવ્યો છે. સૌને યશસ્વી કાર્યકાળ માટે ખૂબ-ખૂબ શુભેચ્છાઓ..!"

Translate Tweet

4:08 PM · Sep 16, 2021 · Twitter Web App

1,141 Retweets 21 Quote Tweets 4,852 Likes



Amit Shah
@AmitShah

ગુજરાત સરકારના મંત્રીમંડળમાં મંત્રી તરીકે શપથ ગ્રહણ કરનારા તમામ લોકોને હું શુભેચ્છા પાઠવું છું.

મને વિશ્વાસ છે કે @narendramodiજી અને @Bhupendrabjpજી ના નેતૃત્ત્વમાં સમગ્ર મંત્રીમંડળ લોક કલ્યાણકારી યોજનાઓને રાજ્યના ગરીબ લોકો સુધી પહોંચાડવા માટે નિરંતર સેવાભાવ સાથે કામ કરશે.

Translate Tweet

4:48 PM · Sep 16, 2021 · Twitter for iPhone

362 Retweets 1 Quote Tweet 941 Likes

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રચાયેલા નવા મંત્રીમંડળના સભ્યોને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. આ શપથવિધિ સમારોહમાં રાજ્યપાલશ્રીએ રાજ્ય મંત્રીમંડળના કેબિનેટ કક્ષાના દસ અને રાજ્યકક્ષાનો સ્વતંત્ર હવાલો ધરાવતા પાંચ અને રાજ્યકક્ષાના નવ પદનામિત મંત્રીશ્રીઓને પણ હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.

રાજ્યપાલશ્રી સમક્ષ કેબિનેટ મંત્રી તરીકે શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, શ્રી જીતેન્દ્રભાઈ વાઘાણી, શ્રી ઋષિકેશભાઈ પટેલ, શ્રી પૂર્ણેશકુમાર મોદી, શ્રી રાઘવજીભાઈ પટેલ, શ્રી કનુભાઈ દેસાઇ, શ્રી કિરીટસિંહ રાણા, શ્રી નરેશભાઈ પટેલ, શ્રી પ્રદીપભાઈ પરમાર, શ્રી અર્જુનસિંહ ચૌહાણે હોદ્દા અને ગુપ્તતાના શપથ લીધા હતા. જ્યારે રાજ્યકક્ષાના (સ્વતંત્ર પ્રભાર) મંત્રી તરીકે શ્રી હર્ષભાઈ સંઘવી, શ્રી જગદીશભાઈ પંચાલ, શ્રી બ્રિજેશભાઈ મેરજા, શ્રી જીતુભાઈ ચૌધરી, શ્રીમતી મનીષાબહેન વકિલે શપથગ્રહણ કર્યા હતા.





જ્યારે રાજ્યકક્ષાના મંત્રી તરીકે શ્રી મુકેશભાઈ પટેલ, શ્રીમતી નિમીષાબહેન સુથાર, શ્રી અરવિંદભાઈ રૈયાણી, શ્રી કુબેરભાઇ ડિંડોર, શ્રી કિર્તીસિંહ વાઘેલા, શ્રી ગજેન્દ્રસિંહ પરમાર, શ્રી આર. સી. મકવાણા, શ્રી વિનોદભાઈ મોરડિયા અને શ્રી દેવાભાઈ માલમે શપથ ગ્રહણ કર્યા હતા.

આ શપથગ્રહણ સમારોહમાં પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, શ્રી સી આર પાટીલ, કેંદ્રીય મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવ, રાષ્ટ્રીય અગ્રણી શ્રી બી. એલ. સંતોષ, ગુજરાત વિધાનસભાના પ્રોટેમ્પ સ્પીકર ડૉ. નીમાબહેન આચાર્ય, પૂર્વ મંત્રીઓ, દંડક શ્રી પંકજભાઈ દેસાઈ તેમજ રાજ્ય સરકારના વરિષ્ઠ અધિક મુખ્ય સચિવશ્રીઓ, અગ્ર સચિવશ્રીઓ, પોલીસ મહાનિદેશકશ્રી તેમજ ધારાસભ્યશ્રીઓ, અગ્રણીઓ અને શુભેચ્છકો ઉપસ્થિત રહ્યાં હતાં. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન મુખ્ય સચિવ શ્રી પંકજકુમારે કર્યું હતું. ●





## સરળતા, સાહજિકતા, સૌમ્યતા જેવા સદ્‌ગુણોનો સમન્વય ધરાવતા

# ગુજરાતના 17મા મુખ્યમંત્રી બનતા શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ

સરળ થવું ખૂબ જ અઘરું છે. સરળતા બધાને માટે સાધ્ય નથી હોતી. ઓછા લોકો સરળ થઈ શકે છે, ગુજરાતના સદ્‌નસીબે આપણને સરળ વ્યક્તિત્વ ધરાવતા શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ મુખ્યમંત્રી તરીકે મળ્યા છે.

સરળતા, સાહજિકતા, સૌમ્યતા જેવા સદગુણોથી ઘડાયેલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સેવાકીય પ્રવૃતિઓ સાથે જોડાયેલા છે. નમ્રતાનો ગુણ હોય તો જ કૃતજ્ઞતાનો ભાવ આવે. ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે નિયુક્તિ થયા બાદ શ્રી ભુપેન્દ્રભાઇ પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, ગાંધીનગર મતક્ષેત્રના સાંસદ અને કેંદ્રીય ગૃહપ્રધાન અમિત શાહનો આભાર માની વિકાસ કામોને આગળ ધપાવવાની નેમ વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગુજરાતનાં વિકાસનાં કામો સંગઠન અને સરકાર સાથે રહી અત્યાર સુધી ખૂબ સારી રીતે થયાં છે. છેવાડાના માનવી સુધી પહોંચવાનો ખૂબ સારી રીતે પ્રયત્ન થઈ રહ્યો છે. જે કામો બાકી હશે તે અમે નવેસરથી આયોજન કરી સંગઠન સાથે બેસીને સારી રીતે આગળ વધારવા માટે પ્રયાસ કરીશું.

ગુજરાતના સુકાની મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલને તેમના સમર્થકો, ચાહકો, કાર્યકર્તાઓ અને વિધાનસભ્યો પણ પ્રેમ અને આદરપૂર્વકથી 'દાદા' કહીને સંબોધે છે. ડિપ્લોમા સિવિલ એન્જિનિયર સુધીનો અભ્યાસ કરનાર અને મકાન બાંધકામના વ્યવસાય સાથે સંકળાએલા એવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ કોઇપણ વિવાદ વગરનું વ્યક્તિત્વ છે. નિખાલસ અને સાલસ એવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ ૨૦૧૭માં અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાંથી વિધાનસભાની ચૂંટણી લડ્યા હતા અને એક લાખ કરતાં પણ વધુ મતોથી જીત્યા હતા.







આ પહેલાં તેઓ મેમનગર નગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે અને ત્યારબાદ મેમનગર નગરપાલિકાના પ્રમુખ તરીકે, અમદાવાદ સ્કૂલબોર્ડના વાઇસ ચેરમેન તરીકે, થલતેજ વોર્ડના કાઉન્સિલર તરીકે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સ્ટેન્ડિંગ કમીટીના ચેરમેન તરીકે અને ત્યારબાદ અમદાવાદ શહેરી વિકાસ

સત્તામંડળના ચેરમેન તરીકે કામ કરી ચૂક્યા છે.

તેમની પ્રતિભા કર્મઠ અને નિષ્ઠાવાન સમાજ સેવકની છે. સરદારધામ, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સહિતની સંસ્થાઓમાં તેઓ વર્ષોથી યોગદાન આપતા આવ્યા છે. તેઓ આધ્યાત્મિક ગુરૂ દાદા ભગવાનમાં અખૂટ શ્રદ્ધા ધરાવે છે. આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં તેમને વિશેષ રુચિ છે. ક્રિકેટ અને બેડમિન્ટનનો તેમને શોખ છે.

તમે ન બોલો પણ તમારું કામ બોલે આ વાક્યને જાણે આત્મસાત્ કરનાર મિતભાષી એવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ મૂક સેવક બની સેવા કાર્યો કરતા આવ્યા છે. કોરોનાના કારણે આર્થિક સંકડામણ અનુભવતા ઘણા વિદ્યાર્થીઓને જ્યાં સુધી અભ્યાસ કરવો હોય ત્યાં સુધીના અભ્યાસની જવાબદારી પણ તેઓએ લીધી છે. જરૂરિયાતમંદોને તેઓ હંમેશા મદદ કરતા રહ્યા છે. તેમનું વ્યક્તિત્વ જમીનથી જોડાયેલું છે.

શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ 1984માં હેતલબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા હતા. તેમને એક દીકરો છે, જે એન્જિનિયર છે. જ્યારે દીકરી ડેન્ટિસ્ટ છે. તેમના પિતા અમદાવાદ પોલિટેક્નિકમાં પ્રિન્સિપાલ હતા. જોકે ઘરમાં જરૂરિયાત જણાતાં જે-તે સમયે અમદાવાદ દરિયાપુરમાં વસતા ભૂપેન્દ્રભાઈએ ગાંધીરોડ પરથી હોલસેલમાં ફટાકડા લાવીને દરિયાપુરની ધતુરાની પોળમાં 1988માં તેનો ધંધો પણ કર્યો છે. સાદું ભોજન લેવા ટેવાયેલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ નિયમિત ઈશ્વર આરાધના અને પૂજા કરે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈનાં પત્ની હેતલબહેન તેમનાં માતા-પિતાનું એકનું એક સંતાન હોઇ, તેમના પિતાના અવસાન પછી તેમનાં માતા હાલમાં તેમની સાથે જ રહે છે. સિવિલ એન્જિનિયરિંગ ભણનારા ભૂપેન્દ્રભાઈ 1988થી બાંધકામ ક્ષેત્ર સાથે જોડાયેલા છે.

ગુજરાતના વિકાસની રફતારને તેજ ગતિ આપવાના સંકલ્પ સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના આગમનથી વિકાસનાં નવતર દ્વાર ખૂલશે. ●



# રાજ્યના નવરચિત મંત્રીમંડળના મંત્રીશ્રીઓનો પરિચય

*રાજભવન, ગાંધીનગર ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કેબિનેટ કક્ષાના ૧૦, રાજ્યકક્ષાના સ્વતંત્ર હવાલો ધરાવતા પાંચ મંત્રીશ્રીઓને અને રાજ્યકક્ષાના નવ મંત્રીશ્રીઓ એમ મળીને કુલ ૨૪ મંત્રીશ્રીઓને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. રાજ્યના નવરચિત મંત્રી મંડળના મંત્રીશ્રીઓનો પરિચય આ પ્રમાણે છે.*

## કેબિનેટ કક્ષાના મંત્રીશ્રીઓ



**શ્રી રાજેન્દ્રભાઇ સૂર્યપ્રસાદ ત્રિવેદી**

**મહેસૂલ, આપત્તિ વ્યવસ્થાપન, કાયદો અને ન્યાય તંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો**

શ્રી રાજેન્દ્ર સૂર્યપ્રસાદ ત્રિવેદી, ૧૪૪-રાવપુરા મત વિભાગ (વડોદરા) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ તા. ૧૯ જૂન, ૧૯૫૪ના રોજ વડોદરા ખાતે થયો હતો. તેમણે બી.એસસી. (ઓનર્સ), એલએલ.બી. સુધીનો અભ્યાસ કરેલો છે. તેઓ ખેતી તથા વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓએ ૨૦૧૨-૧૭માં ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા બાદ તા.૭મી ઑગસ્ટ ૨૦૧૬થી ૨૫મી ડિસેમ્બર ૨૦૧૭ સુધી રાજ્યકક્ષાના મંત્રીશ્રી તરીકે પદભાર સંભાળ્યો હતો. ૧૪મી ગુજરાત વિધાનસભા ૨૦૧૭-૨૨માં ધારાસભ્ય તરીકે ચૂંટાઇ આવ્યા બાદ તા. ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૮થી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે પદભાર સંભાળેલો છે. તેઓ વાંચન, સામાજિક પ્રવૃત્તિ, સાહિત્યિક પ્રવૃત્તિ અને કવિતા લેખનનો શોખ ધરાવે છે.



**શ્રી જિતેન્દ્રભાઈ સવજીભાઈ વાઘાણી**

**શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ), ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક**

શ્રી જિતેન્દ્રભાઈ સવજીભાઈ વાઘાણી, ૧૦૫-ભાવનગર પશ્ચિમ મત વિભાગ (ભાવનગર) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ તા. ૨૮ જુલાઈ, ૧૯૭૦ના રોજ ભાવનગર જિલ્લાના વરતેજ ખાતે થયો હતો. તેમણે બી.કોમ., એલએલ.બી.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. તેઓ ખેતી અને બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓ તેરમી ગુજરાત વિધાનસભાના સભ્ય પણ રહી ચૂક્યા છે. તેઓ વાંચન, સમાજસેવા અને પ્રવાસનો શોખ ધરાવે છે.



**શ્રી ઋષિકેશભાઇ ગણેશભાઇ પટેલ**

**આરોગ્ય પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, જળસંપત્તિ અને પાણી પુરવઠો**

શ્રી ઋષિકેશ ગણેશભાઈ પટેલ, ૨૨-વિસનગર મત વિભાગ (મહેસાણા) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ તા. ૩૦ ઓક્ટોબર-૧૯૬૧ના રોજ ખેરાલુના સુંઢિયા ગામે થયો છે. તેઓએ ડિપ્લોમા ઈન સિવિલ એન્જિનિયરિંગ સુધીનો અભ્યાસ કરેલો છે. તેઓ કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓ બારમી-તેરમી ગુજરાત વિધાનસભાના પણ સભ્ય હતા. તેઓ વિસનગર પંચશીલ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ, મહેસાણા ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ ઍસોસિયેશનના ચેરમેન છે. તેમજ વિસનગર ખેત-ઉત્પન્ન બજાર સમિતિમાં પણ વર્ષ ૨૦૧૬થી કાર્યરત છે. તેઓને વાંચન, રમતગમત, પ્રવાસ અને સંગીતનો શોખ છે.



**શ્રી પૂર્ણેશભાઇ ઈશ્વરલાલ મોદી**

**માર્ગ અને મકાન, વાહન વ્યવહાર, નાગરિક ઉડ્ડયન, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ**

૫૫ વર્ષીય સૂરત પશ્ચિમના ધારાસભ્ય શ્રી પૂર્ણેશભાઈ મોદીનો જન્મ તારીખ 22 સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ સૂરત ખાતે થયો હતો. તેઓ કોમર્સ અને કાયદા બન્ને વિષયોમાં સ્નાતક સુધીની ઉચ્ચત્તમ શૈક્ષણિક લાયકાત ધરાવે છે. શ્રીમતી બીનાબહેન મોદી તેમનાં જીવનસંગિની છે. વ્યવસાયે તેઓ વકીલ છે.

જાહેર સેવાકીય ક્ષેત્રે શ્રી પૂર્ણેશભાઈ મોદી, ૧૩મી ગુજરાત વિધાનસભાના વર્ષ ૨૦૧૩ થી ૨૦૧૭ સુધી સભ્ય રહી ચૂકેલા છે. આ ઉપરાંત, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સંસદીય સચિવ તરીકેની ફરજ બજાવી ચૂક્યા છે. સુરત શહેરની મહાનગરપાલિકાના વર્ષ ૨૦૦૦ થી ૨૦૦૫ સુધી કોર્પોરેટર રહી ચૂકેલા છે.



**શ્રી રાઘવજીભાઈ હંસરાજભાઈ પટેલ**

**કૃષિ, પશુપાલન, ગૌ સંવર્ધન**

શ્રી રાઘવજીભાઈ હંસરાજભાઈ પટેલ, ૭૭-જામનગર (ગ્રામ્ય) મત વિભાગ (જામનગર) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ ૧લી જૂન, ૧૯૫૮ના રોજ મોટા ઈંટાળા, તા. ધ્રોલ, જિ. જામનગર ખાતે થયો હતો. તેમણે બી.એ., એલએલ.બી.નો અભ્યાસ કરેલો છે. તેઓ ખેતી અને શૈક્ષણિક પ્રવૃત્તિનો વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓ (૧) આઠમી ગુજરાત વિધાનસભા, ૧૯૯૦-૯૫, (૨) નવમી ગુજરાત વિધાનસભા, ૧૯૯૫-૯૭, (૩) દશમી ગુજરાત વિધાનસભા, ૧૯૯૮-૨૦૦૨ (પેટા ચૂંટણી), (૪) બારમી ગુજરાત વિધાનસભા, ૨૦૦૭-૧૨, (૫) તેરમી ગુજરાત વિધાનસભા, ૨૦૧૨-૧૭માં ચૂંટાઇ આવ્યા છે. તેમણે વર્ષ ૧૯૯૫-૯૬માં ગ્રામ - ગૃહ નિર્માણ વિભાગમાં રાજ્યકક્ષાના મંત્રી તરીકે ફરજ બજાવી છે.



**શ્રી કિરીટસિંહ જીતુભા રાણા**

**વન, પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, છાપકામ અને સ્ટેશનરી**

શ્રી કિરીટસિંહ જીતુભા રાણા, ૬૧-લીંબડી મત વિભાગ (સુરેન્દ્રનગર) વિધાનસભા મત વિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તા. ૦૭ જુલાઇ ૧૯૬૪ના રોજ જન્મ થયો હતો. તેઓએ મેટ્રિક સુધીનો અભ્યાસ કરેલો છે. આ બેઠક પર કિરીટસિંહ રાણા ત્રીજી વખત પેટા-ચૂંટણી જીત્યા છે. આ પહેલાં તેમણે ૧૯૯૫ અને ૨૦૧૩માં પેટા ચૂંટણી જીતી હતી. કિરીટસિંહ રાણા તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સમયમાં પશુપાલન મંત્રી રહી ચૂક્યા છે. તેઓએ પાંચ વખત ચૂંટણી જીતી છે.



**શ્રી કનુભાઇ મોહનલાલ દેસાઇ**

**નાણા, ઊર્જા, પેટ્રોકેમિકલ્સ**

શ્રી કનુભાઈ મોહનલાલ દેસાઈનો જન્મ તા. ૩, ફેબ્રુઆરી, ૧૯૫૧ ના રોજ ઉમરસાડી ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ મોહનલાલ છે. તેઓના ધર્મપત્નીનું નામ ભારતીબહેન છે. તેઓશ્રીએ બી.કોમ., એલએલબી. સુધીનો અભ્યાસ કર્યો છે. વલસાડના પારડી મત વિસ્તારમાંથી તેઓ ચૂંટાયા છે. તેઓ વ્યવસાયે નોકરી કરતા હતા. તેઓની રાજકીય કારકિર્દી જોઈએ તો તેરમી ગુજરાત વિધાનસભા ૨૦૧૨ થી ૨૦૧૭ દરમિયાન તેઓશ્રી સભ્ય તરીકે ચૂંટાયા હતા. તેઓની સામાજિક પ્રવૃત્તિઓ પર નજર કરીએ તો, તેઓ વર્ષ ૨૦૦૬ થી ૨૦૦૯ દરમિયાન નોટિફાઇડ એરિયા GIDC વાપીના કોષાધ્યક્ષ પદે રહ્યા. વર્ષ ૨૦૧૨થી વાપી રોટરી કલબના ટ્રસ્ટી અને સભ્ય તથા જ્ઞાનધામ ચેરિટેબલ ટ્રસ્ટ વાપી અને આહવાના સભ્ય અને ટ્રસ્ટી પદે રહ્યા. સાથોસાથ જી.આઈ.ડી.સી. વાપી ખાતેની સાન્દ્રા શ્રોફ રોફેલ કોલેજ ફોર નર્સિંગના ડાયરેક્ટર પદે રહ્યાં. તેઓશ્રીએ યુ.કે., અમેરિકા અને બેંગકોકના વિદેશ પ્રવાસ કરેલા છે.



**શ્રી નરેશભાઇ મગનભાઇ પટેલ**

**આદિજાતિ વિકાસ, અન્ન અને નાગરિક પુરવઠો અને ગ્રાહકોની સુરક્ષા**

શ્રી નરેશભાઈ મગનભાઈ પટેલનો જન્મ તા. ૧, જૂન, ૧૯૬૯ ના રોજ મોગરાવાડી, નવસારી ખાતે થયો હતો. તેમના પિતાનું નામ મગનભાઈ છે. તેઓના ધર્મપત્નીનું નામ ભારતીબહેન છે. તેઓશ્રીએ મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યો છે. નવસારીના ગણદેવી મત વિસ્તારમાંથી તેઓ ચૂંટાયા છે. તેઓ વ્યવસાયે ખેતી અને વ્યાપાર કરે છે.

તેઓની રાજકીય કારકિર્દી જોઈએ તો બારમી ગુજરાત વિધાનસભાના સભ્ય રહી ચૂક્યા છે. તેઓની સામાજિક પ્રવૃત્તિઓ પર નજર કરીએ તો, તેઓએ પક્ષમાં વિવિધ હોદ્દા પર ફરજ બજાવી છે. વર્ષ ૧૯૯૦ થી ૯૨ દરમિયાન મોગરાવાડી દૂધ સેવા સહકારી મંડળીના અને વર્ષ ૧૯૯૬થી આજપર્યંત જાગૃતિ વિદ્યાલય, રૂમલાના ચેરમેન પદે રહ્યા છે. વર્ષ ૧૯૯૩ થી ૯૫ દરમિયાન રૂમલા વિભાગ ખરીદ વેચાણ સેવા સહકારી મંડળીના તથા ઉનાઈ માતાજી મંદિરના ટ્રસ્ટીપદે કાર્યરત રહ્યા. તદઉપરાંત ચીખલી તાલુકા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ પદે રહ્યા હતા.

તેઓશ્રી લેખન, વાંચન, સંગીત અને ક્રિકેટનો શોખ ધરાવે છે. તેઓશ્રીએ સિંગાપોર અને કેન્યાના વિદેશ પ્રવાસ કરેલા છે.



**શ્રી પ્રદીપભાઈ ખાનાભાઇ પરમાર**

**સામાજિક ન્યાય અને અધિકારિતા**

શ્રી પ્રદીપભાઈ ખાનાભાઈ પરમાર, ૫૬-અસારવા મતવિભાગ (અમદાવાદ) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ તા.૧૭ જૂન ૧૯૬૪ના રોજ અમદાવાદ ખાતે થયેલો છે. તેમણે મેટ્રિક સુધીનો અભ્યાસ કરેલો છે. તેઓ બાંધકામ, પેટ્રોલપંપ અને વૉટર સપ્લાયના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓ નાટક જોવાનો અને પુસ્તક-વાંચનનો શોખ ધરાવે છે.



**શ્રી અર્જુનસિંહ ઉદેસિંહ ચૌહાણ**

**ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહનિર્માણ**

મહેમદાબાદના ધારાસભ્ય શ્રી અર્જુનસિંહ ઉદેસિંહ ચૌહાણ તા.૨૨ જૂન, ૧૯૭૬ના રોજ વાંઠવાળી ખાતે જન્મેલ છે. જેમની ઉંમર હાલ ૪૪ વર્ષ છે. તેમના પિતાનું નામ શ્રી ઉદેસિંહ ચૌહાણ તથા પત્ની શ્રીમતી નીતાબહેન ચૌહાણ છે. શ્રી અર્જુનસિંહ ચૌહાણની શૈક્ષણિક લાયકાત બી.કોમ., ડી.સી.એમ.છે. ધારાસભ્યશ્રીનો મૂળ વ્યવસાય ખેતી છે તેમજ સામાજિક સંગઠનોમાં વિવિધ જવાબદારીનું વહન કરે છે.

શ્રી અર્જુનસિંહ ઉદેસિંહ ચૌહાણ લેખન, વાંચન, પ્રવાસ, સંગીત અને સેવાકીય પ્રવૃત્તિઓનો શોખ ધરાવે છે.

## રાજયકક્ષાના મંત્રીશ્રી (સ્વતંત્ર હવાલો)



**શ્રી હર્ષભાઇ રમેશકુમાર સંઘવી**

**રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ, ગૃહરક્ષક દળ અને ગ્રામરક્ષક દળ, નાગરિક સંરક્ષણ, નશાબંધી, આબકારી, જેલ, સરહદી સુરક્ષા (સ્વતંત્ર હવાલો), ગૃહ અને પોલીસ હાઉસિંગ, આપત્તિ વ્યવસ્થાપન**

શ્રી હર્ષભાઇ રમેશકુમાર સંઘવી, ૧૬૫-મજૂરા મત વિભાગ (સુરત શહેર) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ તા. ૮ જાન્યુઆરી-૧૯૮૫ના રોજ સુરત ખાતે થયો છે. તેમણે મેટ્રિક સુધીનો અભ્યાસ કરેલો છે. તેમનો મુખ્ય વ્યવસાય ડાયમંડ, જ્વેલરી મેન્યુફેક્ચરિંગનો છે. તેઓ રાહત દરે સ્ટુડન્ટ બૂક બેન્ક, રાહતદરે સાહિત્ય વેચાણ કેંદ્ર, રોજગાર મેળા, વનવાસી વિસ્તારમાં કેમ્પ, સાત્ત્વિક આહાર વિતરણ, રોજગાર તાલીમ સહિતની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. પક્ષમાં વિવિધ જવાબદારી સંભાળતા... શ્રી સંઘવી ૧૩મી વિધાનસભાના પણ સભ્ય હતા. તેમને રમતગમત, સાહસિક પ્રવૃત્તિ, પ્રવાસ, જન-સંપર્કનો શોખ છે.



**શ્રી જગદીશભાઇ ઇશ્વરભાઇ વિશ્વકર્મા**

**કુટિર ઉદ્યોગ, સહકાર, મીઠા ઉદ્યોગ અને પ્રોટોકોલ(સ્વતંત્ર હવાલો), ઉદ્યોગ, વન પર્યાવરણ અને કલાઈમેટ ચેન્જ, પ્રિન્ટિંગ અને સ્ટેશનરી**

શ્રી જગદીશભાઈ ઈશ્વરભાઈ પંચાલ(વિશ્વકર્મા) અમદાવાદમાં તારીખ ૧૨ ઑગસ્ટ, ૧૯૭૩ના રોજ જન્મેલા છે. હાલ તેઓ ૪૭ વર્ષના છે. શ્રીમતી અલકાબહેન જગદીશભાઈ પંચાલ તેમનાં ધર્મપત્ની છે. તેમની ઉચ્ચતમ શૈક્ષણિક લાયકાત 'બેચલર ઓફ આર્ટ્સ'ના બીજા વર્ષ સુધીની તેમજ માર્કેટિંગ વિષયમાં સર્ટિફિકેટ કોર્સની છે. તેઓ વ્યવસાયિક રીતે ટેક્સટાઈલ મશીનરીના મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે સક્રિય છે. પોતાની નવરાશની પળોમાં તેઓ વાંચન, તરણ તેમજ બેડમિન્ટનમાં સમય પસાર કરવાનું પસંદ કરે છે.

જાહેર જીવનમાં તેઓ પક્ષ માટે અમદાવાદમાંથી ધાંધર પંચાલ સેવા સમાજના અગ્રણી ઉપરાંત વિશ્વકર્મા પંચાલ લુહાર સુથાર મહામંડલના જનરલ સેક્રેટરી તરીકેની ફરજો બજાવી ગુજરાત રાજ્યની ૧૩મી વિધાનસભાના સભ્ય તરીકે વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૭ સુધી પોતાની સેવાઓ આપી ચૂક્યા છે. વર્તમાનમાં કાર્યરત ગુજરાતની ૧૪મી વિધાનસભાના ૪૬ વિધાનસભા બેઠક - નિકોલ, અમદાવાદથી ચૂંટાયેલા નેતા છે.



**શ્રી બ્રિજેશભાઇ અમરશીભાઈ મેરજા**

**શ્રમ, રોજગાર, પંચાયત(સ્વતંત્ર હવાલો), ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ**

શ્રી બ્રિજેશભાઈ અમરશીભાઈ મેરજા, ૬૫ મોરબી મતવિભાગ (મોરબી) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ ૧લી માર્ચ, ૧૯૫૮ના રોજ ચમનપર ખાતે થયો હતો. તેમણે બી.કૉમ., ડિપ્લોમા ઈન બેન્કિંગ, પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન જર્નાલિઝમ, એડવર્ટાઈઝ એન્ડ પબ્લિક રિલેશન, ગવર્નમેન્ટ ડિપ્લોમા ઈન કો-ઓપરેશન એન્ડ એકાઉન્ટન્સી, એલએલ.બી. (પ્રથમ વર્ષ) સુધીનો અભ્યાસ કરેલો છે. તેઓ કન્સલ્ટન્સી અને સમાજસેવા જેવા વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમણે શ્રી સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ, ગાંધીનગર. સિટી લાયન્સ ક્લબ, મોરબી, ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ બેડમિન્ટન ઍસોસિયેશન જવાબદારી નિભાવી છે. જ્યેષ્ઠ પુત્ર ડૉ. પ્રશાંત મેરજાની સ્મૃતિમાં સમયાંતરે ગરીબ દર્દીઓ માટે મેડિકલ કેમ્પ, રક્તદાન કેમ્પ, મહાનુભાવોનાં પ્રેરક પ્રવચનો દ્વારા સત્કાર્યોના પ્રચાર-પ્રસારનું કાર્ય કરે છે. ખેલકૂદ અને શૈક્ષણિક ક્ષેત્રમાં ડૉ. પ્રશાંત ઍવૉર્ડ થકી યુવાનોને પ્રોત્સાહિત કરવાની પ્રવૃત્તિઓમાં સક્રિય છે. ભૂકંપ, વાવાઝોડું, દુષ્કાળ જેવી કુદરતી આફતોમાં અને તાજેતરની અતિવૃષ્ટિમાં માળિયા (મિ.) તાલુકા-શહેરના લોકોની ખડેપગે મદદ કરી છે. તેઓ મિત્રો સાથે પ્રાકૃતિક સ્થળોનો પ્રવાસ, જનસંપર્ક, જુદા જુદા વિષયોનું વાંચન, મનન, ચિંતન જેવી વિવિધ પ્રવૃત્તિઓનો શોખ ધરાવે છે.



**શ્રી જીતુભાઇ હરજીભાઇ ચૌધરી**

**કલ્પસર અને મત્સ્યોદ્યોગ (સ્વતંત્ર હવાલો), નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠો**

વલસાડ જિલ્લા કપરાડાના ધારાસભ્ય શ્રી જીતુભાઈ હરજીભાઈ ચૌધરીનો જન્મ ૧ જૂન, ૧૯૬૪ના રોજ કપરાડા તાલુકાના કાકડપોર ગામે થયો છે. તેમના પત્નીનું નામ સુમિત્રાબહેન છે. શ્રી જીતુભાઈ હરજીભાઈ ચૌધરી અગિયારમી ગુજરાત વિધાનસભા, ૨૦૦૨-૦૭માં, બારમી ગુજરાત વિધાનસભા, ૨૦૦૭-૧૨ અને તેરમી ગુજરાત વિધાનસભા, ૨૦૧૨-૧૭માં ધારાસભ્ય તરીકે ચૂંટાયા છે. આમ તેઓ ગુજરાત વિધાનસભામાં સતત ત્રણ સત્રથી ધારાસભ્ય તરીકે ચૂંટાતા આવ્યા છે આ તેમની ચોથી ટર્મ છે.

તેઓએ Under Matric સુધીનો અભ્યાસ કર્યો છે. તેમજ તેઓ ખેતી અને વેપાર સાથે જોડાયેલા છે. તેઓ વર્ષ ૨૦૦૪થી કપરાડા વિભાગ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ રહી ચૂક્યા છે. વર્ષ ૧૯૮૯-૨૦૦૦ કાકડકોપર ગ્રામપંચાયતમાં સરપંચ તરીકે પણ ફરજ બજાવી છે. કપરાડા તાલુકા પંચાયતના સભ્ય રહી ચૂક્યા છે. વર્ષ ૨૦૦૦-૦૨માં કપરાડા તાલુકા પંચાયતની કારોબારી સમિતિના અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે. વર્ષ ૨૦૧૦માં કપરાડા ખેત ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન તરીકે પણ ફરજ બજાવી છે. તેઓને વાંચન, રમતગમત, ધાર્મિક સ્થળોનો પ્રવાસ કરવાનો શોખ છે. આ ઉપરાંત સામાજિક પ્રવૃત્તિ, ભજન-સત્સંગ, કથા-શ્રવણ, લોક-ડાયરો પણ તેમના રસના વિષયો છે.તેઓએ સિંગાપોર, મલેશિયા, દક્ષિણ આફ્રિકા, નેપાળનો પ્રવાસ કરેલો છે.



**શ્રીમતી મનીષાબહેન વકીલ**

**મહિલા અને બાળ કલ્યાણ (સ્વતંત્ર હવાલો), સામાજિક ન્યાય અને અધિકારિતા**

શ્રીમતી મનીષાબહેન વકીલ તા. ૨૫ માર્ચ ૧૯૭૫ના રોજ વડોદરામાં જન્મેલા છે. જેમની વય હાલ ૪૫ વર્ષ છે. તેમણે અંગ્રેજી સાહિત્યમાં બી.એ, બી.એડ તથા એમ.એ. કરી પોસ્ટ ગ્રેજ્યુએશનનો અભ્યાસ પૂર્ણ કર્યો છે. શ્રીમતી મનીષાબહેન વાંચનનો ખૂબ જ શોખ ધરાવે છે તેમના જીવન સાથીનું નામ શ્રી રાજીવભાઈ છે. શ્રીમતી મનીષાબહેન વ્યવસાયે બ્રાઇટ ડે સ્કૂલમાં સુપરવાઇઝર તથા સોલેસ ફાઉન્ડેશનના પ્રેસિડેન્ટ તરીકેની જવાબદારીનું વહન કરે છે.

તેમનો તેરમી ગુજરાત વિધાનસભામાં સભ્ય તરીકેનો સંસદીય કાર્યકાળ ૨૦૧૨-૧૭ સુધીનો હતો. તેમજ ચૌદમી ગુજરાત વિધાનસભાના વડોદરા શહેરનાં ચૂંટાયેલા ધારાસભ્ય છે.

# રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ



**શ્રી મુકેશભાઇ ઝીણાભાઇ પટેલ**

કૃષિ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ

સુરતમાં ૨૧ માર્ચ, ૧૯૭૦ના રોજ જન્મેલા શ્રી મુકેશભાઈ ઝીણાભાઈ પટેલે સ્નાતક સુધીનો અભ્યાસ કરેલો છે. તેમજ એચ.એસ.સી., ડ્રાફ્ટ્સમેન સિવિલ પણ કરેલું છે. શ્રીમતી મીનાબહેન તેમના જીવનસાથી છે. ઓલપાડમાંથી તેઓ બહુમતીથી ચૂંટાઈ આવ્યા છે. આ ઉપરાંત તેરમી ગુજરાત વિધાનસભા, ૨૦૧૨-૧૭માં પણ તેઓ ધારાસભ્ય રહી ચૂક્યા છે. તેઓશ્રી ઓલપાડ તાલુકામાં પક્ષના પ્રમુખ રહી ચૂક્યા છે. ઓલપાડ વિભાગ કાંઠા સુગર ફેક્ટરીના ડિરેક્ટર તરીકે પણ ફરજ બજાવી ચૂક્યા છે. તેઓ પેટ્રોલ પંપના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓ ધાર્મિક પુસ્તકોના વાંચનનો, ક્રિકેટ અને પ્રવાસનો શોખ ધરાવે છે.



**શ્રીમતી નિમિષાબહેન મનહરસિંહ સુથાર**

આદિજાતિ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ

શ્રીમતી નિમિષાબહેન મનહરસિંહ સુથાર, ૧૨૫-મોરવાહડફ મતવિભાગ (પંચમહાલ) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ વર્ષ ૧૯૮૨માં થયો છે. મોરવાહડફની વિધાનસભાની બેઠક ઉપરથી વર્ષ ૨૦૨૧માં પેટાચૂંટણીમાં વિજેતા થયા છે. અગાઉ તેઓએ વર્ષ ૨૦૧૩-૧૭ દરમિયાન ગુજરાત વિધાનસભામાં મોરવાહડફથી પ્રતિનિધિત્વ કરેલું છે. તેઓએ ડિપ્લોમા ઈન ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ એન્ડ કોમ્પ્યૂટર કમ પ્રોગ્રામિંગ સુધી અભ્યાસ કરેલો છે.



**શ્રી અરવિંદભાઈ ગોરધનભાઈ રૈયાણી**

વાહન વ્યવહાર, નાગરિક ઉડ્ડયન, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ

શ્રી અરવિંદભાઈ ગોરધનભાઈ રૈયાણી, ૬૮ રાજકોટ(પૂર્વ) મત વિભાગ (રાજકોટ) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ તા. ૦૪ જાન્યુઆરી, ૧૯૭૭ના રોજ રાજકોટ ખાતે થયો હતો. તેમણે એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કરેલો છે. તેઓ વેપાર સાથે સંકળાયેલા છે. તેઓ વાંચન અને ક્રિકેટનો શોખ ધરાવે છે.



**શ્રી કુબેરભાઈ મનસુખભાઈ ડીંડોર**

ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતો

શ્રી કુબેરભાઈ મનસુખભાઈ ડીંડોર ૧૨૩-સંતરામપુર (મહીસાગર) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેઓનો જન્મ તા. ૦૧ જૂન ૧૯૭૦ના રોજ મહિસાગર જિલ્લાના, સંતરામપુર તાલુકાના ભંડારા ખાતે થયો છે. તેમણે એમ.એ., પીએચ.ડી.નો અભ્યાસ કરેલો છે. તેઓ શિક્ષણના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓ લેખન, વાંચન અને ક્રિકેટનો શોખ ધરાવે છે.



**શ્રી કીર્તિસિંહ પ્રભાતસિંહ વાઘેલા**

પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ

શ્રી કીર્તિસિંહ પ્રભાતસિંહ વાઘેલા, ૧૫-કાંકરેજ મત વિભાગ (બનાસકાંઠા) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ ૧લી જૂન, ૧૯૬૯ના રોજ ચાણસ્માના આકબા ગામે થયો હતો. તેમણે અન્ડર ગ્રેજયુએટ સુધીનો અભ્યાસ કરેલો છે. તેઓ ખેતી અને પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમણે પાયાનાં કાર્યકર તરીકે તાલુકા - જિલ્લામાં વિવિધ જવાબદારીઓ સંભાળી છે, આ ઉપરાંત તેઓ ખેતીવાડી, પશુપાલનનાં પ્રશ્નોને લઇ સક્રિય છે. તેઓ લેખન, વાંચન, સાહિત્ય, સંગીત અને પ્રવાસનો શોખ ધરાવે છે.





**શ્રી ગજેન્દ્રસિંહ ઉદેસિંહ પરમાર**

**અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહક સુરક્ષાની બાબતો**

શ્રી ગજેન્દ્રસિંહ ઉદેસિંહ પરમાર, ૩૩ પ્રાંતિજ મત વિભાગ (સાબરકાંઠા) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ ૨૪ જાન્યુઆરી, ૧૯૭૮ના રોજ થયો હતો. તેમણે ટી.વાય.બી.એ. સુધીનો અભ્યાસ કરેલો છે. તેઓ ખેતી અને પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓ વાંચન અને ક્રિકેટનો શોખ ધરાવે છે.



**શ્રી રાઘવભાઇ સી. મકવાણા**

**સામાજિક ન્યાય અને અધિકારિતા**

૫૦ વર્ષની આયુ ધરાવતા ભાવનગર જિલ્લાની મહુવા બેઠકથી ચૂંટાયેલા ધારાસભ્ય શ્રી આર.સી. મકવાણા તારીખ ૮ સપ્ટેમ્બર, ૧૯૭૦ના રોજ પઢિયારકા ખાતે જન્મેલા છે. શ્રીમતી ભાવનાબહેન આર. મકવાણા તેમના સહધર્મચારિણી છે. શૈક્ષણિક લાયકાત તરીકે તેઓ 'અન્ડર ગ્રેજ્યુએટ' છે. ખેતી સાથે તેઓ ટ્રાન્સપોર્ટનો વ્યાપાર ધરાવે છે. લોકસાહિત્ય અંગે વાંચન તેમજ રમતગમત તેમના શોખના વિષયો છે.

જાહેર સેવાકીય જીવનમાં તેમની દીર્ઘ કારકિર્દી રહી છે. તેઓ જિલ્લા પંચાયત ભાવનગરના વિપક્ષના નેતા રહી ચૂકેલા છે. તેમણે પક્ષમાં મંત્રી, મહામંત્રી તેમજ ઉપપ્રમુખ જેવી વિવિધ જવાબદારીનું વહન કરી અનુભવ મેળવી ચૂક્યા છે. ભાવનગર જિલ્લાના તળપદા કોળી સમાજના આગેવાન તરીકે કોળી સમાજની સેવા કરતા આવ્યા છે.



**શ્રી વિનોદભાઇ અમરશીભાઇ મોરડિયા**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ**

શ્રી વિનુભાઈ મોરડિયા સુરતના કતારગામ મતવિસ્તારથી ચૂંટાયા છે. તેમનો જન્મ ૧૦ જુલાઈ, ૧૯૬૭ના રોજ થયો હતો. મૂળ બોટાદના એવા વિનુભાઈ વ્યવસાયી છે. તેમના પરિવારમાં પત્ની અને દીકરી છે. વિનુભાઈ વર્ષ ૧૯૮૯થી સંગઠનની વિવિધ જવાબદારીઓ સંભાળે છે. આ ઉપરાંત, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોર્પોરેટર, સ્ટેન્ડિંગ કમિટીના સભ્ય તેમજ વિવિધ સમિતિઓના અધ્યક્ષ તરીકે કામગીરી કરી ચૂક્યા છે. વિનુભાઈ અખંડઆનંદ કો.ઓપ. ક્રેડિટ સોસાયટી સાથે જોડાયેલા છે. વર્ષ 2017થી તેઓ કતારગામ મતક્ષેત્રની સેવા કરી રહ્યા છે.




**શ્રી દેવાભાઈ પુંજાભાઈ માલમ**

**પશુપાલન અને ગૌ સંવર્ધન**

શ્રી દેવાભાઈ પુંજાભાઈ માલમ, ૮૮-કેશોદ મત વિભાગ (જૂનાગઢ) વિધાનસભા મત વિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ તા.૧૨ જાન્યુઆરી ૧૯૫૯ના રોજ માંગરોળ તાલુકાના થલી ખાતે થયો છે. તેમણે અન્ડર મેટ્રિક સુધીનો અભ્યાસ કરેલો છે. તેઓ ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓ પ્રાથમિક કૃષિ સહકારી મંડળીના પ્રમુખ પદે સેવાઓ આપી રહ્યા છે. તેઓ પ્રવાસ અને સમાજસેવાનો શોખ ધરાવે છે. ●





# રાજ્યના મંત્રીશ્રીઓને વિભાગોની વહેંચણી

*રાજ્યનાં નવા પ્રધાનમંડળનાં સદસ્યોને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તેમના વિભાગ અને કામગીરીની વહેચણી કરી હતી. જે અંગેની વિગત નીચે પ્રસ્તુત છે.*

| નામ | વિષય ફાળવણીની વિગત |
|---|---|
| શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ | સા.વ.વિ., વહીવટી સુધારણા અને આયોજન, ગૃહ અને પોલીસ હાઉસિંગ, માહિતી અને પ્રસારણ, પાટનગર યોજના, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ, ઉદ્યોગ, ખાણ અને ખનીજ, નર્મદા, બંદરો, તમામ નીતિઓ અને અન્ય કોઈ મંત્રીશ્રીઓને ફાળવાયેલ ન હોય તેવા વિષયો / વિભાગો |
| **કેબિનેટ મંત્રીશ્રી** | |
| શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી | મહેસૂલ, આપત્તિ વ્યવસ્થાપન, કાયદો અને ન્યાય તંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો |
| શ્રી જિતેન્દ્રભાઈ સવજીભાઈ વાઘાણી | શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ), ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક |
| શ્રી ઋષિકેશભાઈ ગણેશભાઈ પટેલ | આરોગ્ય પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, જળસંપત્તિ અને પાણી પુરવઠો |
| શ્રી પૂર્ણેશભાઈ મોદી | માર્ગ અને મકાન, વાહન વ્યવહાર, નાગરિક ઉડ્ડયન, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ |
| શ્રી રાઘવજીભાઈ હંસરાજભાઈ પટેલ | કૃષિ, પશુપાલન, ગૌ સંવર્ધન |
| શ્રી કનુભાઈ મોહનલાલ દેસાઈ | નાણા, ઊર્જા, પેટ્રોકેમિકલ્સ |
| શ્રી કિરીટસિંહ જીતુભા રાણા | વન, પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, છાપકામ અને સ્ટેશનરી |
| શ્રી નરેશભાઈ મગનભાઈ પટેલ | આદિજાતિ વિકાસ, અન્ન અને નાગરિક પુરવઠો અને ગ્રાહકોની સુરક્ષા |
| શ્રી પ્રદીપભાઈ ખાનાભાઈ પરમાર | સામાજિક ન્યાય અને અધિકારિતા |
| શ્રી અર્જુનસિંહ ઉદેસિંહ ચૌહાણ | ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહનિર્માણ |
| **રાજયકક્ષાના મંત્રીશ્રી (સ્વતંત્ર હવાલો)** | |
| શ્રી હર્ષભાઈ રમેશકુમાર સંઘવી | રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ, ગૃહરક્ષક દળ અને ગ્રામરક્ષક દળ, નાગરિક સંરક્ષણ, નશાબંધી, આબકારી, જેલ, સરહદી સુરક્ષા (સ્વતંત્ર હવાલો), ગૃહ અને પોલીસ હાઉસિંગ, આપત્તિ વ્યવસ્થાપન |
| શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા | કુટિર ઉદ્યોગ, સહકાર, મીઠા ઉદ્યોગ અને પ્રોટોકોલ(સ્વતંત્ર હવાલો), ઉદ્યોગ, વન પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ, પ્રિન્ટિંગ અને સ્ટેશનરી |
| શ્રી બ્રિજેશભાઈ મેરજા | શ્રમ, રોજગાર, પંચાયત(સ્વતંત્ર હવાલો), ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ |
| શ્રી જીતુભાઈ હરજીભાઈ ચૌધરી | કલ્પસર અને મત્સ્યોદ્યોગ (સ્વતંત્ર હવાલો), નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠો |
| શ્રીમતી મનીષાબહેન વકીલ | મહિલા અને બાળ કલ્યાણ (સ્વતંત્ર હવાલો), સામાજિક ન્યાય અને અધિકારિતા |
| **રાજયકક્ષાના મંત્રીશ્રી** | |
| શ્રી મુકેશભાઈ ઝીણાભાઈ પટેલ | કૃષિ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ |
| શ્રીમતી નિમિષાબેન સુથાર | આદિજાતિ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ |
| શ્રી અરવિંદભાઈ રૈયાણી | વાહન વ્યવહાર, નાગરિક ઉડ્ડયન, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ |
| શ્રી કુબેરભાઈ ડીંડોર | ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતો |
| શ્રી કિર્તીસિંહ પ્રભાતસિંહ વાઘેલા | પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ |
| શ્રી ગજેન્દ્રસિંહ ઉદેસિંહ પરમાર | અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહક સુરક્ષાની બાબતો |
| શ્રી આર. સી. મકવાણા | સામાજિક ન્યાય અને અધિકારિતા |
| શ્રી વિનોદભાઈ મોરડિયા | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ |
| શ્રી દેવાભાઈ પુંજાભાઈ માલમ | પશુપાલન અને ગૌ સંવર્ધન |

કિશોર જિકાદરા

# અમદાવાદ જિલ્લાના છ પોલીસ મથકોનું લોકાર્પણ





ગુજરાત રાજ્યમાં આધુનિક ટેક્નોલોજી અને કૌશલ્યવાન પોલીસકર્મીઓના કારણે શાંતિ અને સલામતી પ્રવર્તી રહી છે. રાજ્યના વિકાસમાં શાંતિ અને સલામતી ખૂબ મહત્ત્વની બાબત છે. તાજેતરમાં કેંદ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં સાડા પાંચ કરોડના ખર્ચે નવનિર્મિત ૬ પોલીસ સ્ટેશન અને નાયબ પોલીસ અધિક્ષક કચેરીના વર્ચ્યુઅલ લોકાર્પણ સંપન્ન કર્યાં હતાં.

રાજ્યમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિને વધુ સુદૃઢ કરવાના અનેક નવતર આયામો અપનાવી રાજ્ય સરકારે શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિમાં આમૂલ પરિવર્તન કર્યુ છે તે માટે કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા.

ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું કે, ભૂતકાળમાં ગુજરાતની છબિ કરફ્યુ કેપિટલ અને છાશવારે રમખાણો થતાં રાજ્યની હતી. હવે, રાજ્ય પોલીસે અદ્યતન ટેકનોલોજી, કૌશલ્યવર્ધનયુકત કર્મીઓની સમયબદ્ધ ભરતી, ગુજસિટોક જેવા કાનૂની ઢાંચાને નક્કર સમર્થનથી ગુજરાતને શાંત, સલામત, સુરક્ષિત અને વિકસિત રાજ્યની ઓળખ અપાવી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે રાજ્યના વિકાસમાં કાયદો વ્યવસ્થાની સંગીન સ્થિતિ અને લોકોની સુરક્ષાને પાયારૂપ ગણાવ્યા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહના દિશાદર્શનમાં ગુજરાત પોલીસ બિટ પોલીસિંગથી સ્માર્ટ પૉલીસિંગ તરફ સફળતાપૂર્વક આગળ વધી છે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પોલીસ દળના સાયબર આશ્વસ્ત, વિશ્વાસ પ્રોજેક્ટ, ૧૦ હજાર જવાનોને ૭૧ કરોડના ખર્ચે અપાનારા બોડીર્વોન કેમેરા જેવી સુવિધાઓથી રાજ્યના નાગરિકોની જાન-માલ સુરક્ષા, કાયદો વ્યવસ્થા જાળવણીમાં નવું બળ મળ્યું છે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.

ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. રાજીવકુમાર ગુપ્તા, પોલીસ મહાનિદેશક શ્રી આશિષ ભાટિયા, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી, સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ ગાંધીનગરથી સહભાગી થયાં હતાં. આ સાથે, સાણંદ ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલ તેમજ અમદાવાદ રેન્જ આઇ.જી., કલેકટર અને પોલીસ અધિક્ષક વગેરે કાર્યક્રમ સ્થળેથી આ વર્ચ્યુઅલ લોકાર્પણમાં જોડાયા હતા. ●

# 'સુરત જિલ્લાનું આઝાદીની લડતમાં યોગદાન' વિષયક પરિસંવાદ

ગુજરાત પ્રેસ અકાદમી અને પ્રાદેશિક માહિતી કચેરી, સુરતના સંયુક્ત ઉપક્રમે બારડોલીમાં 'સુરત જિલ્લાનું આઝાદીની લડતમાં યોગદાન' વિષયક પરિસંવાદ યોજાયો હતો. જેમાં જાણીતા ચિંતક, લેખક, શિક્ષણકાર શ્રી ડૉ. ભદ્રાયુ વછરાજાનીએ પોતાનું વકતવ્ય આપતાં જણાવ્યું હતું કે, આઝાદીનો અમૃત મહોત્સવ એ આઝાદી ઝંખતા અનેક નામી-અનામી લડવૈયાઓએ ઉછેરેલો આંબો છે, જેની મીઠી કેરીઓ આપણે ખાઈ રહ્યા છીએ. આપણા પૂર્વજોએ સીંચેલા આઝાદીરૂપી આંબાને જતન કરી કઠોર સંઘર્ષ બાદ મળેલી મહામૂલી આઝાદીના વારસાનું જતન કરવાની આપણી નૈતિક ફરજ છે. સુરત જિલ્લાને ગાંધીજી અને સરદાર પટેલના જીવનકવનમાંથી બાદ કરી શકાય એમ નથી એમ સ્પષ્ટપણે જણાવતાં વછરાજાનીએ ઉમેર્યું હતું કે, બારડોલી તાલુકાના અકોટી ગામના ભીખીબહેન પટેલે વલ્લભભાઈને સરદાર તરીકે સંબોધીને સરદારનું બિરુદ આપ્યું હતું, જેની ખુશી ગાંધીજીએ નવજીવનના અંકમાં લેખ લખીને વ્યક્ત કરી હતી. શ્રી નિરંજનાબહેન કલાર્થીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં કહ્યું કે, બારમી સદીમાં બદરીપલ્લી તરીકે ઓળખાતું બારડોલી નગર સરદાર પટેલની કર્મભૂમિ પણ છે. બારડોલીની ધરતી બોલી શકતી હોત તો કણ-કણમાંથી આઝાદીના સંઘર્ષની ગાથા સાંભળી શકાત.

આ પ્રસંગે સુરત જિલ્લા પત્રકારશ્રીઓ, માહિતી વિભાગના અધિકારી-કર્મચારીઓ, પ્રિન્ટ-ઇલેક્ટ્રોનિક મીડિયાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. ●



### શપથવિધિ પહેલાં ઉચ્ચસ્તરીય બેઠક કરીને પૂરગ્રસ્ત વિસ્તારનો તાગ મેળવ્યો

# સંકટ સમયે પ્રજાની પડખે ઊભા રહેતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



રાજ્યના સૌરાષ્ટ્ર વિભાગમાં સપ્ટેમ્બરના પ્રથમ પખવાડિયામાં થયેલા અનરાધાર વરસાદથી પૂરની સ્થિતિનું નિર્માણ થયું છે. આ સમયે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પોતાનો કાર્યભાર સંભાળ્યા પહેલાં પૂરમાં ફસાયેલ જામનગરનાં કેટલાંક ગામોના નાગરિકોને એરલિફ્ટ કરીને સલામત સ્થળે પહોંચાડવાની સૂચના આપી હતી. આ સૂચના બાદ યુધ્ધનાં ધોરણે બચાવ-રાહત કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી.

આ ઉપરાંત, મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યા બાદ તુરત જ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અધિકારીઓની ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. આ બેઠકમાં તેમણે રાજકોટ, જૂનાગઢ, જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના સમાહર્તાઓ સાથે તેમજ ડિઝાસ્ટર મેનેજમેન્ટના વરિષ્ઠ અધિકારીઓ સાથે રાહત અને બચાવ કામગીરી શરૂ કરવા સૂચના આપી હતી. તેમજ પૂરમાં ફસાયેલા નાગરિકોને બચાવવા માટેના અભિયાનને તેજ બનાવવા જણાવ્યું હતું. આ સાથે, તેમણે પૂરગ્રસ્ત વિસ્તારોની જાતમુલાકાત લઈને અસરગ્રસ્ત નાગરિકોને મળીને, આ સંકટ સમયે રાજ્ય સરકાર તેમની પડખે હોવાનો વિશ્વાસ આપ્યો હતો.




### મુખ્યમંત્રીશ્રીએ રાજકોટ જિલ્લાની મુલાકાત લઈ અસરગ્રસ્તો સાથે સંવાદ સાધ્યો

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભારે વરસાદથી અસરગ્રસ્ત રાજકોટ જિલ્લાના પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લઈને અસરગ્રસ્તો સાથે સંવાદ કરી કુદરતી આપત્તિના આ સમયમાં સરકાર તેમની પડખે છે તેવી હૈયાધારણા આપી હતી. ત્યાર બાદ તેમણે રાજકોટ કલેક્ટર કચેરીના સભાખંડમાં જિલ્લાના અધિકારીઓ સાથે બેઠક યોજી પ્રશાસન દ્વારા હાથ ધરાયેલ કામગીરીની








સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિત અધિકારીશ્રીઓ પાસેથી જિલ્લામાં થયેલા નુકસાનીની વિગતો મેળવી અસરગ્રસ્ત વિસ્તારોમાં નુકસાનીના સર્વેની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા તથા હવામાન વિભાગ દ્વારા આગામી બે દિવસ માટે જાહેર કરવામાં આવેલ 'રેડ' અને 'યલો' એલર્ટના પગલે વહિવટી તંત્રને 'સ્ટેન્ડ ટુ મોડ'માં રહી પરિસ્થિતિ ઉપર નજર રાખવા તાકીદ કરી હતી.

આ બેઠક બાદ માધ્યમો સાથેના સંવાદમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે કુદરતી આપત્તિના આ સમયમાં અધિકારી - પદાધિકારીઓએ પરસ્પરના સંકલન સાથે કરેલાં કાર્ય સરાહનીય છે. આ કપરા સમયમાં જિલ્લાના ગ્રામીણ વિસ્તારોના ૩૩૦૬ લોકોનું સ્થળાંતર કરાવવામાં આવ્યું હતુ, જે પૈકી ૨૭૩૩ જેટલા લોકો પોતાના ઘરે પરત ગયા. આ ઉપરાંત ૫૧૭ લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું.

મુખ્યમંત્રીશ્રીએ રાજકોટ જિલ્લામાં થઈ રહેલી કામગીરીની વિગતો આપતા કહ્યું કે, વરસાદના જે પાણી ભરાઈ ગયાં હતાં તે હવે ઓસરી ગયાં છે. જિલ્લાનાં ૮૨ જેટલા ગામોમાં વીજ પુરવઠાને અસર થઈ હતી, તેમાંથી હવે માત્ર ૩ ગામો જ પૂર્વવત્ થવાના બાકી છે. રાજકોટમાં જનજીવન જલદી ધબકતું થઈ જાય તે રીતે કાર્યવાહી થઈ રહી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે ઉપસ્થિત રાજકોટ જિલ્લાના સાંસદશ્રીઓ તેમજ ધારાસભ્યશ્રીઓએ રાજકોટ તેમજ પોરબંદર વિસ્તારમાં પ્રશાસન દ્વારા કરવામાં આવેલી કામગીરીને બિરદાવી હતી અને વરસાદ બાદ રોડ-રસ્તા, ખેતર, ઘરો અને જાનમાલની થયેલ નુકસાનીનો વહેલી તકે સર્વે પૂર્ણ કરી અસરગ્રસ્ત લોકોને જરૂરી સુવિધા પૂરી પાડવા સૂચન કરાયું હતું.

## રાજકોટમાં થયેલી કામગીરી અંગે મુખ્યમંત્રીશ્રીને વાકેફ કરાયા

મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકમાં કલેકટર શ્રી અરુણ મહેશ બાબુ, મ્યુનિસિપલ કમિશનર શ્રી અમિત અરોરા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેવ ચૌધરી, રિજિયોનલ મ્યુનિસિપલ કમિશનર દ્વારા રાજકોટ શહેર તેમજ ગ્રામ્યમાં વરસાદ પહેલાં, દરમ્યાન તેમજ ત્યારબાદ લોકોનું સલામત સ્થળે કરવામાં આવેલું સ્થળાંતર, બચાવ, રાહત, પાણીના નિકાલ અર્થે કરવામાં આવેલી કામગીરીની માહિતી પૂરી પાડી હતી. પોલીસ કમિશનર શ્રી મનોજ અગ્રવાલ, રેન્જ આઈજી શ્રી સંદીપસિંહ અને જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી બલરામ મીનાએ કુદરતી આફત સમયે પોલીસ દ્વારા બચાવ, રોડ ડાયવર્ઝન સહિતની કરવામાં આવેલી કામગીરીની માહિતી મુખ્યમંત્રીશ્રીને પૂરી પાડી હતી. આ તકે મુખ્ય સચિવશ્રી પંકજકુમારે ઉપસ્થિત અધિકારીશ્રીઓને માર્ગદર્શન પૂરૂં પાડયું હતું.

મુખ્યમંત્રીશ્રી સાથે આયોજિત સમીક્ષા બેઠકમાં મેયર ડૉ. પ્રદીપ ડવ, સાંસદ સભ્યો સર્વશ્રી શ્રી મોહનભાઈ કુંડારિયા, રામભાઈ મોકરિયા, રમેશભાઈ ધડુક, ધારાસભ્ય સર્વશ્રી ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠિયા, રાજકોટ શહેર પ્રમુખશ્રી કમલેશ મિરાણી, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભૂપતભાઈ બોદર, અગ્રણીઓશ્રી મનસુખભાઈ ખાચરિયા, મનીષભાઈ ચાંગેલા, પી.જી.વી.સી. એલ.ના એમ. ડી. શ્રી ધીમંત વ્યાસ સહિત વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વાગુદડ ગામના અસરગ્રસ્ત પરિવારોની મુલાકાત લેતા મુખ્યમંત્રીશ્રી

સૌરાષ્ટ્રમાં ભારે વરસાદને પગલે અસરગ્રસ્ત એવા જામનગર જિલ્લાની મુલાકાત લીધા બાદ, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજકોટ ખાતે ભારે વરસાદથી અસરગ્રસ્ત થયેલા વિસ્તારની પણ મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીશ્રી પટેલે અસરગ્રસ્ત થયેલા વાગુદડ ગામનાં અસરગ્રસ્ત પરિવારોની રૂબરૂ મુલાકાત લીધી હતી. અહીં મુખ્યમંત્રી શ્રી પટેલે તેઓની સાથે સીધો સંવાદ કરી તેમને થયેલા નુકસાનનો કયાસ કાઢયો હતો.

આ તકે મુખ્યમંત્રીશ્રી પટેલે અસરગ્રસ્ત પરિવારોની વેદનાને જાણી તેઓ પ્રત્યે સંવેદના વ્યકત કરતાં રાજય સરકાર દ્વારા તમામ પ્રકારની મદદની હૈયાધારણ આપી હતી. આ તકે તેઓએ વાગુદડ ગામના રહીશ એવા વિરમભાઇ પુંજાભાઈ મોડેદરાના પરિવાર કે

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જામનગર જિલ્લાની મુલાકાત લીધી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભારે વરસાદથી અસરગ્રસ્ત-પૂરગ્રસ્ત થયેલા જામનગર જિલ્લાના પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લઈને અસરગ્રસ્તોને મદદરૂપ થવા સંવાદ કરી અસરગ્રસ્તોના આંગણે જઈને સમગ્ર સરકાર આપની સાથે છે તેવી હૈયાધારણા આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જામનગર જિલ્લાના અસરગ્રસ્ત થયેલા ધુંવાવ ગામ, મહાપ્રભુજી બેઠક વિસ્તાર તથા લાલપુર રોડ પરના આશીર્વાદ સોસાયટી વિસ્તારની મુલાકાત લઈ અસરગ્રસ્તોને થયેલી અસર અંગેનો કયાસ કાઢી જામનગર ખાતે કલેક્ટર કચેરીના સભાખંડમાં જામનગર જિલ્લાના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.


આ બેઠક બાદ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, સમગ્ર સરકાર અસરગ્રસ્તોની સાથે છે. સરકારના સ્થાનિક તંત્ર

જેઓ હોસ્પિટલમાં દાખલ થતા દર્દીઓને ટિફિનની સેવા આપી રહ્યા છે, તેઓની મુલાકાત પણ લીધી હતી તથા તેમના રહેણાકમાં થયેલ નુકસાની અંગે જાત મુલાકાત બાદ તેઓને સાંત્વના સાથે તમામ મદદની હૈયાધારણા આપી હતી.

મુલાકાત લઈ અસરગ્રસ્તોને થયેલી અસર અંગેનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજકોટ કલેકટર કચેરીના સભાખંડમાં જિલ્લાના પદાધિકારીઓ અને અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.

આ પ્રસંગે સાંસદ સર્વશ્રી મોહનભાઈ કુંડારિયા, રમેશભાઈ ધડુક, રામભાઈ મોકરિયા, ધારાસભ્યો સર્વ શ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી લાખાભાઈ સાગઠિયા, મેયર શ્રી પ્રદીપભાઈ ડવ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભૂપતભાઈ બોદર, શ્રી કમલેશભાઈ મીરાણી, શ્રી મનસુખભાઈ ખાચરિયા, કલેકટર શ્રી અરુણ મહેશબાબુ, ડી.ડી.ઓ શ્રી દેવ ચૌધરી, મ્યુનિસિપલ કમિશનર શ્રી અમીત અરોરા, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી બલરામ મીના તથા અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.





દ્વારા લોકોને બચાવવા માટે કરવામાં આવેલી ત્વરિત કામગીરીની વિગતો આપતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, જામનગર જિલ્લાનાં ૪૪૭ ગામોમાં ભારે વરસાદની અસર પહોંચી છે. સમગ્ર જિલ્લાની ટીમને કપરી કામગીરી સરળતાથી બજાવવા બદલ અભિનંદન આપી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, નુકસાનીના સર્વે માટે સ્થાનિક ઉપરાંત બહારના જિલ્લાઓમાંથી પણ ટીમોને બોલાવવા સૂચના આપવામાં આવી છે. હકારાત્મક અભિગમ દાખવીને સાચો રહી ન જાય અને ખોટો લઈ ન જાય એ રીતે સર્વેની કામગીરી હાથ ધરવા માર્ગદર્શન આપ્યું છે.

આ સમયમાં પ્રજાની પડખે ઊભા રહેવાનું દાયિત્વ નિભાવવા માર્ગદર્શિત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જામનગર જિલ્લામાં થઈ રહેલી કામગીરીની વિગતો આપતાં કહ્યું કે જિલ્લામાં કુલ ૪,૭૬૦ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાયું છે. ૧૪૪ લોકોને NDRF, SDRF તેમજ એરફોર્સ દ્વારા રેસ્ક્યૂ કરી બચાવવામાં આવ્યા છે. ૪૬ ટીમો સર્વે માટે હાલ કાર્યરત છે. સૌરાષ્ટ્રમાં મોસમનો ૮૦% વરસાદ પડી ચૂક્યો છે. જિલ્લાના ૮૪ ગામોમાં વીજ પુરવઠાને અસર થઈ હતી. તાત્કાલિક કામગીરી હાથ ધરીને ૧૦૦% ગામોમાં વીજળી મળે તે રીતે કામગીરી કરવા સૂચના આપી છે. મૃત પશુ નિકાલ અને સફાઈ માટે જરૂર પડ્યે બહારની ટીમ બોલાવવા સૂચના આપવામાં આવી છે તેમજ રસ્તાઓ ખુલ્લા કરવા કામગીરી થઈ રહી છે.



મુખ્યમંત્રીશ્રીની સાથે શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા, સાંસદ શ્રી પૂનમબહેન માડમ, ધારાસભ્ય શ્રી રાઘવજી પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ધરમશી ચનીયારા, મેયર શ્રીમતી બીનાબહેન કોઠારી, મુખ્ય સચિવશ્રી પંકજકુમાર, જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. સૌરભ પારઘી, કમિશનર શ્રી વિજય ખરાડી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી મિહિર પટેલ સહિતના અધિકારીઓ, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## ધુંવાવ ગામમાં અસરગ્રસ્તોની સાથે સંવાદ કરતાં મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભારે વરસાદથી સૌથી વધુ અસર પામેલા જામનગરના ધુંવાવ ગામની મુલાકાત લઈ ગ્રામજનો સાથે વાતચીત કરી વરસાદથી તેમને થયેલા નુકસાનની વિગતો ગ્રામજનો સાથે સંવેદનાપૂર્વક પ્રત્યક્ષ સાંભળીને મેળવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ અસરગ્રસ્તોને રાજ્ય સરકાર દ્વારા મળવાપાત્ર તમામ મદદની ખાતરી આપતાં કહ્યું કે, કોઈ અસરગ્રસ્ત સહાયથી વંચિત ન રહી જાય અને અગાઉ કરતા પણ તે સૌનું જીવન બહેતર બને તે માટે સરકાર પ્રયત્નશીલ રહેશે. ●



## અલિયાબાડા-વિજરખી રોડ માત્ર ૧૨ કલાકમાં કાર્યરત કરાયો

*જામનગર જિલ્લામાં અતિભારે વરસાદના કારણે અનેક માર્ગ અને પુલોનું ધોવાણ થયું છે, ત્યારે માર્ગ અને મકાન વિભાગ દ્વારા દરેક બ્લોક થયેલ રસ્તા અને પુલોને આપાતકાલીન રિપેરિંગ કરી આવાગમન માટે પૂર્વવત્ કરવાની કામગીરી તાકીદે હાથ ધરાઈ હતી. જાંબુડા પાટિયા-અલીયાબાડા-વિજરખી રોડ કે જે બે સ્ટેટ હાઈવે રાજકોટ-જામનગર અને કાલાવડને જોડતો રોડ છે. તેમાં અલિયાબાડા ગામ પાસેના રૂપારેલ બ્રિજ પરથી પાણીના ભારે વહેણના કારણે બ્રિજ અને રસ્તાનું ધોવાણ થઈ ગયું હતું. જેથી અલિયા અને બાડા ગામ બન્ને વિખૂટા પડી ગયેલાં હતાં, સાથે જ પંચાયતના ગ્રામ વિસ્તારના રોડ પર પણ પાણી ફરી વળતાં રસ્તો બંધ થયેલો હતો. જે રસ્તાને આવાગમન માટે પુનઃ ચાલુ કરવા તાત્કાલિક ધોરણે માર્ગ અને મકાન વિભાગ દ્વારા કામગીરી હાથ ધરાઈ હતી.*



*માત્ર ૧૨ કલાકમાં જ આપાતકાલીન રિપેરિંગ થકી માટીકામ કરી રસ્તાને આવાગમન માટે પુનઃ ચાલુ કરી દેવામાં આવ્યો હતો, સાથે જ કાયમી રિપેરિંગ કરવા માટે કોંક્રિટના હેડવોલ, વેરિંગ કોટ, ક્રેસ બેરિયર માટે દરખાસ્ત પણ મૂકી દેવાઈ.* ●

## વડાપ્રધાનશ્રીએ સરદારધામનું કર્યું લોકાર્પણ

# સરદારધામ બનશે શૈક્ષણિક પ્રવૃત્તિઓથી ધમધમતુ કેન્દ્ર

અમદાવાદના વૈષ્ણોદેવી મંદિર પાસે નવનિર્મિત સરદારધામના લોકાર્પણ અને કન્યા છાત્રાલયના ભૂમિપૂજન પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલ સંબોધનમાં જણાવ્યું હતું કે, એકવીસમી સદીમાં ભારત પાસે ગ્લોબલ લીડર તરીકે ઊભરવાનો અવસર છે અને કેન્દ્ર સરકાર આ અવસરોના સંદર્ભમાં જ નીતિ-ઘડતરનું કાર્ય કરી રહી છે. તેમણે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો સંદર્ભ આપતાં કહ્યું કે, સ્પર્ધાત્મક જગતમાં ભાવિ પડકારોને પહોંચી વળવા ભારતે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં કૌશલ્યવર્ધનને વધુ પ્રાધાન્ય આપ્યું છે અને તેના પરિણામસ્વરૂપે ભારતની નવી પેઢી વાસ્તવિકતાઓનો સામનો કરવા માટે તૈયારી કરશે.

વડાપ્રધાનશ્રીએ, ગણેશોત્સવના પર્વ સમયે જ સરદારધામ ભવનનો શુભારંભ થઈ રહ્યો હોવાની ખુશી વ્યક્ત કરી હતી. તેમણે સૌને ગણેશચતુર્થી, ગણેશ મહોત્સવ અને ઋષિપંચમી તેમજ ક્ષમાવાણી દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે માનવજાતની સેવા કરવાની દિશામાં સરદારધામ ટ્રસ્ટ સાથે સંકળાયેલા તમામ સભ્યોના સમર્પણભાવની પ્રશંસા કરી હતી. તેમણે પાટીદાર સમાજના યુવાનોના સશક્તીકરણ માટે તેમજ ગરીબ અને ખાસ કરીને મહિલાઓના ઉત્કર્ષ પર આપવામાં આવી રહેલા વિશેષ મહત્ત્વની પ્રશંસા કરી હતી.

આ કાર્યક્રમમાં વડાપ્રધાનએ કહ્યું કે, જે છાત્રાલયની સુવિધાનું ઉદ્ઘાટન કરવામાં આવી રહ્યું છે તે સંખ્યાબંધ છોકરીઓને જીવનમાં પ્રગતિ કરવામાં મદદરૂપ થશે. પોતાની રીતે શ્રેષ્ઠ ભવન, કન્યા છાત્રાલય અને આધુનિક પુસ્તકાલય યુવાનોને વધુ સશક્ત બનાવશે. ઉદ્યમશીલતા વિકાસ કેન્દ્ર ગુજરાતની મજબૂત વ્યવસાયિક ઓળખને વધુ સુદૃઢ બનાવશે અને નાગરિક સેવા કેન્દ્ર નાગરિક, સંરક્ષણ તેમજ ન્યાયિક સેવાઓમાં કારકિર્દી ઘડવામાં રસ ધરાવતા યુવાનોને નવી દિશા આપશે. સરદારધામ ફક્ત દેશના ભવિષ્યનું નિર્માણ કરવા માટેની એક ઇમારત નહીં રહે પરંતુ તેનાથી આવનારી પેઢીઓને સરદાર સાહેબના આદર્શો અનુસાર જીવવાની પ્રેરણા પણ પ્રાપ્ત થશે.

તેમણે ટિપ્પણી કરી હતી કે, આજે 11 સપ્ટેમ્બર છે અને આજનો દિવસ વિશ્વના ઇતિહાસમાં એક એવી તારીખ છે જ્યારે સમગ્ર માનવજાત પર પ્રહાર થયો હતો. પરંતુ, આ તારીખે આખી દુનિયાને ઘણું શીખવ્યું પણ છે! એક સદી પહેલાં 11 સપ્ટેમ્બર, 1893 ના દિવસે જ, શિકાગોમાં વિશ્વ ધર્મ સંસદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવસે જ સ્વામી વિવેકાનંદે વિશ્વ મંચ પર ઊભા રહીને દુનિયાને ભારતના માનવીય મૂલ્યોથી પરિચિત કરી હતી. આજે દુનિયાને સમજાઈ ગયું છે કે, 9/11 જેવી દુર્ઘટનાનો







કાયમી ઉકેલ માત્ર આ માનવીય મૂલ્યો દ્વારા જ આવી શકશે.

વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, આજે 11 મી સપ્ટેમ્બરના રોજ બીજો એક મોટો પ્રસંગ છે - ભારતના મહાન વિદ્વાન, દાર્શનિક અને સ્વાતંત્ર્ય સેનાની 'સુબ્રમણ્ય ભારતી'ની 100 મી પુણ્યતિથિ આજના દિવસે જ છે. સરદાર સાહેબે જે એક ભારત, શ્રેષ્ઠ ભારતની કલ્પના કરી હતી તે મૂળ વિચાર મહાકવિ ભારતીના તમિલ લખાણોમાં સંપૂર્ણ દિવ્યતા સાથે ઝળકી ઊઠે છે. સુબ્રમણ્ય ભારતીએ સ્વામી વિવેકાનંદ પાસેથી પ્રેરણા લીધી હતી અને શ્રી અરવિંદથી તેઓ ઘણા પ્રભાવિત હતા. ભારતી કાશીમાં રહેતા હતા ત્યારે તેમણે પોતાના વિચારો અને નવી ઊર્જાને નવી દિશા આપી હતી. વડાપ્રધાનશ્રીએ બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં 'સુબ્રમણ્ય ભારતીજીના નામથી ચેર શરૂ કરવાની જાહેરાત પણ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, BHUમાં આર્ટ્સ વિદ્યાશાખામાં તમિલ અભ્યાસ માટે 'સુબ્રમણ્ય ભારતી ચેર'ની સ્થાપના કરવામાં આવશે.

વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, સમાજના જે વર્ગો પાછળ રહી ગયા છે તેમને આગળ લાવવા માટે અવિરત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આજે એક તરફ દલિતો અને સામાજિક રીતે પછાત રહી રહેલા લોકોના અધિકારો પર કામ કરવામાં આવી રહ્યું છે તો, બીજી તરફ આર્થિક રીતે પછાત લોકોને 10% અનામત આપીને તેમને મદદ કરવામાં આવી રહી છે. આવા પ્રયાસોથી સમાજમાં એક નવા આત્મવિશ્વાસનું નિર્માણ થઈ રહ્યું છે.

વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ વિદ્યાર્થીઓને પ્રારંભિક તબક્કેથી જ બજારમાં આપણા યુવાનો પાસેથી અપેક્ષા રાખવામાં આવતાં કૌશલ્યો માટે તેમને તૈયાર કરશે. 'કૌશલ્ય ભારત મિશન' પણ દેશ માટે હાલમાં ઘણી મોટી પ્રાથમિકતા છે. આ મિશન અંતર્ગત લાખો યુવાનોએ વિવિધ કૌશલ્યો શીખવાની તક મેળવી છે અને તેઓ સ્વાવલંબી બની રહ્યા છે. રાષ્ટ્રીય એપ્રેન્ટિસશિપ પ્રોત્સાહન યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને તેમની આવકમાં વધારો કરવાની તક મળી રહી છે અને સાથે સાથે કૌશલ્ય વિકાસ હેઠળ તેમનું કૌશલ્ય પણ વધારે ખીલવવાની તક મળી રહી છે.





આ અવસરે પ્રાસંગિક ઉદબોધનમાં પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતની વિકાસયાત્રામાં પાણીદાર સમાજ એટલે કે પાટીદાર સમાજે બહુમૂલ્ય યોગદાન આપ્યું છે. આ અવસરે સરદાર સાહેબને યાદ કરતા કહ્યું કે, સરદારે ચીંધેલા માર્ગ પર રાષ્ટ્ર ઘડતર માટે કાર્ય સરદારધામ કરી રહ્યું છે, તેનો આનંદ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા બનાવી ઊંચા માનવીને સાચી અંજલી આપી છે. આ પ્રસંગે પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જય સરદારના નારા સાથે પ્રાસંગિક ઉદબોધનનો પ્રારંભ કરતા કહ્યું કે, દેશની એકતા અને અંખડિતતા એ સરદાર સાહેબનું સપનું હતું, તેને સાકાર કરવા માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી રાત-દિવસ મહેનત કરી રહ્યા છે.

કેંદ્રીયમંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ કહ્યં કે, પાટીદાર સમાજે શૈક્ષણિક સંકુલ, સમૂહલગ્ન અને સામૂહિક વિકાસકાર્યો દ્વારા વડાપ્રધાનશ્રીના સંકલ્પથી સિદ્ધિના વિચારને મૂર્તિમંત કર્યો છે. શ્રી મનસુખભાઈએ કહ્યું કે, સંકલ્પ કરીને તેને સિદ્ધ કરવો એ પાટીદાર સમાજનો સ્વભાવ છે.

કેંદ્રીયમંત્રી શ્રી અનુપ્રિયા પટેલે પણ પ્રાસંગિક ઉદબોધનમાં કહ્યુ કે, પાટીદાર સમાજ માટે ખાસ અવસર છે. આ પરંપરાની શૃંખલામાં વધુ એક કડી ઉમેરાઈ છે. કારણ કે છેલ્લાં સાત વર્ષોમાં પાટીદાર સમાજના અનેક કાર્યક્રમમાં ઉપસ્થિત રહી છું. પાટીદાર એ સમાજના સશક્તીકરણમાં પોતાનું યોગદાન આપતો રહ્યો છે.

ઉચ્ચ અભ્યાસ અર્થે આવતા દીકરાઓને રહેવા-જમવાની વ્યવસ્થા પરવડે તેવા દરે ઉપલબ્ધ થાય, એવા ઉમદા હેતુ સાથે સરદારધામ દ્વારા કુમાર અને કન્યા છાત્રાલયનું કાર્ય પૂર્ણ કરી સમાજને લોકાર્પણ કરવાનું સ્વપ્ન સાકાર કરવાનું લક્ષ્ય છે. સરદારધામના પાંચ ભવન પૈકી બે ભવનમાં ૧૦૦૦ દીકરાઓ રહી શકે તેવું કુમાર છાત્રાલય, બે ભવનમાં ૧૦૦૦ દીકરીઓ રહી શકે તેવું કન્યા છાત્રાલય અને વચ્ચેના સમાજસેતુ ભવનમાં યુ.પી.એસ.સી/જી.પી.એસ.સી તાલીમ કેન્દ્ર, મહેસૂલ માર્ગદર્શન, કાનૂન માર્ગદર્શન કેન્દ્ર જેવી સમાજ ઉપયોગી પ્રવૃતિ કરવાનો મૂળભૂત હેતુ છે.

### યુ.પી.એસ.સી અને જી.પી.એસ.સી તાલીમ કેન્દ્ર

સરદારધામ દ્વારા અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, સુરત, ઊંઝા, બરોડા અને ભાવનગરની સમાજની સંસ્થાઓ સાથે એમ.ઓ.યુ કરીને યુ.પી.એસ.સી અને જી.પી.એસ.સી તાલીમ કેંદ્રો શરૂ કરવામાં આવ્યાં છે. આ તાલીમ કેંદ્રનો ૫૦% ખર્ચ જે તે સંસ્થા દ્વારા તેમજ ૫૦% ખર્ચ સરદારધામ દ્વારા આપવામાં આવે છે. આ તાલીમ કેંદ્રના પારદર્શક વહીવટ માટે સાથે સરકારમાંથી નિવૃત થયેલા સફળ અને યોગ્ય દિશાસૂચન કરી શકે તેવા આઈ.એ.એસ અધિકારીઓની નિયુક્તિ કરવામાં આવી છે. એક સામાન્ય પરિવારનો દીકરો કે દીકરી સ્પર્ધાત્મક પરીક્ષાની પ્રિલિમ પરીક્ષાથી લઈને છેક ઈન્ટવ્યૂ સુધી તાલીમ અને માર્ગદર્શન વિનામૂલ્યે મેળવી શકે તે પ્રકારે અહીં સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે.●



# આધુનિક ગુજરાતના આર્ષદૃષ્ટા શ્રી નરેન્દ્રભાઇ મોદી

દરેક વ્યક્તિ માટે પોતાનો જન્મદિવસ અગત્યનો હોય છે. જો કે, કેટલીક વ્યક્તિ એવી હોય છે જેના જન્મદિવસની ઉજવણી સમગ્ર દેશ કરતું હોય છે. આપણા લોકલાડિલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી એવી વિરલ વિભૂતી છે જેમને ગુજરાત સહિત સમગ્ર દેશની જનતાએ 71મા જન્મ દિવસે સ્વસ્થ, તંદુરસ્ત રહી લાંબુ આયુષ્ય ભોગવે તેવી હૃદયપૂર્વકની શુભેચ્છા પાઠવી છે.

સૌથી લાંબા દરિયા કિનારે આવેલાં બંદરોનો વિકાસ, નાનાં બંદરોને પણ વિકસાવવાની નેમ ઉપરાંત ડ્રાય પોર્ટ, મુંબઇ અમદાવાદ કોરિડોર, હેરિટેજ સાઇટ્સ, વિવિધ ધર્મસ્થાનેને માર્ગોથી જોડી ટુરિઝમ સરકિટ ઊભી કરવું આવા તો કેટલાંક સ્વપ્ન તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નિહાળ્યાં અને તેને વાસ્તવિક બનાવવા અથાક પ્રયાસો કર્યાં. એક રીતે કહીએ તો આધુનિક ગુજરાતના આર્ષદૃષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ છે.

આજે બે દાયકા પહેલાના અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરતની તુલનામાં આ પ્રમુખ શહેરોનો નેત્રદીપક વિકાસ ગુજરાત સરકારના મિશન અને વિઝનની સાબિતી પૂરે છે. આજે પણ વડાપ્રધાનશ્રીના નકશેકદમ ઉપર જ રાજ્ય સરકાર દસેય દિશાઓમાં વિકાસના નવા લક્ષ્યાંકને આંબી રહી છે. વિકાસમાં જન જનને સામેલ કરવાની વડાપ્રધાનશ્રીની દીર્ઘદષ્ટીથી આજે ગુજરાત વૈશ્વિક ફલક ઉપર અગ્રેસર છે. ગુજરાતનો ખૂણેખૂણો તેની વિશેષ ખૂબીને ઉજાગર કરી રહેવા, જાણવા અને માણવા લાયક ગુજરાત તરફ સમગ્ર વિશ્વને આકર્ષિત કરી રહ્યું છે. તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું પ્રદાન અતુલ્ય છે. ગુજરાતની આજની વૈશ્વિક છબી તેમની પરિણામલક્ષી કાર્યો અને સુનિયોજિત અમલીકરણથી સફળતાપૂર્વક વાસ્તવિકરૂપ આપવાના સુભગ પ્રયાસોનું સુફળ છે.

ગુજરાતને વિશ્વનું પ્રવાસનનું નજરાણું બનાવવાના શ્રી નરેન્દ્રભાઇ મોદીના સ્વપ્નને તેમણે મુખ્યમંત્રી બન્યા ત્યારથી સાકાર કરવું શરૂ કર્યું હતું. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હાથ ધરેલા મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટ્સ આજે રાજયમાં યશકલગી બની શોભી રહ્યાં છે.

## સરદાર સરોવર બંધ બન્યો રાજ્યની જીવાદોરી

શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વડાપ્રધાન પદે આરૂઢ થયાના ૧૭મા દિવસે જ નર્મદા ડેમ પર દરવાજા મૂકવાની મંજૂરી આપી દીધી હતી. ગુજરાતને ક્યારેય પાણીની હાડમારી વેઠવી ન પડે તે માટે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલી મંજૂરી બાદ તત્કાલિન મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે પણ યુદ્ધના ધોરણે દરવાજા મૂકવાનું કામ કર્યું. આજે નર્મદા ડેમ ગુજરાતની જીવાદોરી બન્યો છે. આ બધું માત્રને માત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદષ્ટિને આભારી છે. વડાપ્રધાન પદે નરેન્દ્રભાઈ મોદી આરૂઢ થયા બાદ ગુજરાત માટે મોસાળે જમણ અને મા પીરસનાર જેવો અદભુત માહોલ રચાયો છે.



## સ્ટેચ્યૂ ઓફ યુનિટી


ભારતના લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને યથોચિત આદરાંજલિ આપી તેમની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા કેવડિયાના સાધુ બેટ પર પ્રસ્થાપિત કરવાનું શ્રેય વડાપ્રધાનશ્રીને ફાળે જાય છે. આ બેનમૂન સ્થાપત્યએ ગુજરાતને વૈશ્વિક ફલક ઉપર મૂકી દીધું છે. ગુજરાતના કેવડિયા કોલોની ખાતે આવેલી સરદાર પટેલની પ્રતિમા 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી'ને 'ટાઈમ' મેગેઝિને દુનિયાના 100 પ્રસિદ્ધ સ્થળોની યાદીમાં સામેલ કર્યુ છે.





આ સ્મારક સપાટીથી 182 મીટર અને નર્મદા નદીથી 240 મીટર ઊંચું છે. વલ્લભભાઈ પટેલ સ્મારકની પ્રતિમા નર્મદા ડેમની સામે બાંધવામાં આવી છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે બટર ફલાય ગાર્ડ, એકતા મોલ, જંગલ સફારી, કેક્ટસ ગાર્ડન, સહિતના અનેક પ્રકલ્પોને ખુલ્લા મૂકવામાં આવ્યા છે, જે આકર્ષણનું કેંદ્ર બન્યા છે. અહીં વિશ્વ વનમાં સાત ખંડની ઔષધિ વનસ્પતિ, છોડ તથા વૃક્ષો છે, જે વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં વિવિધતામાં એકતાની ભાવનાને સાકાર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ જંગલનું નિર્માણ એ રીતે કરવામાં આવ્યું છે કે મુલાકાતીને જે-તે ઝોનના કુદરતી જંગલની જ અનુભૂતિ થાય છે. તો એકતા નર્સરી આ નર્સરીના પ્રારંભ પાછળ નરેન્દ્ર મોદીનો ઉદ્દેશ એવો છે કે જ્યારે પણ મુલાકાતીઓ અહીંથી પાછા જાય ત્યારે તેઓ આ નર્સરીમાંથી ‘પ્લાન્ટ ઓફ યુનિટી’નામે એક રોપો લઈ જાય.

બટરફલાય ગાર્ડન-સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે મુલાકાતીઓ કુદરતની સુંદર અને રંગબેરંગી રચનાને જોઈ શકે, માણી શકે એ માટે ખૂબ જ વિચારપૂર્વક તેનું નિર્માણ કરાયું છે. વિદેશોમાંથી પણ 50થી વધુ પ્રજાતિનાં પતંગિયાં લવાયાં છે. જેના પગલે વન વિભાગે 6 એકરમાં ફેલાયેલા આ વિશાળ ઉદ્યાનમાં 45 જાતિના છોડ અને 38 પ્રજાતિનાં પતંગિયાં જોવા મળે છે. કેક્ટસ ગાર્ડનમાં થોરની અલગ અલગ પ્રજાતિ જોવા મળે છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટિ સમક્ષ સેલ્ફી લેવી પણ પ્રવાસીઓ માટે એક લહાવો છે. અહીં સુધી પહોંચવા રેલવેની સેવા પણ શરૂ કરવામાં આવી છે. માત્ર ત્રણ જ વર્ષમાં કરોડો પ્રવાસીઓને આકર્ષનાર સ્ટેચ્યૂ ઓફ યુનિટી દેશનાં પ્રમુખ આકર્ષણોમાં તાજમહાલ જેવા ઐતિહાસિક સ્થળો સાથે સામેલ થયું છે. સાથેસાથે ભારતના ઘડવૈયા તરીકે આજે વધુ ગૌરવ પ્રદાન કરવાનું કામ આપણે કર્યું છે.



## સૌની યોજના

ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન શ્રી નરેન્દ્રભાઈએ હાથ ધરેલા વિવિધ વિકાસકામો અને મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટો આજે સાડા છ કરોડ ગુજરાતીઓ માટે સંજીવની સાબિત થઈ રહ્યા છે. સૌરાષ્ટ્રની જળ સમસ્યાને કાયમી દેશવટો આપવા માટે વર્ષ ૨૦૧૨માં શ્રી નરેન્દ્રભાઈએ દૂરંદેશી સાથે સૌની યોજના શરૂ કરી હતી. આજે જ્યારે ગુજરાત અપૂરતા વરસાદના કારણે દુષ્કાળની ગર્તામાં ધકેલાઈ રહ્યું છે ત્યારે સૌની યોજના સંજીવની બની સૌરાષ્ટ્રવાસીઓની તરસ છિપાવવા સક્ષમ બની ગઈ છે.

ભૌગોલિક દૃષ્ટિએ ઊંધી રકાબી જેવો આકાર ધરાવતા અને કાયમી ધોરણે પાણીની કારમી કટોકટી ભોગવતા સૌરાષ્ટ્ર માટે નપાણિયાનું મેણું ભાંગે તે માટે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વર્તમાન લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાની દૂરંદેશી વાપરી સૌરાષ્ટ્રના ૧૧૫ નાના-મોટા ડેમોને નર્મદાના નીરથી ભરી દેવા માટે સૌની યોજનાનો આરંભ

કરાવ્યો હતો. સૌની યોજના સંજીવની બની લોકોની પ્યાસ બુઝાવવા સક્ષમ બની છે. સૌની યોજના સૌરાષ્ટ્રને જળ કટોકટીમાંથી સુપેરે ઉગારી લેતી સંજીવની બની છે. આજે સૌરાષ્ટ્રનો ખેડૂત આ યોજનાથી બેથી વધુ પાક લઈને ખમતીધર થયો છે. વડાપ્રધાનશ્રીના 2022 સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના સ્વપ્નને સાકાર કરવામાં સૌની યોજના મહત્ત્વપૂર્ણ ભાગ ભજવી રહી છે તેવું કહેવામાં જરાય અતિશયોક્તિ જેવું નથી.

## સુજલામ્ સુફલામ્ યોજના

જળ જીવનનું અમૃત છે, તે જીવનનું સવિશેષ આવશ્યક તત્ત્વ છે, એક એવું તત્ત્વ જેનાથી જીવન પાંગર્યું હતું અને જેના વગર જીવન અશક્ય છે પરંતુ દુર્ભાગ્યવશ, તે હંમેશાં શુદ્ધરૂપમાં અને દરેક સ્થળે ઉપલબ્ધ હોતું નથી. આ જ કારણસર વિશ્વસનીય અને પોષણક્ષમ સિંચાઇ સુવિધાઓ હંમેશાં આંતરમાળખાકીય વિકાસના ભાગરૂપે અત્યંત આવશ્યક છે. જળ આવશ્યક માત્રામાં ઉપલબ્ધ ન હોવાના કારણે તેનું સંરક્ષણ અને સંવર્ધન ખૂબ જ મહત્ત્વનું બન્યું છે. સુજલામ્ સુફલામ્ યોજના દ્વારા જળ સંરક્ષણ અને સંવર્ધનની પરિકલ્પના શ્રી નરેન્દ્રભાઇ મોદીની જ દેન છે. સિંચાઇ કેનાલ મારફતે વરસાદી પાણીને જમીનમાં ઉતારી ભૂગર્ભ જળ ઊંચાં લાવવા ઉપરાંત ઉત્તર ગુજરાતમાં સિંચાઇનું પાણી વિવિધ ડેમ થકી પૂરું પાડવાની નેમ તેમણે યોજના થકી જ પૂર્ણ કરી છે. આજે ઉત્તર ગુજરાતનો ખેડૂત માત્ર જીરું જ નહીં અન્ય બાગાયાતી પાકો લઇને સમૃદ્ધ થઈ રહ્યો છે. સવિશેષ ઉત્તર ગુજરાતને આવરી લઈ સંપૂર્ણ પ્રદેશ તેમજ કચ્છને સમૃદ્ધ કરી નપાણિયા મનાતા આ પ્રદેશને પાણીદાર અને કસદાર કૃષિનો પ્રદેશ બનાવવાની શ્રી નરેન્દ્રભાઇ મોદીની કલ્પના આજે વાસ્તવિક સ્વરૂપ ધરી ચૂકી છે.









## વનબંધુ કલ્યાણ યોજના

વડાપ્રધાનશ્રીએ સર્વસમાજના ઉત્કર્ષનો નિર્ધાર કર્યો છે. વર્ષ 2007માં ગુજરાત રાજ્યના આદિજાતિ વિસ્તારના લોકોનો આર્થિક, સામાજિક તેમજ અન્ય તમામ સ્તરે વિકાસ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા ૧૦ મુદ્દા કાર્યક્રમ "વનબંધુ કલ્યાણ યોજના" એપ્રિલ-૨૦૦૭થી શરૂ કરવામાં આવ્યો છે. ગુજરાત રાજયમાં હાલમાં થઇ રહેલ વિકાસને ધ્યાને લેતાં આદિજાતિ વિસ્તારોમાં પણ ખૂબ જ ઉચ્ચ ગુણવત્તા ધરાવતી આરોગ્ય, રસ્તા, શિક્ષણ, સિંચાઇ સહિતની વિકાસલક્ષી સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. જેથી અન્ય વિકાસશીલ વિસ્તારને સમકક્ષ આદિજાતિ વિસ્તારને પણ લાવી શકાય. રાજયના લાંબા ગાળાના સમતોલ વિકાસ માટે આ ખૂબ જ જરૂરી છે.

## 'આધુનિક' હેરિટેજ સિટી અમદાવાદ

અમદાવાદને વર્લ્ડ હેરિટેજ સિટીનો દરજ્જો મળ્યો છે. આ માટે કોટ વિસ્તારની પોળનાં મકાનોની બાંધણી અને વારસો કારણભૂત છે. ભૂતકાળના ભારતની ભવ્ય જાહોજલાલી અને કલાવારસાના આબાદ નમૂના જેવી કાષ્ઠ કલાકૃતિથી શોભતા આ મકાનો એક ભવ્ય ભૂતકાળને સાચવીને બેઠાં છે. અમદાવાદના આ ઐતિહાસિક વારસાને જોવા પર્યટકો પણ ખૂબ આવી રહ્યા છે ત્યારે સરખેજના રોજા હોય કે સાંકડી પોળોમાં આવેલાં મકાનો, ધર્મસ્થાનો તમામ અનેરું આકર્ષણ પૂરું પાડે છે. યુનેસ્કો પણ વિશ્વના ઘણાં શહેરો વચ્ચે બેનમૂન કલાને સાચવીને બેસેલી






અમદાવાદની પોળોના ઐતિહાસિક વારસાને અવગણી શક્યું ન હતું. આજે તે પ્રવાસીઓનું માનીતું સ્થળ છે, જ્યાં તેમને આધુનિકતા સાથે પૈરાણિક સ્થાપત્યોનાં પણ દર્શન થાય છે.

## સાબરમતી રિવરફ્રન્ટ

જો 25 વર્ષ પહેલાં સાબરમતી નદી અને અમદાવાદની વાત કરીએ તો સૂકી ભઠ્ઠ નદી અને તેમાં ભરાયેલા પાણીના ખાબોચિયાં સિવાય કંઈ યાદ ન આવે. પરંતુ આજના આધુનિક અમદાવાદનું નામ પડતાં જ સિલસિલાબદ્ધ રિક્રિએશન એક્ટિવિટીઝ સ્થળોની લાંબીલચક યાદી મગજના ચિત્રપટ પર ઊપસી આવે. ઐતિહાસિક નગરી અમદાવાદ ને આધુનિક ઓપ આપવામાં પણ શ્રી નરેન્દ્રભાઈ મોદીનો સિંહ ફાળો છે. અમદાવાદને વધુ જોવા, માણવા અને રહેવાલાયક બનાવવા તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વિદેશોમાં નદીના કિનારે હોય છે તેવા રિવરફ્રન્ટને આકાર આપવાનો પ્રોજેક્ટ અમલી બનાવ્યો. જે પૂર્ણ થતાં જ જાણે અમદાવાદીઓને હરવા, ફરવા અને મનોરંજનનું એક ચોક્કસ સ્થાન મળ્યું. આજે અમદાવાદ આવનાર મહેમાનને શહેરવાસીઓ રિવરફ્રન્ટનો નજારો બતાવતાં પોરસાય છે.





## કાંકરિયા લેક

જેણે અમદાવાદના જૂના કાંકરિયા લેકને નિહાળ્યું છે તેને આજના કાંકરિયા લેક વિશે પૂછવામાં આવે તો એવું જ કહે કે પત્થરને વડાપ્રધાનશ્રી નામના પારસમણીએ ઘસીને સોનાનો બનાવી દીધો છે. એક સમય હતો કે કાંકરિયા એક માત્ર મનોરંજન અને હરવાફરવાનું સ્થળ અમદાવાદીઓ પાસે હતું. માટે જ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેના અપગ્રેડેશનનું કાર્ય સૌપ્રથમ હાથમાં લીધું. તેમણે કાંકરિયા લેકના કિનારા પર બાળકો અને મોટેરાઓ માટે મનોરંજનનાં સાધનો, ટોયટ્રેન જેવાં આકર્ષણો ઉમેરીને તેને પિકનિક સ્પોટ બનાવી દીધું. જ્યાં પહેલાં વર્ષભરમાં હજારો મુલાકાતીઓ આવતા હતા ત્યાં આજે લાખો પ્રવાસીઓ આવે છે.

નોંધપાત્ર વાત એ છે કે અમાદવાદના પરા વિસ્તાર જેવા નરોડામાં પણ આવેલા તળાવને મિની કાંકરિયા નામ સાથે વિકાસવી સુવિધા ઊભી કરી છે. વધુમાં શહેરના અન્ય બગીચા અને તળાવને પણ વિકસાવી મનોરંજનનાં સાધનો સાથે શહેરનાં રહેવા, જોવા અને માણવાલાયક બનાવવાનો યશ વડાપ્રધાનશ્રીને જ આપવો રહ્યો.

## મહાનગર અમદાવાદમાં મેટ્રો ટ્રેન

મહાનગર અમદાવાદના નાગરિકોને જમીન અને હવા વચ્ચે આકાશમાં સહેલગાહ કરાવવાના તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસો સાકાર થયા. પ્રથમ તબક્કામાં વસ્ત્રાલ ગામથી એપરલ પાર્ક સુધીના રૂટને તૈયાર કરી દેવામાં આવ્યો છે. આજે સ્થાનિક લોકો ઉપરાંત પર્યટકો પણ મેટ્રો ટ્રેનમાં સફરવાનો લહાવો લઈ રહ્યા છે. પૂર્ણતા તરફ વધી રહેલા આ પ્રોજેક્ટથી અમદાવાદ શહેર વિશ્વના એવા ગણ્યાગાંઠ્યાં શહેરોમાં સ્થાન પામશે જ્યાં એલિવેટેડ મેટ્રો ટ્રેનની સવલત હોય. અગાઉ ગુજરાતના એકપણ આગેવાને જે વિચાર ન કર્યો તેને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાકાર કરી બતાવ્યો છે.

## ગુજરાતનાં ચાર સ્થળોને વર્લ્ડ હેરિટેજમાં સ્થાન

ગુજરાતમાં ઐતિહાસિક સ્થાપત્યો અનેક છે પરંતુ તેની યોગ્ય કાળજી કે પ્રસિદ્ધિ લેવામાં આવી ન હતી. જેના પરિણામે પ્રવાસનને પણ વેગ મળતો ન હતો. આ સમસ્યાનો ઉકેલ પણ શ્રી નરેન્દ્રભાઈ મોદી લઇ આવ્યા. તેમણે હેરિટેજ સાઇટ્સને વિશ્વ નકશામાં સ્થાન અપાવા કમર કસી. વડોદરા પાસેના ચાંપાનેર, કચ્છના ધોળાવીરા, પાટણની રાણીની વાવ, અમદાવાદને હેરિટેજ સિટીનો દરજ્જો

અપાવવા બહોળી પ્રસિદ્ધિ અપાવી. પ્રવાસીઓને વધુને વધુ સુવિધા મળે તેવા પ્રયાસો આદર્યા. તેમના પ્રયાસોથી જ ચારેય સ્થળોને હેરિટેજ સ્થળોમાં સ્થાન મળ્યું. પાટણની રાણીની વાવનો ફ્લોટ તો ગુજરાત તરફથી દિલ્હીની સ્વાતંત્ર્ય પર્વની પરેડમાં પણ સામેલ થયો છે.

## ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સિટી (ગિફ્ટ સિટી)

ગાંધીનગર પાસે નિર્માણ પામેલું ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સિટી (ગિફ્ટ સિટી) ભારતનું સૌપ્રથમ સ્માર્ટસિટી છે, જે શ્રી નરેન્દ્રભાઈ મોદીની દેન છે. ગિફ્ટ સિટી 886 એકરમાં ફેલાયું છે અને તેમાં ડોમેસ્ટિક તેમજ સેઝ બંનેનો સમાવેશ થાય છે. ગિફ્ટ સિટીનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર યુનિક છે. સંકુલમાં ડિસ્ટ્રિક્ટ કુલિંગ સિસ્ટિમ, યુટીલિટી ટનલ, કચરો એકત્ર કરવા માટે ઓટોમેટિક સિસ્ટિમ જેવી સુવિધા પણ છે. ગિફ્ટ સિટીમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બેન્કો, આઈટી કંપનીઓ, વીમા કંપનીઓ, આંતરરાષ્ટ્રીય શેરબજાર અને ભારતનું પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સ સર્વિસ સેન્ટર (આઈએફએસસી) આવેલું છે. આંતરરાષ્ટ્રીય વ્યાપારિક અને આર્થિક ગતિવિધિનું કેંદ્ર ભારત અને ગુજરાત બને તે ઉદ્દેશથી જ ગિફ્ટ સિટીનું નિર્માણ કરવામાં આવ્યું છે. આઈટી સર્વિસીસ સાથે તે ગ્લોબલ હબ બન્યું છે. વૈશ્વિક નકશામાં ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બનવા સાથે આઈટી અને સર્વિસીસ સેક્ટર, ફાઈનાન્સિયલ સેક્ટરમાં એક અગ્રણી રાજ્ય તરીકે પ્રસ્થાપિત થયું છે, જેમાં ગિફ્ટ સિટીનું પ્રદાન પણ ઓછું નથી. વળી તેને લીધે રોજગારી તકોમાં પણ નોંધપાત્ર વધારો થયો છે.



## ધોલેરા સર

સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિઝનને વિકસિત કરવું તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ પૈકી એક છે જે આજે પૂર્ણતાના આરે આવીને ઊભો છે. રૂા.2800 કરોડથી વધુનું ભંડોળ ધોલેરા સર પ્રોજેક્ટને વિકસિત કરવા માટે વાપરવામાં આવ્યું છે. ધોલેરા સરમાં રોકાણ કરવા રોકાણકારોને આકર્ષવા માટે તમામ પગલાંઓ લેવાઈ રહ્યાં છે. ધોલેરા ખાતેના રોડ-રસ્તા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પ્લોટિંગ, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સહિતનાં કાર્યો સતત ચાલી રહ્યાં છે. ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ, ધોલેરા-અમદાવાદ એક્સપ્રેસ-વે અને ધોલેરા-અમદાવાદ મોનો રેલ પ્રોજેક્ટ પણ પ્રગતિ હેઠળ છે જે રોકાણકારોને આગામી દિવસોમાં આકર્ષવા મહત્ત્વપૂર્ણ ભાગ ભજવશે. તેનાથી રોજગારી સાથે આર્થિક ગતિવિધિ વધતાં સમગ્ર વિસ્તારનો વિકાસ થશે.





## મહાત્મા મંદિર

ગાંધીનગરમાં એક એવું સ્થળ છે જ્યાં દેશ-વિદેશના ચિંતકો, પ્રતિનિધિઓ એકઠા થઈ શકે અને દ્વિપક્ષીય વાર્તાલાપ, વિકાસની વાત કરી શકે અને તે છે મહાત્મા મંદિર. શ્રી નરેન્દ્રભાઈ મોદીને વિચાર આવ્યો કે વિશ્વના અગ્રણી દેશોના જ્ઞાનનો લાભ કેવી રીતે મેળવી શકાય. તેમણે વિચાર્યું કે કેમ ન એવા સંકુલનું નિર્માણ કરવામાં આવે કે જ્યાં વિશ્વના પ્રબુદ્ધો એકછત્ર હેઠળ એકઠા થઈ કોઈપણ વિષય ઉપર ચર્ચા કરે. તેની સાથે જ તેમના મનમાં મહાત્મા મંદિરના



નિર્માણના મનસૂબાએ આકાર લીધો. તેમણે મહાત્મા મંદિરરૂપે સેમિનાર-પ્રદર્શન કેંદ્રનું નિર્માણ કરાવ્યું. આજે વાયબ્રન્ટ ગુજરાતની યજમાની કરનાર ગાંધીનગરમાં મહત્તમ સેમિનાર, પરિચર્યા, એમઓયુના સ્થળ તરીકે પ્રતિષ્ઠા પામી ચૂક્યું છે. મહાત્મા મંદિર પ્રદર્શન સ્થળ પણ છે જ્યાં એક્સ્પોને વધુ એક્સપોઝર મળી શકે. વળી ત્યાં મહાત્મા ગાંધીજીના જીવનની ઝાંખી કરાવતું પ્રદર્શન પણ આવેલું છે. વળી મહાત્મા મંદિરની અનોખી બાંધણી તેમજ વિશાળ ચરખો આજે વિધાનસભા બાદ ગાંધીનગરની ઓળખ બની છે.

## કચ્છનું સફેદ રણ

દેશમાં અને ગુજરાતમાં સફેદ રણ છે એવો ખ્યાલ પણ કોઇને હતો નહીં. પણ ખુલ્લા આકાશ નીચે ચાંદનીમાં મીઠાની સફેદ ચાદર જેવા ભૂપટ પર તસવીર ખેંચાવીને શ્રી નરેન્દ્રભાઇ મોદીએ એક હરફ પણ ઉચ્ચાર્યા વિના સફેદ રણને પ્રસિદ્ધિ અપાવી દીધી. આજે વિશ્વના ખૂણેખૂણામાંથી સફેદ રણને નિહાળવા પ્રવાસીઓ ઉમટે છે. તેને લીધે કચ્છની હસ્તકલાને પણ આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધિ મળી છે. આજે 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા'એ ઉક્તિ સૌના મોઢે રમતી થઇ છે તો તેની પાછળ શ્રી નરેન્દ્રભાઇ મોદી જ છે.

## એશિયાનો સૌથી મોટો ગિરનાર રોપ-વે

એશિયાનો સૌથી મોટો રોપ-વેનો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પ્રારંભ કરાવી જૂનાગઢના પ્રવાસન ક્ષેત્રે વધુ એક આકર્ષણનો ઉમેરો કરી દીધો. હવે જે વયસ્કોનું સ્વપ્ન હતું કે ગિરનાર દર્શન કરીએ તે પૂર્ણ થઇ રહ્યું. આજે ગિરનાર યાત્રાળુઓની સંખ્યા બે-ત્રણ ગણી વધી ગઈ છે.

## ગાંધી મ્યુઝિયમ

ગાંધીના ગુજરાતમાં જ ગાંધીજીને સાંકળતી તમામ સ્મૃતિઓને અખંડ રાખવાનું પણ શ્રી નરેન્દ્રભાઇ મોદીનું સ્વપ્ન છે. અમદાવાદ ગાંધી આશ્રમ ઉપરાંત મહાત્મા ગાંધીના જીવનને લગતી સ્મૃતિઓને જાળવવા રાજકોટમાં ગાંધી મ્યુઝિયમને આકાર આપવામાં તેમણે અંગત રસ લીધો હતો.

## પ્રવાસન સરકિટ

ભારત એટલે ધર્મ, આસ્થા અને ઈશ્વરને પામવાની જિજીવિષા ધરાવતો દેશ. પ્રવાસનમાં સૌથી મોટો ફાળો ધાર્મિક પ્રવાસનનો છે. ગુજરાતના પ્રમુખ પ્રવાસનધામોને વિકસાવા સાથે તેને જોડવાની યોજના સાથે પ્રવાસીઓને સુવિધા મળી રહે તેવું આયોજન રાજ્યના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યું છે. જેમાં સોમનાથ પરિસરને વિકસાવવા સાથે પથદર્શન સહિતના આકર્ષણો ઊભાં કરવામાં આવ્યાં છે. જેનુ તાજેતરમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉદઘાટન કર્યું. બેટ દ્વારકાને જોડતો બ્રિજ, શિવરાજ પુર બીચ, દક્ષિણ ગુજરાતમાં શબરીધામ, ઉત્તર ગુજરાતમાં વડનગરનાં સ્થાપત્યોના વિકાસ સહિત ઐતિહાસિક, ધાર્મિક સ્થળોને વિકસાવાઇ રહ્યાં છે.

## રિન્યૂએબલ એનર્જી

શ્રી નરેન્દ્રભાઈ મોદી હંમેશાં માનતા હતા કે, આફતથી ડરી જવાને બદલે આફતને અવસરમાં પલટાવી નાખવાની વિચારસરણી સાથે કામ કરવામાં આવે તો કોઈ પણ આફત નડતરરૂપ થતી નથી. અગાઉ એવું થતું કે ગામડાનો ખમતીધર ખેડૂત પણ પાણી અને વીજળીના અભાવે કે છતા પાણીએ માથે હાથ દઈને બેઠો હોય કારણ કે વીજળીના અભાવે કે ટાઈમસર વીજળી ન મળતાં પાકને નુકસાનની ભીતિ હતી. પરંતુ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ સમસ્યાનો હલ રિન્યૂએબલ એનર્જીરૂપે શોધી નાખ્યો. સ્વપ્નદૃષ્ટા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી વર્ષોમાં રિન્યૂએબલ એનર્જી ક્ષમતાને અનેકગણી વધારવા વર્ષ 2022 સુધીમાં 175 GW અને 2030 સુધીમાં 450 GWના રાષ્ટ્રીય લક્ષ્યાંકને હાંસલ કરવાનો નિર્ધાર વ્યક્ત કરી ચૂક્યા છે. જે માટે તેમણે કિસાન સૂર્યોદય યોજના અમલમાં મૂકી. જેના પ્રથમ તબક્કામાં દાહોદ, જૂનાગઢ અને ગિર-સોમનાથના 1570 ગામોના ધરતીપુત્રોને આવરી લેવામાં આવ્યા. આ સાથે જ હવે ખેડૂતોને પિયત માટે દિવસે પણ વીજળી મળી રહેશે. એટલે કે ખેડૂતોને રાત્રીના ઉજાગરા નહીં કરવા પડે.

દિલ્હી મુંબઇ કોરિડોરમાં મહત્તમ ભાગ ગુજરાતમાંથી પસાર થઈ રહ્યો છે. જે ગુજરાતના આર્થિક વિકાસની ધોરી નસ બની રહેશે. વળી રોપેક્સ દ્વારા દરિયાઇ માર્ગે વાહનનોની હેરફેર દ્વારા સમય અને નાણાની બચત કરવાનો અભિનવ વિચાર પણ વડાપ્રધાનશ્રીન જ દેન છે. રાજકોટમાં એઇમ્સની સ્થાપનાનો માર્ગ મોકળો કરી સૌરાષ્ટ્રને આરોગ્ય અર્પવાનું કાર્ય પણ તેમણે કર્યું છે. તદઉપરાંત બુલેટ ટ્રેન, રાજયનાં છ-છ શહેરોની સ્માર્ટ સિટી તરીકેની પસંદગી સહિતના અનેક પ્રોજેકટ ખાસ ગુજરાતને આપી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના સર્વાંગી વિકાસની કૂંજીને ભારતની પૂંજી બનાવી છે.

પ્રત્યેક વિપદાને અતિક્રમી તેમણે વિકાસના ફળ જનજન સુધી પહોંચાડ્યા છે. પ્રવાસન, શિક્ષણ, આરોગ્ય, માળખાકીય સુવિધા, યાત્રાધામ, વહીવટ, મહેસૂલ, કૃષિ, સંસાધન અને સંશોધનને પ્રોત્સાહન, એમએસએમઈ, સ્પેશિયલ ઇકોનોમિક ઝોન, ગિફ્ટ સિટી, રિવરફ્રન્ટ, નાનાં નગરોને સ્માર્ટ સિટી બનાવવાની યોજના આવા તો ઘણાં અકલ્પનીય કાર્યોને સુવ્યવસ્થિત આયોજન થકી કાર્યક્ષમ માનવબળથી પ્રોત્સાહન પૂરું પાડી શક્ય બનાવ્યાં. એમના જન્મદિને પ્રત્યેક ગુજરાતીના હૃદયપૂર્વકના અઢળક અભિનંદન... ●


ating by
ospi



# ૭૧ બાળકોના હૃદયની સારવાર માટે સહાય

ગુજરાતમાં રાજ્ય સરકારે નાગરિકોને સુદ્રઢ આરોગ્ય માળખુ આપવામાં ક્યારેય પાછી પાની કરી નથી. રાજ્ય સરકાર જનતા જનાર્દનની આરોગ્ય સુખાકારી માટે આરોગ્ય ક્ષેત્રે અદ્યતન અને વર્લ્ડ ક્લાસ સુવિધાઓ પ્રદાન કરતી રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 71મા જન્મદિવસ નિમિત્તે ધોળકા ખાતે શ્રી સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલના ઉપક્રમે આયોજિત કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં નાના બાળકો- ભૂલકાઓની હાર્ટ સર્જરી માટે કોઈ રાજકીય પક્ષ કે સંગઠન દ્વારા રૂપિયા પચ્ચીસ લાખની માતબર રકમ હોસ્પિટલને અર્પણ કરવામાં આવી હોય તેવી આ વિરલ અને ઐતિહાસિક ઘટના છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે જણાવ્યું હતું કે, બાળકોના યોગ્ય સ્વાસ્થ્ય, પોષણ અને શિક્ષણ થકી જ આપણે ઉન્નત ગુજરાતનું નિર્માણ કરી શકીશું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તમ બનાવેલા ગુજરાતને સર્વોત્તમ બનાવીશું. બાળકો આપણા દેશનું ભવિષ્ય છે, તેમનું સ્વાસ્થ્ય અને તંદુરસ્તી સારી હોય તે દેશના ઉજ્જવળ ભવિષ્ય માટે જરૂરી છે. ૭૧ બાળકોની હૃદયની બિમારી દૂર કરવાનો આ ભગીરથ પ્રયાસ કાબીલેદાદ છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી બાળકો પ્રત્યે ખૂબ જ વહાલ અને પ્રેમની લાગણી ધરાવે છે. નવી શિક્ષા નીતિ હોય કે આયુષ્માન ભારત યોજના વડાપ્રધાનશ્રીએ નાના બાળકોનો હંમેશા ખયાલ રાખ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ યુ. એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ નો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, અતિ આધુનિક ઉપકરણોથી સજ્જ યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યૂટ વડાપ્રધાનશ્રીની ગુજરાતને આરોગ્ય ક્ષેત્રે એક ઉત્કૃષ્ટ ભેટ છે. યુ. એન. મહેતા હાર્ટ હોસ્પિટલમાં રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ યોજના હેઠળ દર વર્ષે હજારો બાળકોની હાર્ટ સર્જરી નિ:શુલ્ક કરવામાં આવે છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત સરકાર રાજ્યના બાળકોના સ્વાસ્થ્ય અંગે હર હંમેશ ચિંતિત રહી છે. બાળકોનું સુસ્વાસ્થ્ય સુનિશ્ચિત થાય તે માટે છેલ્લા બે દાયકામાં સરકારે અનેક પગલા ભર્યા છે.

તેમણે ઉમેર્યું કે, રાષ્ટ્રીય બાળ સુરક્ષા કાર્યક્રમ અને શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ થકી ગુજરાત સરકારે રાજ્યના અનેક જરૂરતમંદ બાળકોની શારિરીક તકલીફ દૂર કરી છે. કોકીલીયર ઈમ્પ્લાન્ટ જેવા ઓપરેશનથી જન્મજાત મૂક-બધીર બાળકોને વાચા આપી છે.

આ પ્રસંગે એકત્રિત કરાયેલા ફાળામાંથી રૂપિયા ૨૫ લાખનો ચેક મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે શ્રી સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલને અર્પણ કરાયો હતો. ગુજરાત સહિત આઠ રાજ્યોના ૭૧ બાળકોની હાર્ટ સર્જરી માટે સત્ય સાઈ હોસ્પિટલને રૂપિયા પચ્ચીસ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. લગભગ ૧૫ જેટલા ભુલકાઓની હાર્ટ સર્જરી હોસ્પિટલમાં થઈ ચૂકી છે અને આગામી એક મહિનામાં તમામ ૭૧ બાળકોની હાર્ટ સર્જરી કરી આપવામાં આવશે.



શ્રી સત્ય સાઈ હોસ્પિટલમાંથી હૃદયરોગની સારવાર મેળવી સાજા થયેલા બાળકોને મુખ્યમંત્રીશ્રીએ રિલીવ લેટર આપી તંદુરસ્ત ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ શ્રી સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલ પરિસરમાં આવેલા સાંઈ મંદિરમાં દર્શન કર્યા બાદ હોસ્પિટલમાં ઉપલબ્ધ ચિકિત્સા સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ હોસ્પિટલમાં સારવાર મેળવી રહેલા બાળકોના વાલી, માતા-પિતાને રૂબરૂ મળી બાળકોની સારવાર અંગે માહિતી મેળવી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, સામાજિક અગ્રણી શ્રી ઉદય કાનગડ, શ્રી સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલના ટ્રસ્ટીગણ અને હૃદયરોગની સારવાર મેળવી રહેલા બાળકોના માતા-પિતા ઉપસ્થિત રહ્યા હતા. ●

**બાળકોના યોગ્ય સ્વાસ્થ્ય, પોષણ અને શિક્ષણથી ઉન્નત ગુજરાતનું નિર્માણ કરીએ** - મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

# વડાપ્રધાનશ્રીના જન્મદિવસે ગુજરાતે આપી અનોખી ભેટ ૨૩.૬૮ લાખથી વધુ લોકોને રેકોર્ડબ્રેક વેક્સિનેશન

કોરોના સામે લડવા માટે વેક્સિન અમોઘ શસ્ત્ર સાબિત થયુ છે. કોરોના સામે રાજ્યના દરેક નાગરિકોને સુરક્ષિત બનાવવા ગુજરાત સરકાર દેશમાં અગ્રેસર રહી વેક્સિનેશન અભિયાન ચલાવી રહી છે. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસે રાજ્યનાં ૧૦ હજારથી વધુ બુથ પર રસીકરણની મેગા ડ્રાઈવ યોજાઈ હતી. આ મેગા ડ્રાઈવમાં રાજ્યમાં એક જ દિવસમાં ૨૩.૬૮ લાખથી વધુ નાગરિકોને કોરોનાની રસી આપીને સુરક્ષિત કરવામાં આવ્યા હતા. રાજ્યમાં સૌથી વધુ બે લાખ નાગરિકોનું રસીકરણ સુરત શહેરમાં નોંધાયું હતું. આ સાથે, અત્યાર સુધીમાં રાજ્યમાં ૩.૯૬ કરોડ પ્રથમ ડોઝ તેમજ ૧.૬૩ કરોડ બીજો ડોઝ મળી કુલ ૫.૫૯ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે.

ગુજરાત સહિત સમગ્ર દેશમાં મહત્તમ રસીકરણના ઉદેશ સાથે વડાપ્રધાનશ્રીના જન્મદિવસે વેક્સિનેશનની મેગા ડ્રાઈવ યોજવામાં આવી હતી. જેનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ ખાતેથી રાજયવ્યાપી રસીકરણનો શુભારંભ કરાવ્યો હતો. રાજય સરકારની આ ઝુંબેશને નાગરિકોના અદમ્ય ઉત્સાહથી સારો પ્રતિસાદ સાંપડ્યો હતો.

કોરોના રસીકરણમાં ગુજરાત રાજ્યનું પર્ફોમન્સ અભૂતપૂર્વ રહ્યું છે ત્યારે મહત્તમ રસીકરણ કરી સૌના સાથ થકી રાજ્યને કોરોનામુક્ત બનાવવાના ઉદેશ સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે વડાપ્રધાનશ્રીના જન્મદિવસે રસીકરણ અભિયાન અન્વયે રાજ્યભરમાં ૨૩.૬૮ લાખ લોકોને વેક્સિનેશન સુરક્ષા કવચથી આવરી લેવાની ઉત્કૃષ્ટ કાર્યદક્ષતા માટે સૌ આરોગ્યકર્મીઓ, ફ્રન્ટલાઇન વર્કર્સને અભિનંદન પાઠવ્યા હતા. સૌથી વધુ સુરત શહેરમાં બે લાખ જેટલા ડોઝ આપવામાં આવ્યા હતા. જ્યારે અમદાવાદ શહેરમાં ૧.૫ લાખ, વડોદરા શહેરમાં ૬૧ હજાર, ભાવનગરમાં ૬૮ હજાર, ખેડામાં ૭૭ હજાર, સુરેન્દ્રનગરમાં ૪૪ હજાર ડોઝ આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત જૂનાગઢમાં ૫૭ હજાર ડોઝ, મહિસાગર જિલ્લામાં ૪૯ હજાર ડોઝ, મહેસાણામાં ૮૧ હજાર ડોઝ, નવસારીમાં ૭૧ હજાર ડોઝ , રાજકોટ જિલ્લામાં ૬૧ હજાર ડોઝ આપવામાં આવ્યા હતા.

- **૧૦ હજારથી વધુ બુથ પર રસીકરણની મેગા ડ્રાઇવ યોજાઇ**
- **એક જ દિવસમાં ૨૩.૬૮ લાખથી વધુ નાગરિકોને કોરોનાની રસી**
- **રાજ્યના ૭૧૦૦ ગામોએ ૧૦૦ ટકા વેક્સિનશન પુર્ણ**
- **મહાઅભિયાનમાં રાજ્યમાં અંદાજે દર સેકન્ડે સરેરાશ ૩૫થી ૪૦ લોકોને વેક્સિન**
- **સૌથી વધુ બે લાખ નાગરિકોનું રસીકરણ સુરત શહેરમાં**
- **૩.૯૬ કરોડ પ્રથમ ડોઝ તેમજ ૧.૬૩ કરોડ બીજો ડોઝ મળી કુલ ૫.૫૯ કરોડ ડોઝ**
- **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ ખાતેથી રાજયવ્યાપી રસીકરણનો શુભારંભ કરાવ્યો**

વડાપ્રધાનશ્રીના જન્મ દિવસે આયોજિત વેક્સિનેશન મહાઅભિયાનમાં રાજ્યમાં અંદાજે દર સેકન્ડે સરેરાશ ૩૫થી ૪૦ લોકોને વેક્સિન આપવામાં આવી હતી. રાજ્યના ૭૧૦૦ ગામોએ ૧૦૦ ટકા વેક્સિનશન પૂર્ણ કર્યુ છે. વેક્સિનેશન મેગા ડ્રાઈવના અસરકારક અમલીકરણ માટે આરોગ્ય વિભાગના તમામ કર્મચારીઓ દ્વારા સતત કામગીરી કરી આ મેગા ડ્રાઈવને સફળ કરવામાં આવી છે. હજુ વધુ ને વધુ લોકો વેક્સિનેશન માટે આગળ આવે એ માટે સમગ્ર વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્રના સૌ કર્મયોગીઓ પ્રયત્નશીલ છે.

દેશમાં મોટા રાજ્યોમાં ગુજરાત અગ્રેસર સ્થાન ધરાવે છે. રાજ્યમાં કુલ ૫,૯૦૬ ગામડાઓ, ૧૦૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ૧૪ શહેરી આરોગ્ય કેન્દ્ર તથા ૧૭ તાલુકાઓમાં ૧૮ વર્ષથી ઉપરની વ્યક્તિઓને રસીનો પ્રથમ ડોઝ આપી ૧૦૦ ટકા રસીકરણ કરવામાં આવ્યુ છે. રાજ્યમાં કોવિડ-૧૯ રસીના સ્ટોરેજ ૬ ઝોન કક્ષાના વેક્સીન સ્ટોર, ૪૧ જિલ્લા કોર્પોરેશન કક્ષાના સ્ટોર તથા ૨૨૩૬ કોલ્ડ ચેઈન પોઈન્ટ હાલની પરિસ્થિતિએ ઉપલબ્ધ છે. કોવિડ રસીકરણ કાર્યક્રમ માટે રાજ્યમાં ૧૨,૦૦૦થી વધુ તાલીમબધ્ધ વેક્સિનેટર ઉપલબ્ધ છે. ●





# અમદાવાદના લાલ બહાદુર શાસ્ત્રી તળાવ ખાતે "નરેન્દ્ર મોદી વન"નું લોકાર્પણ



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૧મા જન્મદિવસે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે અમદાવાદના લાલ બહાદુર શાસ્ત્રી તળાવ ખાતે નવનિર્મિત "નરેન્દ્ર મોદી વન" માં રેકોર્ડ બ્રેક ૭૧ હજાર વૃક્ષારોપણ કરીને પ્રકૃતિ પ્રેમ સાથે પ્રકૃતિના જતનનો સંદેશો આપ્યો હતો.

૭૧ હજાર વૃક્ષો અમદાવાદ શહેરના ગ્રીન કવર વિસ્તાર વધારવામાં મદદરૂપ બનશે તેવું જણાવી મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના નગરો-મહાનગરોમાં પણ વધુમાં વધુ વૃક્ષો વાવીને પર્યાવરણની જાળવણી થાય અને નાગરિકોને શુદ્ધ પ્રાણવાયુ મળે તે માટે ગ્રીન કવર વધારવાની નેમ વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને જન્મદિવસની શુભેચ્છા પાઠવતા કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઇ નોખી માટીના નોખા માનવી છે. તેઓ ગરીબોના બેલી છે એટલે જ રાજ્ય સરકાર દ્વારા તેમના 71મા જન્મદિવસના ઉપલક્ષ્યમાં રાજ્યભરમાં 375 થી વધુ ગરીબ હિતલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જિલ્લા સ્તરે સાંસ્કૃતિક, ઐતિહાસિક અને ધાર્મિક મહત્વના આધારે વનમહોત્સવનો પ્રારંભ કર્યો હતો. આજે રાજ્યભરમાં વર્ષ 2004 થી 2021 સુધીમાં કુલ 21 સાંસ્કૃતિક વનોની સ્થાપના થઇ છે.

કોરોનાકાળમાં આપણે સૌ પ્રાણવાયુ સમા ઓક્સિજનનું મહત્વ સમજ્યા છીએ માટે ઓક્સિજન સિલિન્ડરથી ઓક્સિજન-પ્રાણવાયુ મેળવવાની જગ્યાએ રાજ્યમાં વધુને વધુ વૃક્ષોનું વાવેતર કરીને કુદરતી પ્રાણવાયુ મેળવવા વૃક્ષારોપણ અભિયાનને જન અભિયાન બનાવવા મુખ્યમંત્રીશ્રીએ આહવાન કર્યુ હતુ. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા "mission million trees" અભિયાનને વેગવંતુ બનાવવા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સાંસદ સર્વ શ્રી હસમુખભાઈ પટેલ, કિરીટભાઈ સોલંકી, ધારાસભ્ય સર્વ શ્રી પ્રદીપસિંહ જાડેજા, વલ્લભભાઈ કાકડિયા, મેયર શ્રી કિરીટભાઈ પરમાર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી હિતેશભાઈ બારોટ, કોર્પોરેટર સર્વશ્રીઓ, મ્યુનિસિપલ કમિશનર શ્રી મુકેશકુમાર સહિત નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. ●



## અમદાવાદના બાપુનગરમાં યોજનાકીય મંજૂરી પત્રો એનાયત

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 71મા જન્મદિવસના ઉપલક્ષ્યમાં અમદાવાદ શહેરના બાપુનગર વિસ્તારમાં વિવિધ યોજનાકીય મંજૂરી પ્રમાણપત્ર એનાયત કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે બાપુનગર વિસ્તારના લાભાર્થીઓને વિવિધ યોજનાકીય લાભોથી લાભાન્વિત કરવામાં આવ્યા હતા. બાપુનગર વિસ્તારમાં પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અંતર્ગત હજારો લાભાર્થીઓને એક જ દિવસે મંજૂરી પત્ર અને હૂકમો એનાયત કરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સાંસદ શ્રી સી.આર.પાટીલ, શ્રી પ્રદિપસિંહ વાઘેલા, શ્રી ગોરધનભાઇ ઝડફિયા, મેયર શ્રી કિરિટભાઇ પરમાર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી હિતેશ બારોટ, કોર્પોરેટર સર્વશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વલ્લભ યૂથ ઓર્ગેનાઇઝેશન દ્વારા પ્રજ્ઞાચક્ષુઓને સેન્સર બેઇઝડ સ્ટીકની ભેટ



ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની વલ્લભ યૂથ ઓર્ગેનાઈઝેશન દ્વારા અનોખી ઉજવણી કરવામાં આવી. શ્રી વ્રજકુમારજી મહારાજની પ્રેરણાથી વલ્લભ યૂથ ઓર્ગેનાઇઝેશન દ્વારા ૧૧૦૦ પ્રજ્ઞાચક્ષુઓને સેન્સર બેઈઝડ સ્ટીકનું વિતરણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવ્યુ.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, માનવ સેવા, સમાજ સેવા, રાષ્ટ્ર સેવા, ધર્મ-પ્રચાર સેવા, યુવા-જાગૃતિ અભિયાન સહિત અન્ય સમાજિક કાર્યો કરીને રાષ્ટ્રનિર્માણમાં આ વલ્લભ યૂથ ઓર્ગેનાઇઝેશન સહયોગી બન્યું છે. કોરોનાના કપરાકાળમાં પણ વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશન દ્વારા ઓક્સિજન પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવ્યું તે ખૂબ જ સરાહનીય છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકલાંગ વ્યક્તિઓને દિવ્યાંગ જેવું સન્માનજનક નામ આપ્યું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારે દિવ્યાંગો માટે અનેક કલ્યાણકારી યોજનાઓ બનાવી છે. દિવ્યાંગોને કલ્યાણકારી યોજનાઓનો લાભ પ્રાપ્ત થવાથી તેઓ સશકત બન્યા છે. દિવ્યાંગતા એ અભિશાપ કે ઓશિયાળાપણું ન બને અને દિવ્યાંગો પણ આત્મસન્માનથી જીવતા થાય તેવો આ સરકારનો અભિગમ છે. ૨૦૧૬માં વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે દિવ્યાંગજનોના અધિકારો માટે દિવ્યાંગજન અધિકાર અધિનિયમ-૨૦૧૬ને પણ પસાર કર્યો છે, જેના દ્વારા દિવ્યાંગજનોને સુરક્ષા પ્રદાન કરવામાં આવી છે

વિકસિત સમાજમાં તમામ વર્ગોનું યોગદાન મહત્વપૂર્ણ હોય છે, ગરીબ, શોષિત, વંચિત, પીડિતની સાથે-સાથે દિવ્યાંગોનું યોગદાન પણ જરૂરી છે. એક શક્તિશાળી રાષ્ટ્રના નિર્માણમાં દિવ્યાંગોને પણ સાથે લઈને ચાલવાનું છે. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા દિવ્યાંગજનો માટે યુનિવર્સલ આઈ.ડી નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ જ રીતે સુગમ્ય ભારત અભિયાન દ્વારા સાર્વજનિક જગ્યા અને સરકારી કાર્યલયોમાં દિવ્યાંગજનો માટે સરળ આવન-જાવન માટે વ્યવસ્થા કરવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગુજરાત સરકારે ૨૦૧૯થી ગુજરાત રાજ્ય દિવ્યાંગ નાણાં અને વિકાસ નિગમની શરૂઆત પણ કરી છે. દિવ્યાંગ સાધન સહાય યોજનામાં બમણો લાભ આપવામાં આવી રહ્યો છે. દિવ્યાંગ વ્યક્તિઓને મુદતી ધિરાણ, શૈક્ષણિક હેતુ માટે ધિરાણ, માઈક્રો ફાઈનાન્સ જેવી યોજનાઓ દ્વારા આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે સક્ષમ બનાવવા માટે આ નિગમે ૨૦૨૦-૨૧માં ૭ કરોડ રૂપિયાની જોગવાઈ પણ કરી છે. આ ઉપરાંત દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત દિવ્યાંગોને લાભ પણ આપવામાં આવી રહ્યા છે.

શ્રી વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજી મહારાજશ્રીએ કહ્યું કે, ૧૧૦૦ પ્રજ્ઞાચક્ષુઓને સેન્સર બેઝડ સ્ટીકનું વિતરણ થયું જે પ્રજ્ઞાચક્ષુઓની દિનચર્યામાં ખૂબ જ ઉપયોગી સાબિત થશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ ભારતની વિકાસની યાત્રાને સતત આગળ લઈ જઈ રહ્યા છે અને આ માટે જે પ્રયાસો થઈ રહ્યા છે એ ખૂબ સરાહનીય છે. આ પ્રસંગે વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજરાજકુમારજી મહારાજ-વલ્લભ યૂથ ઓર્ગેનાઇઝેશન દ્વારા પૂરઅસરગ્રસ્ત વિસ્તારોના પુર્નનિર્માણ-સહાય માટે મુખ્યમંત્રી રાહતનીધિમાં રૂ. પાંચ લાખની સહાય પણ અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી અરવિંદભાઈ, મેયર શ્રી કિરીટભાઈ પરમાર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી હિતેશભાઈ બારોટ, શ્રી પરીંદુ ભગત, ટ્રસ્ટી શ્રી અશોકભાઈ શાહ તેમજ વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેના સભ્યો તેમજ મોટી સંખ્યામાં દિવ્યાંગજનો ઉપસ્થિત રહ્યા હતા. ●



## વડાપ્રધાનશ્રીના ૭૧મા જન્મદિવસે 'ગરીબોની બેલી સરકાર' અન્વયે

# ગુજરાતમાં ગરીબ હિતકારી સેવા કાર્યક્રમોનો પ્રારંભ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૧મા જન્મદિવસે 'ગરીબોની બેલી સરકાર' અન્વયે આયોજિત ગરીબ હિતકારી સેવા કાર્યક્રમનો અમદાવાદથી રાજ્યવ્યાપી પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની જે બુનિયાદ રચી છે તેના કેન્દ્રમાં ગરીબ, વંચિત, અંત્યોદય અને છેવાડાના માનવીના શિક્ષણ, આરોગ્ય, આવાસ અને માળખાકીય સુવિધાઓને પ્રાયોરિટી આપી છે. સમગ્ર રાજ્યમાં જિલ્લા-તાલુકા-નગર-મહાનગર કક્ષાએ ૪૦૦ જેટલા આવા કાર્યક્રમોના આયોજનથી ઉજવલા 2.0 યોજનામાં વિનામૂલ્યે ગેસ કનેકશન, નિરાધાર બાળકોને મુખ્યમંત્રી બાળ સેવા યોજના અંતર્ગત સહાય તેમજ ગ્રામીણ સ્વચ્છતા-સફાઈના વ્યાપક કામો અને શહેરી સ્લમ વિસ્તારમાં પંડિત દીનદયાળ ઔષધાલયનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

ગરીબલક્ષી સેવાઓને પ્રાથમિકતા આપવાનો દ્રઢ નિર્ધાર વ્યક્ત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રીના ૭૧મા જન્મદિવસે ગરીબોના બેલી તરીકે આપણે ઘર-ઘર શૌચાલય, ઉજ્જવલા યોજના-2, પંડિત દીનદયાળ ઔષધાલય યોજના સહિતની ગરીબલક્ષી યોજનાઓનો વિસ્તાર કરાઈ રહ્યો છે. ઉજ્જવલા યોજના -2.0 અંતર્ગત ગુજરાતમાં પાંચ લાખથી વધુ ગરીબ પરિવારોને રાંધણ ગેસ કનેકશન આપવામાં આવશે. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના પ્રથમ તબક્કામાં ગુજરાતના ૨૯ લાખ કુટુંબોને લાભ મળ્યો છે. કોઈ ગરીબ ભૂખ્યો ન સૂવે તેની કાળજી વડાપ્રધાનશ્રીના નેતૃત્વની કેન્દ્ર સરકારે રાખી છે અને ૭૧ લાખ અંત્યોદય ગરીબ પરિવારના સાડા ત્રણ કરોડ લોકોને વિના મૂલ્યે અનાજ વિતરણ કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારે ૩,૩૩૮ કરોડ રૂપિયાનું અનાજ ગરીબોને વિના મૂલ્યે આપ્યું છે. સાથે જ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ ૩.૫૦ કરોડ લોકોને વિનામૂલ્યે રાશન પણ પૂરું પાડ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ)નો ઉલ્લેખ કરતાં કહ્યું કે, ખુલ્લામાં શૌચક્રિયાથી મુક્તિ માટેનું અભિયાન શરુ કરવામાં આવ્યું. આ અભિયાન હેઠળ ગુજરાતમાં કુલ ૩૭ લાખથી વધુ શૌચાલયોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં પાંચ લાખ વ્યક્તિગત શૌચાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે અને ૨૦૧૭માં ગુજરાત ઓપન ડિફેકશન ફ્રી(ઓડીએફ) રાજ્ય બન્યું છે.

આરોગ્ય સેવાની વિગતો આપતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મહાનગરોમાં સ્લમ એરિયામાં શ્રમિકને ઘરની નજીકમાં આરોગ્ય સુવિધા મળી રહે તે માટે ૨૫૦ જેટલા પંડિત દીનદયાળ ઔષધાલયનો પ્રારંભ કરાયો હતો. જ્યાં ગરીબો-શ્રમિકો અને શ્રમજીવીઓને વિનામૂલ્યે દવા અને તબીબી સારવાર મળશે. મુખ્યમંત્રીશ્રીએ કોરોનાકાળમાં માતા અથવા પિતા ગુમાવનારા નિરાધાર બાળકોને સહાય યોજનાની વિગતો આપી હતી. કોરોનાકાળમાં તેમ જ ગંભીર બિમારીથી માતા-પિતા ગુમાવી ચુકેલા ૧૭૬તેમજ માતા કે પિતા બેમાંથી કોઈ એકનું અવસાન થયું હોય તેવા ૮,૫૦૦ આમ કુલ ૮,૬૭૬ નિરાધાર બાળકોને સહાયની ચૂકવણી સીધી જ બેંક ખાતામાં કરવામાં આવી રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ કોરોના રસીકરણ અભિયાન અંગે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીના જન્મદિવસે રાજ્યભરમાં વેક્સિનેશન મહાઅભિયાન આદરીને ૧૦૦ ટકા રસીકરણ પૂર્ણ કરનારા ૭૧૦૦ ગામોના સરપંચોને સન્માનપત્ર અપાશે.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના પ્રતિકરૂપે પાંચ લાભાર્થીઓને કિટ વિતરણ કરવામાં આવ્યું હતું તેમ જ મુખ્યમંત્રી બાળ સેવા યોજનાના લાભાર્થીઓને ઓનલાઈન પેમેન્ટ કરવામાં આવ્યું હતું. ૧૦૦ટકા કોવીડ વેક્સિન પૂર્ણ કરેલા પાંચગામોના સરપંચશ્રીઓને સન્માનપત્ર એનાયત કરાયા હતા. આ કાર્યક્રમમાં ધારાસભ્ય સર્વશ્રી પ્રદીપસિંહ જાડેજા, રાકેશભાઈ શાહ, કિશોરભાઈ ચૌહાણ સહિતના મહાનુભાવો તેમજ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## વડોદરા- સાવલી જંક્શનના વિકાસકામનું ખાતમુહૂર્ત

# માત્ર સાડા ત્રણ કલાકમાં વડોદરાથી મુંબઈ



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના વિકાસને નવી દિશા આપી હતી. દરેક વિસ્તારને નગરો, મહાનગરો સાથે જોડવા એક્સપ્રેસ-વે, માર્ગ નિર્માણના કાર્યોને અભિયાન રૂપે તેમણે શરૂ કરાવ્યા. હવે વડોદરાથી મહાનગર મુંબઈ માત્ર સાડા ત્રણ કલાકમાં પહોંચી શકાય તેવા હાઈવેનું નિર્માણ થવા જઈ રહ્યું છે. કેન્દ્રિય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી શ્રી નીતિનભાઈ ગડકરીએ વડોદરા નજીક દુમાડ ચોકડી ખાતે રૂ.૩૪.૫૦ કરોડના ખર્ચે રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૪૮ અને એક્સપ્રેસ વે પર વડોદરા-સાવલી જંક્શનના સુધાર કામનું વન અને પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણા, સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટની ઉપસ્થિતિમાં ખાતમુહૂર્ત કર્યુ હતુ. આ કામગીરી પૂર્ણ થતાં દુમાડ ચોકડી ઉપર ટ્રાફિકની વર્ષો જૂની સમસ્યાનું કાયમી નિરાકરણ થશે.

કેન્દ્રિય માર્ગ પરિવહન મંત્રી શ્રી નીતિનભાઈ ગડકરીએ જણાવ્યું હતુ કે, દિલ્હી મુંબઈ ગ્રીન હાઈવે વિશ્વનો સૌથી મોટો હાઈવે છે. જેનું રૂ.એક લાખ કરોડના ખર્ચે નિર્માણ થઈ રહ્યું છે. ગુજરાતમાં કેન્દ્ર સરકાર દ્વારા હાલમાં રૂ.૧.૨૫ લાખ કરોડના માર્ગોના કામો ચાલી રહ્યા છે અને વધુ રૂ.૧.૨૫ લાખ કરોડના કામો મંજૂર કરવામાં આવ્યા છે. દિલ્હી મુંબઈ ગ્રીન હાઈવેનું નિર્માણ કાર્ય પૂર્ણ થતાં વડોદરાથી મુંબઈ માત્ર સાડા ત્રણ કલાકમાં પહોંચી જવાશે. આ માર્ગને નરીમાન પોઈન્ટ સુધી લંબાવવામાં આવશે.

દિલ્હી મુંબઈ ગ્રીન હાઈવે ગુજરાતના વિકાસ માટે મહત્વપૂર્ણ હાઈ-વે છે. ગુજરાતમાં રૂ.૩૬ હજાર કરોડના ખર્ચે ૪૨૩ કિ.મી.ના આઠ લેનના પ્રથમ તબક્કામાં ૧૩૨ કિ.મી.પૈકી ૪૦ ટકા કામ પૂર્ણ થયું છે. વડોદરા અંકલેશ્વર ૧૦૦ કિ.મી. માર્ગનું કામ વર્ષ ૨૦૨૨ સુધીમાં પૂર્ણ થશે. આ માર્ગ પર યાત્રિકો માટે ૩૩ સ્થળોએ વિવિધ સુવિધાઓ ઊભી કરવામાં આવશે. એટલું જ નહિ ભવિષ્યમાં આ માર્ગ પર લોકો અને માલ સામાનનું હેરફેર ડ્રોનથી થાય તેવી સુવિધા વિકસાવવામાં આવશે. ધોલેરા અમદાવાદ એક્સપ્રેસ વે રૂ.૩ હજાર કરોડના ખર્ચે નિર્માણ કરવામાં આવશે. ગુજરાત સહિત દેશભરમાં નિર્માણ થઈ રહેલા વિવિધ માર્ગોની વિગતો તેમણે આપી હતી.

વન અને પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણાએ જણાવ્યું કે, સમાજના છેવાડાના માનવીના સર્વાંગી વિકાસ માટે સરકાર પ્રતિબદ્ધ છે. તેમણે પર્યાવરણના જતન માટે મહત્તમ વૃક્ષારોપણ કરવા અને કોરોના મુક્ત ગુજરાત માટે સૌને કોરોના રસી અવશ્ય લેવા અનુરોધ કર્યો હતો.

સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટે પ્રધાનમંત્રીશ્રીના જન્મ દિવસે દુમાડ ચોકડી ખાતે બ્રિજના કામનું ખાતમુહૂર્ત થયું એ ગૌરવ અને આનંદની વાત છે એવી લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું કે, દેણા અને છાણી બ્લેક સ્પોટનું કામ ટૂંક સમયમાં શરૂ કરવાની પણ મંત્રીશ્રીએ સૂચના આપી છે. દુમાડ ચોકડી જંકશનનું કામ પૂર્ણ થતાં ટ્રાફિકની સમસ્યા હલ થશે અને વાહન વ્યવહારને આવાગમનમાં સરળતા થશે.

આ પ્રસંગે ધારાસભ્ય સર્વ શ્રી યોગેશભાઈ પટેલ, જીતુભાઈ સુખડીયા, મધુભાઈ શ્રીવાસ્તવ, અક્ષયભાઈ પટેલ, શ્રીમતી સીમાબેન મોહિલે, કેતનભાઈ ઈનામદાર, અગ્રણી શ્રી ભાર્ગવભાઈ ભટ્ટ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી અશોકભાઈ પટેલ, મેયર શ્રી કેયુર રોકડીયા, અધિકારીઓ, નગરસેવકો સહિત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ●

# ગુજરાત ૧૨મા ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨નું યજમાન રાજ્ય બનશે

ગુજરાત જે રીતે વાયબ્રન્ટ સમિટના સફળ આયોજનથી વિશ્વના નિવેશકો માટે બેસ્ટ ચોઇસ ફોર ઇન્વેસ્ટમેન્ટ બન્યું છે તે જ પરિપાટીએ ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨ના આયોજનથી ડિફેન્સ સેકટરમાં પણ દેશમાં સૌથી વધુ રોકાણો મેળવનારૂં રાજ્ય બનશે. ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા દર બે વર્ષે યોજવામાં આવતા ડિફેન્સ એક્સ્પોના ૨૦૨૨માં યોજાનારા ૧૨માં સસ્કરણનું યજમાન ગુજરાત બનશે.

ગુજરાતમાં વિશાળ પાયા પર યોજાનારા આ ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨ના સુગ્રથિત આયોજન અંગેની સમીક્ષા બેઠક કેંદ્રીય સંરક્ષણમંત્રી શ્રી રાજનાથસિંહની પ્રેરક ઉપસ્થિતિમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટી ધામ કેવડિયામાં યોજવામાં આવી હતી. આગામી ૨૦૨૨માં તા. ૧૦ થી ૧૩ માર્ચ દરમ્યાન સંરક્ષણ મંત્રાલયના ડિફેન્સ પ્રોડકશન વિભાગ દ્વારા આ પ્રદર્શની ગાંધીનગરમાં યોજાશે.





આ ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨ના આયોજનમાં રાજ્ય સરકારના સંપૂર્ણ સહયોગ અને સુવિધાઓ અંગેના એમ.ઓ.યુ પણ સંરક્ષણ મંત્રાલયના ડિફેન્સ પ્રોડકશન વિભાગના સંયુકત સચિવશ્રી અને ગુજરાતના ઉદ્યોગ કમિશનરે કેંદ્રીય સંરક્ષણમંત્રીશ્રી અને પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં કર્યા હતા.

સંરક્ષણ ક્ષેત્રે દેશની આત્મનિર્ભરતા આવા ડિફેન્સ એક્સ્પોના માધ્યમથી વધુ વેગવાન બની રહી છે તેમ પણ ઉમેર્યુ હતું.

ગુજરાતે પોતાની ડિફેન્સ એન્ડ એરોસ્પેસ પૉલિસી બનાવી છે. એટલું જ નહિ, આ પૉલિસી અંતર્ગત ડિફેન્સ ઇક્વિપમેન્ટ પ્રોડકશન એકમો માટે જમીન ખરીદીમાં સ્ટેમ્પ ડયૂટીથી મુક્તિ, ઉત્પાદન શરૂ થયાનાં પાંચ વર્ષ સુધી ઇલેક્ટ્રિસિટી ડયૂટીથી માફી જેવાં પ્રોત્સાહનો પણ ગુજરાતમાં આપવામાં આવે છે. ડિફેન્સ ઇક્વિપમેન્ટ પ્રોડકશન માટે જે ઇન્ફ્રાસ્ટ્રકચર અને સુવિધાઓ જોઈએ તે ગુજરાતમાં છે. ધોલેરા SIR ડિફેન્સ ઇક્વિપમેન્ટ પ્રોડકશન યુનિટસ માટેનું શ્રેષ્ઠ સ્થળ બનાવાની સંપૂર્ણ સંભાવનાઓ ધરાવે છે. વિશાળ રન-વે સાથેનું એરપોર્ટ અહીં નિર્માણાધીન છે અને વેપન ટ્રાયલ એન્ડ ટેસ્ટિંગ રેન્જ માટે જરૂરી જમીન પણ ઉપલબ્ધ છે.

ગુજરાતમાં આયોજિત થનારા આ ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨થી રાજ્યમાં ડિફેન્સ ઇક્વિપમેન્ટ પ્રોડકશન અને મેન્યુફેકચરિંગ સેકટરને નવી દિશા મળશે. કેંદ્રીય સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથસિંહે ગુજરાતમાં ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨ની આ ૧૨મી કડી અવશ્ય જવલંત સફળતા પ્રાપ્ત કરશે તેવો દૃઢ વિશ્વાસ દર્શાવ્યો હતો.

સંરક્ષણ મંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને આત્મનિર્ભર બનવાનો જે મંત્ર આપ્યો છે, તેને અનુસરતા સંરક્ષણ મંત્રાલય દ્વારા આ વખતના ડિફેન્સ એક્સ્પોમાં વિવિધ કંપનીઓને સંરક્ષણ સાધનોના ઉત્પાદનમાં રોકાણ કરવા માટે માર્ગદર્શન સાથે પ્રેરિત કરવામાં આવશે. શ્રી રાજનાથસિંહે આવા ડિફેન્સ એક્સ્પો દ્વારા 'મેઇક ઇન ઇન્ડિયાથી મેઇક ફોર ધ વર્લ્ડ'ની આપણી નેમ છે તેમ જણાવતાં ઉમેર્યું કે આવનારા ટૂંક સમયમાં ભારત ગ્લોબલ ડિફેન્સ મેન્યુફેકચરિંગ હબ બને તેવી પૂરી સંભાવનાઓ પણ છે.

આ એક્ઝિબિશનમાં ઘણી ઇવેન્ટ, કોન્કલેવ, સેમિનાર, બિઝનેસ એક્ટિવિટીસ યોજાશે. ડિફેન્સ એક્ઝિબિશન, પબ્લિક સેક્ટર યુનિટ ઓફ ડિફેન્સને પ્રમોટ કરવા, ખાનગી સંરક્ષણ ક્ષેત્રને લગતા ઉદ્યોગો - સ્ટાર્ટ અપ તેમજ લઘુઉદ્યોગો સહિત, સંરક્ષણ ક્ષેત્રનાં વિભિન્ન સાધનોનું ડેમોન્સ્ટ્રેશન, રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ, સેમિનાર, વેબિનાર સહિતનાં વિવિધ કાર્યક્રમો યોજાશે.

આ એક્ઝિબિશનનો ઉદ્દેશ 'મેઇક ઇન ઇન્ડિયા'ને પ્રમોટ કરવા સાથે દેશને સંરક્ષણ સાધનોના ઉત્પાદનમાં મેજર હબ બનાવવા એરોસ્પેસ અને સંરક્ષણ ક્ષેત્રમાં ઇનોવેશન, સ્ટાર્ટ અપ અને લઘુ ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવાનો પણ છે. આ બેઠકમાં ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨ના આયોજન સંદર્ભે વિસ્તૃત પ્રેઝન્ટેશન પણ પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

આ ઉચ્ચસ્તરીય બેઠકમાં સંરક્ષણ સચિવ શ્રી રાજ કુમાર, એ.સી.એસ ડૉ. રાજીવકુમાર ગુપ્તા, સંરક્ષણ મંત્રાલયના વરિષ્ઠ અધિકારી શ્રી ચંદ્રાકાર ભારતી અને શ્રી અચલ મલહોત્રા, ગુજરાતના ઉદ્યોગ કમિશનર શ્રી રાહુલ ગુપ્તા અને ઇન્ડેક્સ્ટ-બીના એમ.ડી સુશ્રી નિલમ રાની ઉપસ્થિત રહ્યાં હતાં. ●



# એક બહુઆયામી સર્જક
# ઝવેરચંદ મેઘાણી

**રમેશ ઠક્કર**

ઝવેરચંદ મેઘાણીને આપણે ગાંધીયુગના સર્જક તરીકે ઓળખીએ છીએ પણ ગુજરાતી સાહિત્યના તમામ યુગો એમની કલમમાં પ્રગટતા જોવા મળે છે. એ સર્વકાલીન સાહિત્યકાર છે.. અષાઢી આકાશ ઘટાટોપ છવાયું હોય..લીમડાઓથી લથબથ ધરતી છવાયેલી હોય અને હવામાં તાજી લ્હેરખીઓ ફરફરતી હોય એ વખતે કોઈ કળાયેલ મોરની ગહેંક આખા વાતાવરણમાં ગુંજી ઊઠે અને જે અનુભૂતિ થાય એવી જ લાગણી મેઘાણીને પડછંદ અવાજે કોઈ ગીત લલકારતા સાંભળીએ ત્યારે થાય..એમનો ઘેઘૂર અવાજ એટલે ઊર્મિની અભિવ્યક્તિ...કવિતા લખવી અને કાવ્યપઠન કરવું અને એ બન્ને કળાઓમાં એકસાથે પારંગત હોવું એ દુર્લભ બાબત ગણાય છે...મેઘાણી આવા મોંઘેરા સર્જક હતા.

મેઘાણીની પ્રતિભાના ઘણા આયામ છે. આપણે ફક્ત એમને લોકસાહિત્યકાર કે 'સૌરાષ્ટ્રની રસધાર શૌર્યકથાઓના લેખક તરીકે જ ઓળખીએ છીએ. લોકગાયકોએ એમની રચનાઓનો ભરપૂર ઉપયોગ કરી કાર્યક્રમો કર્યા છે. લોકવાર્તાઓનાં કે લોકગીતોનાં એમનાં સંપાદન અને માતબર સંશોધનો થકી જાણેઅજાણે આપણે ઝવેરચંદ મેઘાણીને લોકબોલીના કવિ તરીકે ઓળખીએ છીએ.. હકીકતમાં એમના વિરાટ વ્યક્તિત્વનો આ એક નાનકડો ખૂણો છે... સર્જક તરીકે મેઘાણીના અનેક રંગ છે અનેક છટાઓ છે. ઈ.સ 1935માં એમનો કાવ્યસંગ્રહ "યુગવંદના" પ્રગટ થાય છે.. જેને કવિ 'ઊર્મિતંત્રની વીણા' કહી પોતાનો ઉમળકો વ્યકત કરે છે.. આ સંગ્રહનાં કાવ્યો પીડિતોની વ્યથા વ્યક્ત કરે છે. શોષિતોની સંવેદનાઓ એમાં વણાઈ છે.. માણસની વેદના એમાં શબ્દદેહ

પામી છે..કવિની પ્રતિબદ્ધતા જુઓ..

"આગે કદમ ! આગે કદમ ! આગે કદમ !
યારો ! ફનાના પંથ પર આગે કદમ !
આગે કદમ પાછા જવા રસ્તો નથી
રોકાઓ ના- ધક્કા પડે છે પીઠથી
રોતાં નહી- ગાતાં ગુલાબી તોરથી !
આગે કદમ આગે કદમ આગે કદમ !

કાવ્યનો ઉઘાડ જ કહી આપે છે કે આ કવિ ગુલાબી તોરના કવિ છે.. એમના શબ્દોમાં ગજબની ખુમારી છે.. એક અનોખો સંદેશ છે.. દિશા ચીંધવાની પ્રતિબદ્ધતા છે.. મેઘાણીનાં કાવ્યો માણસમાં આશાનો સંચાર પ્રગટાવે છે.. મેઘાણી સામાન્ય માનવીના સંવેદનને ઝીલતા કવિ છે.."બીડીઓ વાળનારીનું ગીત" એનો ઉત્તમ નમૂનો છે..

'બીડીઓ વાળો, બીડીઓ વાળો, બીડીઓ વાળો રે.. નિરાધાર
બાર પૈસાની પાંચસો લેખે બીડીઓ વાળો રે..
ભૂખ લાગી છે બીડીઓ વાળો
ઊંઘ આવે છે બીડીઓ વાળો.
વાણિયો કાંટોકાંટ તોલાવે બીડીઓ વાળો રે..
ઓછું થાતાં, દામ કરાતાં, બીડીઓ વાળો રે.
નિરાધાર બીડીઓ વાળો રે..

આ આખા ગીતમાં કવિએ મહેનતકશ માણસની વેદનાને કલાત્મક રીતે ગૂંથી છે..પ્રેમ પુષ્પો અને પ્રેમિકાની આસપાસ ફરતા કવિઓ કરતાં એમનું ભાવજગત અલગ છે અને એટલે જ એ કવિઓને કહે છે.

' ધરતીને પટે પગલે પગલે
મૂઠી ધાન વિના નાનાં બાળ મરે
પ્રભુહિન આકાશેથી આગ ઝરે
અહોરાત કરોડ કરોડ ગરીબોના પ્રાણ
ધનિકોને હાથે રમે
ત્યારે હાય રે હાય કવિ !
તને પૃથ્વીને પાણી તણાં શેણે ગીત ગમે ! '

શોષિત જનસમાજની સંવેદનાને આલેખતા આ કવિ જયારે લોકગીતોને બહેલાવે છે ત્યારે પણ એક અનોખું ભાવવિશ્વ ખડું કરે છે. "રઢિયાળી રાત" સંગ્રહની એક ઝલક અને એમાં પ્રગટતી વૈવિધ લોકબોલીની ઝલક માણીએ.

"છલકાતું આવે બેડલું
મલકાતી આવે નાર રે,મારી સાહેલીનું બેડલું..."
"મહેંદી તે વાવી માળવે
એનો રંગ ગિયો ગુજરાત રે
મેંદી રંગ લાગ્યો રે.."
"લીંબડો ઊગ્યો વઢિયારમાં
લીંબડી ઊગીરે લીલુડા બાગમાં



લોકસાહિત્ય એટલે જ જાણે મેઘાણી..આવાં તો અનેક મોતી લોકસમંદરના વિશાળ પેટાળમાંથી શોધી લાવીને એમણે ભાવકોને ન્યાલ કરી દીધા છે. લોકસાહિત્ય એ એમના લેખનનું અભિન્ન અંગ રહ્યું છે. ઝવેરચંદ મેઘાણી કવિ તરીકે ચડે કે લેખક તરીકે ? એવી વિમાસણ થાય એવું આ બંને ક્ષેત્રોમાં એમનું પ્રદાન છે.. વાર્તા હોય કે નવલકથા..મેઘાણી એમાં અદ્ભુત ખીલે છે. સૌરાષ્ટ્રની રસધારમાં એ સમયના પાળિયાઓ..વટ વચન અને વેરની કથાઓ આપણને મંત્રમુગ્ધ કરે છે. "શેણી વિજાણંદ"ની પ્રેમકથા હોય કે "અણનમ માથાં ' ની શૂરવીરતા ! આવી તો અનેક કથાઓ એમણે આપી છે. વીર માંગડાવાળાનું પ્રેત અને એના ઉપર રચાતી વાર્તા "ભૂત રૂવે ભેંકાર" આપણને એક અજાયબ સૃષ્ટિમાં લઈ જાય છે.

મેઘાણી એક મોટાગજાના પત્રકાર પણ છે. અખબારી લેખન અને એ નિમિત્તે ઢગલાબંધ લેખો એમણે લખ્યા છે. એની પણ અલગ મજા છે.."ફૂલછાબ" માં એમણે ઊભી કરેલી ઝડઝમકવાળી અલગ ગુજરાતી ભાષાની પ્રણાલી મૌલિક પરંપરા બની ગઈ છે..

ધારાવાહિક નવલકથાઓ એમણે લોકપ્રિય બનાવી..પૂજ્ય રવિશંકર મહારાજનું જીવનચરિત્ર "માણસાઇના દીવા" લખી એમણે એક અલગ જ પ્રતિભાનાં દર્શન કરાવ્યાં છે..મેઘાણી એક બહુઆયામી સર્જકપ્રતિભા છે..આયુષ્યના પોતાને મળેલા ફકત પાંચ દાયકામાં એમણે એટલું પ્રચંડ સાહિત્ય સર્જયું છે કે માણસ સો વરસ જીવે તો પણ ના લખી શકે..લોકપ્રિયતાને સાથેસાથે શિષ્ટ કલાકૃતિઓ પણ એમણે સમાંતરે આલેખી છે..

એમની વાર્તા સૃષ્ટિનો એક આગવો અંદાજ છે. એમની અનેક નવલિકાઓ આજે પણ લોકો એટલી જ તન્મયતાથી વાંચે છે.. મેઘાણીની વાર્તાઓ વારંવાર વાંચવાનો પણ એક લ્હાવો છે. ગદ્યલેખનની વાત કરીએ તો ગુજરાતી સાહિત્યના ત્રણ એકકા એટલે નર્મદ,મુનશી અને મેઘાણી..સોરઠની તળપદી મહેંક મેઘાણીની ભાષાની વિશેષતા છે. એ પોતાને "પ્હાડનું બાળક" કહે છે. એમનો જન્મ ચોટીલામાં તા.28/8/1896માં..સવાસો વરસ પછી પણ આજે વાચકો એમને વાંચે છે.. એમની બળકટ ભાષાનો આજે પણ કોઇ વિકલ્પ નથી. સામાન્ય રીતે વાચક મેઘાણીને સૌરાષ્ટ્રની રસધાર થકી વધારે ઓળખે છે. એમનાં શૌર્ય ગીતો પણ લોકહૃદયમાં અંકિત છે.."રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે, કેસરવરણી સમરસેવિકા કોમલ સેજ બિછાવે.." એ શહીદ ગીત કે "હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ, કલેજાં ચિરતી કંપાવતી અમ ભયકથાઓ" જેવાં દેશભકિત ગીત કે "કસુંબીનો રંગ" જેવી કાલાતીત રચના એમને અમર બનાવવા પૂરતી છે, એક પ્રખર દેશભક્ત તરીકે એમની છબી આ રચનાઓમાં અંકિત થાય છે અને એટલે જ ગાંધીજીએ એમને "રાષ્ટ્રીય શાયર" કહી નવાજયા હતા.

લોકમાનસમાં એ કવિ અને શૌર્યકથાઓના લેખક તરીકે જાણીતા છે પણ મેઘાણી એક ઉત્તમ કક્ષાના વાર્તાકાર પણ હતા..





એમની નવલિકાઓ એનાં પાત્રો અને એમાં ગૂંથાયેલી લાગણીઓ એક અજાયબ સૃષ્ટિ ઊભી કરે છે..મેઘાણીના વાર્તા જગતમાં ડોકિયું કરીએ. "ઓળીપો" ઝવેરચંદ મેઘાણીની આવી જ એક રસપ્રદ વાર્તા છે.. જેને તમે શબ્દોમાં કંડારાયેલું કલાત્મક આંસુ કહી શકો. માનવમનના સૂક્ષ્મ ભાવોને..લાગણીઓને શબ્દના એક લસરકે ભાવનાત્મક રીતે ઉપસાવવામાં મેઘાણીનો જોટો જડે એમ નથી...! વાર્તાનું શીર્ષક એક સંકેત આપે છે..ઓળીપો એટલે ગારમાટીનું કલાત્મક લીંપણ..જે લોકો ગારમાટીના ઘરમાં રહ્યા હશે એ જાણતા હશે કે ગારમાટીનાં ઘરોને છાણથી સજાવવામાં આવતાં. ઘરની સ્ત્રીઓ, દીકરીઓ કે નવી આવેલી વહુવારુઓ એમની કોમળ આંગળીઓ થકી સુંદર ઓકળીઓ પાડતી. ઘર ઝગમગી ઊઠતું, એ ઓળીપો. એમાં કળા અને લાગણીઓનું જાણે ભરતકામ થતું.

વાર્તાનો નાયક અને નાયિકા નવાં પરણેલાં મુગ્ધ પ્રેમીઓ છે.નવી પરણીને સાસરીમાં આવેલી રૂપી નામની મુગ્ધાની આ વાત છે. ખાધેપીધે સુખી પરિવારની મેર કન્યા સાધારણ કુટુંબની વહુ બનીને સાસરે આવે છે. ગારમાટીનું દેશી નળિયાનું ઘર, ઘરડાં સાસુ સસરા અને નિર્દોષ માસૂમ પતિ નથુ. રૂપીને આ બધું ગમી જાય છે. પૈસે ટકે પોતાના પિયરથી ભલે ઊતરતાં પણ લાગણીથી ભરપૂર સાસરિયાં એને પોતીકાં લાગે છે. પિતાના ઘેર દોમદોમ સાહેબીમાં ઉછરી હોવા છતાં એને અહીંના અભાવો કઠતા નથી.. પ્રેમાળ પતિ અને એનો સંસાર એને ગમવા લાગે છે. ઘરવાળો નથુ શરમાળ છે. રૂપી એને પણ ખૂબ ગમે છે. આવી સરસ પત્ની મળવા બદલ એ મનોમન ભગવાનનો પાડ માને છે. એ સતત રૂપીનું સાંનિધ્ય ઝંખે છે. કથા બરાબર જામે છે. વાચકને આ લવસ્ટોરી હોવાનું પ્રતીત થાય છે. પણ મેઘાણી અલગ માટીના લેખક છે. થનગનતી રૂપી સાસરાના જૂના અને જર્જરિત ઘરને સજાવવામાં જ મગ્ન હોય છે.. આવી ત્યારથી




વગડેથી માટી લઈ આવવી, છાણ ભેગું કરવું,ગાર માટી તૈયાર કરી દીવાલની સજાવટ કરવી.. એને મજા પડે છે આ બધું કરવામાં.. ઘરડાં સાસુ સસરા આ નાજુક પુત્રવધૂને આરામ કરવા કહે છે... આડોશીપાડોશીને સતત ઓળીપો કરતી રૂપીને જોઈ આશ્ચર્ય થાય છે.. મલપતી મલપતી ચાલે આવતી રૂપીને જોઈ લોકો કહે છે "બાઈ આ તો નવી નવાઈની આવી છે !" ખેતરેથી ઘરે રોટલો ખાવા આવતો નથુ એની એક નજર માટે તરસે છે..પણ રૂપી તો ઘરને શણગારવામાં જ મસ્ત હોય છે...!મધુર દામ્પત્ય જીવન નજરાઈ તો નહી જાય ને ? એવો અંદેશો પણ આપણને થાય છે અને સોરઠનો શ્રાવણ ડોકાય છે. સાતમ આઠમના તહેવારો પિયરમાં કરવા માટે રૂપી બાપના ગામ જવા તૈયાર થાય છે. લગ્ન પછી એ પહેલી વખત માબાપને ત્યાં જઈ રહી છે.. એના દિલમાં હરખ છે..એ સજીધજીને તૈયાર થાય છે. પરણ્યા પછી પહેલીવાર એને આવો સમય મળે છે. સુંદર મેર કન્યા અપ્સરા કરતાં પણ વધારે સોહામણી લાગે છે. પતિ નથુ એને જોઈ જ રહે છે. "આ બધું કયાં મૂકી રાખ્યું'તું ?," નથુ કહે છે...વિદાય લેતી અલ્લડ રૂપી નથુને પોતાના પિયરમાં આઠમ માણવા આવવાનું કહે છે. એ વચન લઈ એ વિદાય થાય છે. ગરીબ સાસરાની એને માયા લાગી ગઈ છે.. નથુ પણ એને બેહદ ગમે છે. પણ એક રિવાજ મુજબ એ પિયર જાય છે. નવી પરણેતર પિયર અને મેળામાં મ્હાલવાની વાત સોરઠી ધરાના સંતાનોને જ સમજાય.

કથા હવે કરવટ બદલે છે અને એ કરુણરસમાં પ્રવેશે છે. પિયર પહોંચેલી રૂપીને જોઈ એનાં માબાપ અને સગાંસંબંધી છળી મરે છે.. દૂબળી પડી ગયેલી પારેવા જેવી એમની દીકરીને સાસરિયાં હેરાન કરતાં હશે? એવી ધારણા કરે છે. પાડોશીઓ અને બીજાં એમાં સૂર પૂરાવે છે.. સાસરીમાં એની પાસે સતત કામ કરાવવામાં આવે છે એવી ભંભેરણી થાય છે. વાત વટે ચડી જાય છે. લોકો એને બહેકાવે છે.. રૂપીનાં પિયરિયાં એવું માને છે કે એની પાસે મજૂરી કરાવવામાં આવે છે. એને દુઃખ આપવામાં આવે છે. એ લોકો દીકરીના હૃદયના ભાવો જાણવાની કોશિશ જ કરતા નથી. મોજથી ઓળીપો આલેખતી રૂપીને કોઈ સાંભળતું જ નથી. શરમની મારી એ કશું કહેતી નથી એવું બધાં માની લે છે અને એનાં સાસરિયાંને સબક શીખવવાનું નક્કી કરે છે. એનાં માબાપ એના છૂટાછેડા માટે નિર્ણય કરી લે છે. બીજી બાજુ નથુ અને એનાં મા-બાપ એવું સમજે છે કે પિયર જઈને રૂપી એ જ આ ફરિયાદ કરી હશે ! અંટસ વધી ગઈ.. અને અંતે રૂપીને એક બીજા સુખી કુટુંબમાં બીજા વર સાથે વળાવવામાં આવે છે..એની ઈચ્છા વિરૂદ્ધ.

બીજું લગન એટલે કે નાતરું કરીને ગયેલી રૂપી પહેલા પતિ નથુને યાદ કરી મેળામાં એના આવવાની રાહ જુએ છે. નવા ઘરમાં એને ચેન પડતું નથી. આઠમ આવી જાય છે. વચન મુજબ નથુ આવશે જ એવી આશાએ એ દૂર નદી કાંઠે જઈ એની પ્રતીક્ષા કરે છે.. બૂમો પાડે છે.. તલસાટ અનુભવે છે.. એ ખુલ્લી વાટે નથુને શોધવા દોડવા માંડે છે. દીકરીનો આ વલોપાત જોઈ એનાં માબાપ પણ પાછળ દોડતાં આવે છે.. વહેતી નદી પાસે છલોછલ ભરેલો એક ધરો હોય છે.. નથુ કયાંય દેખાતો નથી..પાછળ દોડી આવતી મા રૂપીને અકળાવે છે.. એની મનગમતી સૃષ્ટિ હવે પાછી નહીં જ મળે એની ખાત્રી એને થઈ ગઈ છે.. નથુના નામની છેલ્લી બૂમ પાડી એ વિકરાળ ધરાના જળપ્રવાહમાં વિલીન થઈ જાય છે.. એનો ઓળીપો નોંધારો બની જાય છે..કરુણતાનો એક આલેખ રચાઈ જાય છે..! એક સુંદર મજાના દાંપત્યની સજાવટ સાથે શરૂ થયેલી વાર્તા ગ્રામ્ય સમાજના વહેમ, વટ અને માન્યતાઓના વમળમાં બે મુગ્ધ પ્રેમીઓની પ્રીતને સમજી શકતાં નથી.. ઝવેરચંદ મેઘાણીએ લખેલી નવલિકાઓમાં "ઓળીપો" એક અનોખી વાર્તા છે. સોરઠી ભાવનાત્મક પાત્રોની અદ્ભુત વાર્તાઓ એમણે લખી છે.. ઓળીપો એવી જ યાદગાર નવલિકા છે.

ગુજરાતી ભાષાના આ લાડકવાયા સર્જકની સવાસોમી જન્મજયંતી આપણે ઉજવી રહ્યા છીએ. સમયના વીતવાની સાથે એમના શબ્દો વધુને વધુ લોકપ્રિય થતા રહ્યા છે.. એમની કવિતાઓ, એમનાં લોકગીતો ચારણી સાહિત્ય અને વાર્તાઓ આજેપણ ઘરઘરમાં વંચાય છે. શાળા હોય કે કોલેજ..અખબાર હોય કે સામયિક.. પાઠયપુસ્તક હોય કે રંગમંચ..ડાયરો હોય કે સુગમસંગીતનો કાર્યક્રમ. દેશભક્તિ હોય કે પરાક્રમગાથા ઝવેરચંદ મેઘાણીની રચના અનિવાર્યપણે યાદ આવી જતી હોય છે. એમનું એક શૌર્યગીત છે જેનું શીર્ષક છે "તલવારનો વારસદાર".. એ જ રીતે આપણે એમને ગુજરાતી સાહિત્યમાં "શબ્દોના વારસદાર " કહી શકીએ. ●

## સ્વાતંત્ર્યવીરોને શત શત નમન

# ભારતની આઝાદીનો અમૃત મહોત્સવ

ભારતને બ્રિટિશ શાસનની ચુંગાલમાંથી છોડાવવા સમગ્ર દેશે ખૂબ સંઘર્ષ કર્યો. અનેક ક્રાંતિવીરોએ પોતાના બલિદાનો આપ્યાં, અનેક સ્વતંત્ર સેનાનીઓએ જેલવાસ ભોગવ્યો, અનેક યાતનાઓનો સામનો કર્યો ત્યારે દેશને મહામૂલી આઝાદી મળી. ભારતની આઝાદીના ચાલુ વર્ષ 2021માં 75 વર્ષ પૂર્ણ થયા. આઝાદીના આ અમૃત મહોત્સવની સમગ્ર દેશ ધૂમધામથી ઉજવણી કરી રહ્યું છે. સાથે આગામી શતાબ્દી વર્ષ માટેના દિવ્ય, ભવ્ય ભારતનો સંકલ્પ પણ કરી રહ્યો છે. ભારતની તાસીર જ અલગ છે. ભારત એ વિશ્વની સૌથી પ્રાચીન સંસ્કૃતિ ધરાવતો તથા સૌથી મોટો લોકશાહી દેશ છે. ભારત પર અનેક વિદેશી પ્રજાએ આક્રમણો કર્યા પરંતુ ભારતે તેની સંસ્કૃતિ અને સંસ્કાર બરકરાર રાખ્યા છે.

उत्तरं यत् समुद्रस्य हिमाद्रेश्चैव दक्षिणम् ।
वर्षं तद् भारतं नाम भारती यत्र सन्ततिः ॥

ઉત્તરમાં હિમાયલથી લઈને દક્ષિણમાં સમુદ્ર સુધી પથરાયેલો વિસ્તારનું નામ ભારત છે તથા અહીંના લોકો ભારતીય છે.

ભારતની આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીમાં સમગ્ર દેશને આવરી લેવાયો છે. આપણા ત્યાં કહેવામાં આવે છે કે 'उत्सवेन बिना यस्मात् स्थापनम् निष्फलम् भवेत्' એનો અર્થ એવો થાય છે કે કોઈ પણ પ્રયાસ, કોઈ પણ સંકલ્પ ઉત્સવ પૂર્ણ થતો નથી. એક સંકલ્પ જ્યારે ઉત્સવનું સ્વરૂપ ધારણ કરે છે ત્યારે તેમાં લાખો કરોડો લોકોનો સંકલ્પ જોડાઈ જાય છે. લાખો કરોડો લોકોની ઊર્જા જોડાઈ જાય છે. આવી ભાવના સાથે જ આપણે 130 કરોડ દેશવાસીઓને સાથે લઈને, તેમની સાથે જોડાઈને, આઝાદીનો આ અમૃત મહોત્સવ અને આઝાદીનાં આ 75 વર્ષનું પર્વ મનાવવામાં આવી રહ્યુ છે. આ ઉત્સવની મૂળભૂત ભાવના જનભાગીદારી છે અને આપણે જ્યારે જનભાગીદારીની વાત કરીએ છીએ ત્યારે તેમાં 130 કરોડ દેશવાસીઓની ભાવના પણ જોડાયેલી છે, તેમના વિચારો અને સૂચનો પણ છે અને તેમનાં સપનાં પણ છે.આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ભારત સરકાર દેશની આઝાદીની 75મી વર્ષગાંઠની ઉજવણી કરવા શ્રેણીબદ્ધ કાર્યક્રમોનું આયોજન કર્યા છે. આ મહોત્સવની ઉજવણી જનભાગીદારીના જુસ્સા સ્વરૂપે જન-ઉત્સવ તરીકે થઈ રહી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની ધરતી અમદાવાદના સાબરમતી આશ્રમથી 12 માર્ચ, 2021ના આઝાદીના અમૃત મહોત્સવની શરૂઆત કરાવી. સાબરમતી આશ્રમથી નવસારીમાં દાંડી સુધીની પદયાત્રામાં 81 પદયાત્રીઓ ભાગ લીધો હતો. 5 એપ્રિલના રોજ તેઓ 241 માઈલનું અંતર પગપાળા કાપીને દાંડી પહોંચ્યા હતા. આ પદયાત્રામાં દાંડી સુધીના માર્ગ દરમિયાન લોકોના અલગ અલગ સમૂહો જોડાયા હતા.

તેમણે આ પ્રસંગે નાગરિકોને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, 15 ઓગસ્ટ, 2022 અગાઉ 75 અઠવાડિયાનો 'આઝાદી કા અમૃત મહોત્સવ' શરૂ થયો છે, જે 15 ઓગસ્ટ, 2023 સુધી ચાલશે. તેમણે મહાત્મા ગાંધી અને આઝાદીની લડતમાં પોતાનું જીવન સમર્પિત કરનાર મહાનુભાવોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

વડાપ્રધાનશ્રીએ આઝાદીની લડાઈ, આઈડિયાસ @ 75 (75 વર્ષે વિચારો), એચિવમેન્ટ્સ @ 75 (75 વર્ષે ઉપલબ્ધિઓ), એક્શન્સ @ 75 (75 વર્ષે કાર્યો) અને રિઝોલ્વ્સ @ 75 (75 વર્ષે સંકલ્પ) આ પાંચ આધારસ્તંભો પર ભાર મૂક્યો હતો

આઝાદી કા અમૃત મહોત્સવ એ ભારતની સ્વતંત્રતાની 75મી વર્ષગાંઠના ઉપલક્ષમાં ભારત સરકાર દ્વારા ઉજવણી અર્થે આયોજિત વિવિધ શ્રેણીબદ્ધ કાર્યક્રમો છે. આ મહોત્સવ જન-ભાગીદારીની ભાવના સાથે જન-ઉત્સવ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. આ ઉજવણી અંતર્ગત યોજવામાં આવનારા વિવિધ કાર્યક્રમોના આયોજન અને તેને લગતી નીતિઓ ઘડવા માટે ગૃહમંત્રીની અધ્યક્ષતામાં એક રાષ્ટ્રીય અમલીકરણ સમિતિનું ગઠન કરવામાં આવ્યું છે. 15 ઑગસ્ટ 2022ના બરાબર 75 અઠવાડિયા પહેલાં એટલે કે 12 માર્ચ, 2021થી આ પૂર્વાવલોકન પ્રવૃત્તિઓનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

આપણા વેદોનું વાક્ય છે- મૃત્યોઃ મુક્ષીય મામૃતાત. અર્થાત્ આપણે દુઃખ, કષ્ટ, ક્લેશ અને વિનાશથી નીકળીને અમૃત તરફ આગળ વધીએ, અમરતા તરફ આગળ વધીએ. આ સંકલ્પ આઝાદીના આ અમૃત મહોત્સવનો પણ છે. આઝાદીનો અમૃત મહોત્સવ એટલે આઝાદીની ઊર્જાનું અમૃત, આઝાદીનો અમૃત



મહોત્સવ એટલે સ્વાધીનતા સેનાનીઓ પાસેથી પ્રેરણાનું અમૃત. આઝાદીનો અમૃત મહોત્સવ એટલે નવા વિચારોનું અમૃત. નવા સંકલ્પોનું અમૃત. આઝાદીનો અમૃત મહોત્સવ એટલે આત્મનિર્ભરતાનું અમૃત. એટલા માટે, આ મહોત્સવ રાષ્ટ્રના જાગરણનો મહોત્સવ છે. આ મહોત્સવ સુરાજ્યનાં સપનાંને પૂરાં કરવાનો મહોત્સવ છે. આ મહોત્સવ વૈશ્વિક શાંતિનો, વિકાસનો મહોત્સવ છે.

આવી જ રીતે આઝાદીની લડાઈમાં અલગ અલગ સંગ્રામો, અલગ અલગ ઘટનાઓની પણ પોતાની પ્રેરણાઓ છે, પોતાના સંદેશ છે જેને આત્મસાત્ કરીને આજનું ભારત આગળ વધી શકે છે. 1857નો સ્વતંત્રતા સંગ્રામ, મહાત્મા ગાંધીનું વિદેશથી પુનરાગમન, દેશને સત્યાગ્રહની તાકાત ફરી યાદ અપાવવી, લોકમાન્ય ટિળકનું પૂર્ણ સ્વરાજ્યનું આહ્વાન, નેતાજી સુભાષ ચંદ્ર બૉઝના નેતૃત્વમાં આઝાદ હિંદ ફોજની દિલ્હી કૂચ, દિલ્હી ચલો, એ નારો આજે પણ હિંદુસ્તાન ભૂલી શકે નહીં. 1942નું અવિસ્મરણીય આંદોલન, અંગ્રેજો ભારત છોડોનો એ ઉદઘોષ, એવાં કેટલાંય અગણિત પડાવ છે જેમાંથી આપણે પ્રેરણા લઈએ છીએ, ઊર્જા લઈએ છીએ. એવાં કેટલાય હુતાત્મા સેનાની છે જેમના પ્રત્યે દેશ દરરોજ પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરે છે.

1857ની ક્રાંતિના મંગલ પાંડે, તાત્યા ટોપે જેવા વીર હોય, અંગ્રેજોની ફોજ સામે નીડર ગર્જના કરનારી રાણી લક્ષ્મીબાઈ હોય, કિત્તૂરની રાની ચેન્નમા હોય, ચંદ્રશેખર આઝાદ, રામ પ્રસાદ બિસ્મિલ, ભગત સિંહ, સુખદેવ, રાજગુરુ, અશફાકઉલ્લા ખાન, ગુરુ રામ સિંહ, પૉલ રામાસામી જેવા વીર હોય કે પછી પંડિત નહેરુ, સરદાર પટેલ, બાબા સાહેબ આંબેડકર, સુભાષ ચંદ્ર બૉઝ, મૌલાના આઝાદ, ખાન અબ્દુલ ગફ્ફાર ખાન, વીર સાવરકર જેવા અગણિત જનનાયકો!! આ તમામ મહાન વ્યક્તિત્વ આઝાદીના આંદોલનના પથ-પ્રદર્શક છે. આજે એમનાં જ સપનાનું ભારત બનાવવા માટે આપણે સામૂહિક સંકલ્પ લઈ રહ્યા છીએ, એમનાંમાંથી પ્રેરણા લઈ રહ્યા છીએ.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી અંગેની રાષ્ટ્રીય સમિતિને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, ઉજવણી વગર કોઈપણ સંકલ્પ સફળ નથી થતો. જ્યારે એક સંકલ્પ ઉજવણીનું સ્વરૂપ ધારણ કરે છે ત્યારે લાખો લોકોની પ્રતિજ્ઞાઓ અને ઊર્જાનો તેમાં ઉમેરો થાય છે.

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, લોકોમાં ઓછા જાણીતા આઝાદીના લડવૈયાઓની ગાથાઓ લેવા માટે અને તેમના આત્મગૌરવની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે દેશનો ખૂણે ખૂણો દેશના દીકરા-દીકરીઓનાં બલિદાનોથી સીંચાયેલો છે અને તેમની ગાથાઓ દેશ માટે પ્રેરણાનો ચિરંજીવી સ્રોત રહેશે. તેમણે કહ્યું હતું કે દરેક વર્ગના યોગદાનને આપણે આગળ લાવવું પડશે. એવા પણ લોકો છે કે જેઓ અનેક પેઢીઓથી દેશ માટે મહાન કામ કરી રહ્યા છે, તેમનું યોગદાન, વિચારો અને અભિપ્રાયો દેશના પ્રયાસો સાથે સંકલિત કરવાની જરૂર છે.

આ ઐતિહાસિક ઉત્સવ આપણા આઝાદીના સેનાનીઓનાં સપનાઓને પૂરા કરવા માટે, ભારતને એક એવી ઊંચાઈ પર લઈ જવા માટે કે જેની તેમણે ઈચ્છા કરી હતી તેના વિષે છે. તેમણે ખાતરી આપી હતી કે દેશ એવી સિદ્ધિઓ હાંસલ કરી રહ્યો છે કે જેની કેટલાંક વર્ષો અગાઉ કલ્પના કરવી પણ મુશ્કેલ હતી. તેમણે કહ્યું કે આ ઉજવણી ભારતના ઐતિહાસિક ગૌરવને અનુકૂળ જ હશે.

આઝાદીનો અમૃત મહોત્સવ ભારતની એકતા, અંખડિતતાને મજબૂત બનાવશે. દેશના તમામ નાગરિકોને એક સાથે જોડીને આઝાદ ભારતની પ્રગતિ માટે સંકલ્પબદ્ધ થશે. આઝાદીનો અમૃત મહોત્સવ દેશ માટે શહીદ થયેલા વીર જવાનો, સ્વાતંત્ર્ય સેનાનીઓને યાદ કરવાનું અને તેમનું ઋણ અદા કરવાનું પર્વ છે. ●



## ગુજરાતના નિર્માણનો મંત્ર છે "સૌના સાથથી શિક્ષિત અને દીક્ષિત ગુજરાત"

# શિક્ષક દિને ગુજરાતે અનોખી રીતે કરી શિક્ષક વંદના

**"વિદ્યાધનમ્ સર્વ ધનમ્ પ્રધાનમ" અને "સા વિદ્યા યા વિમુક્તયે"**

સંસ્કૃત ભાષાની આ બે રત્નકણિકાઓને વાંચતા જ માનવીના જીવનમાં વિદ્યાનું કેટલું મહત્ત્વ છે તે સમજાઇ જાય છે.

"વિદ્યાધનમ્ સર્વ ધનમ્ પ્રધાનમ" એટલે કે સમાજના તમામ પ્રકારના ધનમાં જે ધન પ્રધાન (શ્રેષ્ઠ) છે તે સવિદ્યા જ છે. "સા વિદ્યા યા વિમુક્તયે" એટલે કે, સમાજના તથા લોક પરલોકના તમામ બંધનોમાંથી મુક્તિ અપાવે એ સદ્વિદ્યા જ છે. વિદ્યાનું મહિમાગાન કરતાં અને તેના મહત્ત્વના ધ્યેય તરફ અંગુલિનિર્દેશ કરતાં કહેવાયું છે કે મુક્તિ એટલે દુર્ગુણ, અકર્મ, દુષ્પ્રભાવ, દુર્વિદ્યા, દુવિધા, દુઃખ, અજ્ઞાનમાંથી મોક્ષ, છૂટકારો અને એ વિદ્યા,જ્ઞાન ઉપાસનાથી જ શક્ય છે. સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે, માનવીની સંપૂર્ણ વ્યક્તિમતાનું સંપૂણ પ્રગટીકરણ એટલે શિક્ષણ. જ્યારે ગાંધીજીએ કહ્યું હતું કે, માણસના શરીર, મન, આત્મામાં જે કાંઈ શ્રેષ્ઠ છે તે બધું બહાર લાવવાનું છે જેને શિક્ષણ કહે છે. માટે જ શ્રેષ્ઠ સમાજ અને તેની પ્રગતિના પ્રવર્તક શિક્ષકને જ માનવામાં આવે છે. તાજેતરમાં જ સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિને શિક્ષક દિનની ઉજવણીરૂપે જ્ઞાનયજ્ઞરૂપી મશાલને પ્રજ્વલિત રાખનાર શિક્ષકોને સન્માનિત કરાયા હતા.

શિક્ષણ એ વ્યવસાય નહિ, ધર્મ છે. શિક્ષણ અખંડ યાત્રા છે. શિક્ષક વર્ગને સ્વર્ગ બનાવે છે. શિક્ષકને 'મા'ના સ્થાને મૂકવામાં આવે છે એટલે જ કદાચ શિક્ષકને માસ્તર કહેવામાં આવે છે. 'મા'



જેવું અને જેટલું જેનું સ્તર છે તે શિક્ષક. શાળામાં શિક્ષક ભલે કાળા પાટિયા પર ભણાવે પણ એ કાળું પાટિયું અનેકોના જીવનને રંગોથી ભરી દે છે. શિક્ષક વિદ્યાર્થીના જીવનમાં જ્ઞાનનો પ્રકાશ પાથરે છે. અહીં એ વાતનો ઉલ્લેખ કરી દઉં કે બાળકોની 'મુછાળી મા' તરીકે પ્રખર કેળવણીકાર ગિજુભાઈ બધેકાને યાદ કરવામાં આવે છે. તેમને ગુજરાતના સર્વપલ્લી રાધાકૃષ્ણન તરીકે પણ ઓળખવામાં આવે છે. બાળકેળવણીની રાહમાં તેમનું પ્રદાન અનન્ય, અતુલ્ય છે. સવિદ્યાને જ સાચું ધન અને મુક્તિ માનતા પ્રખર કેળવણીકાર ગિજુભાઈ બધેકા 'બાળ દેવો ભવ'ના સૂત્ર સાથે ભાવનગર દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનમાં જોડાયા. તેઓ બાળસ્વાતંત્ર્યના હિમાયતી હતા. આવા યુગપ્રવર્ત શિક્ષણ જગતના ઋષિઓને પ્રતાપે જ આજનો વિદ્યાર્થી ટેક્નોલોજીના વિનિયોગથી મહત્ત્વાકાંક્ષાઓને આંબી રહ્યો છે અને ભારત અને ગુજરાતની જ્ઞાનપ્રણાલિનું ચોમેર પ્રશસ્તીકરણ થઇ રહ્યું છે.

ઋષિઓના ગુરુકુળની કેળવણીનો અર્થ આજે આધુનિક ટેકનોલોજીયુક્ત શિક્ષણના સ્વરૂપમાં ફેરવાયો છે. વાસ્તવમાં કેળવણી માનવીના સશક્તીકરણ અને આંતરિક પ્રદીપ્તીકરણના આમૂલ પરિવર્તન સાથે અહર્નિશ ચાલતી પ્રક્રિયા છે. નવા નવા પાસા શિક્ષણ પદ્ધતિમાં ઉમેરાતા રહે છે. વર્તમાન શિક્ષણ વ્યવસ્થાની વાત કરીએ તો રાજ્ય સરકારે શિક્ષણમાં ટેક્નોલોજીનો ઉપયોગ કરવો શરૂ કર્યો છે.

**કેળવણી માનવીના સશક્તીકરણ અને આંતરિક પ્રદીપ્તીકરણના આમૂલ પરિવર્તન સાથે અહર્નિશ ચાલતી પ્રક્રિયા છે.**

રાષ્ટ્ર અને સમાજના વિકાસમાં સારી શાળા અને સાચા શિક્ષકોની ભૂમિકા મહત્ત્વની છે. સારી શાળા અને સાચા શિક્ષકોના સમન્વયથી જ વિદ્યાર્થીના માનસમાં જ્ઞાનપોષણ અને શિક્ષણનું વાવેતર શક્ય બને છે. સતત વિકસવું, નવું જાણવું, જૂનું સુધારવું, સંશોધન કરવું અને સફળ થવું એ રાજ્ય સરકારનું કેળવણીસૂત્ર બની ચૂક્યું છે. શિક્ષણ એ સજ્જ સમાજના ઘડતરનો આધાર છે. આ આધારને પાયાથી જ પ્રબળ કરવાનું કાર્ય કરે છે રાજ્ય સરકાર.

કેળવણીના મુખ્ય ત્રણ ઘટક છે શિક્ષક, વિદ્યાર્થી અને સમાજ . જેના થકી રાજ્ય સરકાર કેળવણીના સામાજિક ઉત્કર્ષ ધ્યેય અને વ્યક્તિગત ઉન્નતિના ધ્યેયને પાર પાડી રહી છે. ગુજરાતે છેલ્લા દાયકામાં શિક્ષણક્ષેત્રે અનેરી સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશીપૂર્ણ નેતૃત્વ હેઠળ અનેક નવતર પહેલ, યોજનાઓ તથા કાર્યક્રમો દ્વારા સમસ્યાઓનું નિવારણ લાવીને શિક્ષણ ક્ષેત્રે ઊર્ધ્વગામી પરિવર્તન આવ્યું છે. ગુજરાત સરકારે પણ શિક્ષણ ક્ષેત્રના વિકાસને બરકરાર રાખ્યો છે. આજે આપણા ગુજરાતે શિક્ષણ ક્ષેત્રે તેજ રફતારથી પ્રગતિ સાધી છે. શિક્ષિત અને દીક્ષિત ગુજરાત વિકાસના પાયામાં છે.

ગુજરાતમાં છેલ્લા દોઢ દાયકાથી શિક્ષણ ક્ષેત્રે વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. વૈશ્વિક હરીફાઈમાં ગુજરાતનો વિદ્યાર્થી એક કદમ આગળ રહે તેમજ ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ- કેળવણી ઘરઆંગણે મળી રહે તે માટે કે.જી.થી પી.જી. સુધીનું સુદઢ માળખું ગુજરાતે ઊભું કર્યું છે. રાજ્યમાં પ્રતિવર્ષ યોજાતા કન્યા કેળવણી શાળા પ્રવેશોત્સવ અને ગુણોત્સવ જેવા અભિનવ કાર્યક્રમોના માધ્યમથી કન્યા કેળવણીને પ્રોત્સાહન ઉપરાંત ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવામાં ગુજરાતે ઊડીને આંખે વળગે એવી સફળતા હાંસલ કરી છે.

શિક્ષણથી કોઈ વંચિત ના રહી જાય અને કન્યા કેળવણીને ઉત્તેજન મળે તેવા રાજ્ય સરકારના સંનિષ્ઠ પ્રયાસોથી પ્રાથમિક શિક્ષણની ગુજરાતમાં કાયાપલટ થઈ છે. શિક્ષણમાં ઊર્ધ્વગામી પરિવર્તનો અને તેનાં રચનાત્મક પરિમાણોના કારણે ગુજરાત આજે રાષ્ટ્રકક્ષાએ ઉદાહરણરૂપ બન્યું છે. ગુજરાતનું પ્રત્યેક બાળક શાળામાં પહોંચે અને કન્યા કેળવણીને પ્રોત્સાહન મળે તે માટે શરૂ કરાયેલા શાળા પ્રવેશોત્સવને અપ્રતિમ સફળતા મળી છે. શાળામાં બાળકોનું નામાંકન ૯૯.૧૪ ટકા સુધી પહોંચ્યું છે એ પ્રત્યેક ગુજરાતી બાંધવ માટે ગૌરવપૂર્ણ બાબત બની છે.

શાળામાં પ્રવેશ મેળવનાર બાળકોને ડ્રેસ, બૂટ, પુસ્તકો, પરિવહન ખર્ચ તથા સ્કૂલબેગ અને અભ્યાસને લગતી આનુષંગિક વસ્તુઓ ખરીદવા માટે વિદ્યાર્થી દીઠ રૂ.૩,૦૦૦ લેખે કુલ ૮,૩૦૯.૫૯ લાખની સહાય આપવામાં આવી છે. સમગ્ર દેશમાં આ રીતે સહાય માત્ર ગુજરાત રાજ્યમાં આપવામાં આવે છે. અગરિયા વિસ્તારના શ્રમિકોનાં બાળકોને પ્રારંભિક શિક્ષણ ઘર-આંગણે પૂરું પાડવાના પાયલોટ પ્રોજેક્ટરૂપે 'સ્કૂલ ઓન વ્હિલ' હરતી ફરતી શાળાનો પ્રારંભ કરવાનો રાજ્ય સરકારના મહત્ત્વપૂર્ણ નિર્ણયથી વંચિતોના ઘરમાં શિક્ષણના દીપ પ્રગટ્યા છે.

શિક્ષકો અને કેળવણીકારો ભલે અંતરે રહ્યાં છતાં તેમના અંતરે બાળકો-વિદ્યાર્થીઓ સતત રહ્યાં છે, જેનું શ્રેષ્ઠ ઉદાહરણ કોરોના મહામારી વખતે જોવા મળ્યું. કોરોનાની મહામારીને કારણે બાળકોના શિક્ષણને અસર ના થાય તે માટે ધોરણ - ૧થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓ માટે હોમ લર્નિંગ અંતર્ગત દૂરદર્શન ડીડી ગિરનાર ચેનલ દ્વારા શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ ગુજરાતમાં શરૂ

કરવામાં આવ્યું છે. ગુજરાત શાળા શિક્ષણ પરિષદ, સમગ્ર શિક્ષા દ્વારા હોમ લર્નિંગ કાર્યક્રમ અંતર્ગત ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે ગુજરાત વર્ચ્યુઅલ શાળા (લાઈવ વર્ચ્યુઅલ ક્લાસ) શરૂ કરવામાં આવી છે. કોરોના કાળમાં બંધ કરેલી ધો.૬ થી ૮ માટે શાળાઓ કોરોનાનો કેર નહીંવત્ થતા પુનઃશરૂ કરવામાં આવી છે.

લૉકડાઉનના સમયગાળા દરમિયાન શરૂઆતમાં બાયસેગના માધ્યમથી ઓન એર સ્ટડી (ટલિવિઝન કાર્યક્રમો) અંતર્ગત ધોરણ ૩ થી ૯ અને ૧૧ના વિવિધ વિષયો માટે વીડિયો લેકચર્સ તૈયાર કરી રાજ્યની વંદે ગુજરાત ચેનલ ઉપરાંત વિવિધ ખાનગી ટીવી ચેનલો મારફતે પ્રસારિત કરવામાં આવ્યાં હતા. દૂરદર્શનની ડીડી-ગિરનાર ચેનલ પરથી દરરોજ ધોરણવાર હોમ લર્નિંગ અંતર્ગત ૩૦ મિનિટના શૈક્ષણિક કાર્યક્રમો બાયસેગ ખાતે તૈયાર કરી પ્રસારિત કરવામાં આવી રહ્યા છે. વર્ષ ૨૦૨૦-૨૧માં કોવિડ મહામારી કાળ દરમિયાન જી. સી.ઈ.આર.ટી. દ્વારા શાળામાં ગુણવત્તાયુક્ત શિક્ષણ સંદર્ભે વિવિધ ઓનલાઈન પ્લેટફોર્મના માધ્યમથી વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો માટે શૈક્ષણિક તેમજ તાલીમી કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યાં.

**સતત વિકસવું, નવું જાણવું, જૂનું સુધારવું, સંશોધન કરવું અને સફળ થવું એ રાજ્ય સરકારનું કેળવણીસૂત્ર છે.**

આટલું જ નહીં, કેટલાય એવા શિક્ષકો છે જેમણે સ્વખર્ચે પોતાના વાહનોમાં હરતીફરતી શાળાઓ શરૂ કરી જે બાળકોને ત્યાં ટેલિવિઝન કે મોબાઈલ ન હતા ત્યાં ઘરઆંગણે શિક્ષણનો જ્ઞાનયજ્ઞ પ્રવજ્વલિત રાખ્યો.

રાજ્યની શાળાઓમાં સ્માર્ટ ઈ-લર્નિંગથી આધુનિક ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપવાની નવતર પહેલ કરવામાં આવી. ગુજરાત સરકાર દ્વારા વિજ્ઞાન અને ટેકનોલોજીનો શિક્ષણમાં યથાર્થ ઉપયોગ કરવા જ્ઞાનકુંજ પ્રોજેક્ટ શરૂ કરાયો છે. જેનાં પ્રભાવક પરિણામો પ્રાપ્ત થયાં છે. આ પ્રોજેક્ટ અંતર્ગત પહેલા તબક્કામાં રાજયની ૧૬૦૯ શાળાઓના કુલ ૩૧૭૩ વર્ગખંડોમાં ૨.૮૫ લાખ બાળકોને સ્માર્ટ કલાસ અંતર્ગત ઈ-કન્ટેન્ટ અને ઈન્ટરનેટના માધ્યમથી ગુણવત્તાસભર શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

બીજા તબક્કામાં રાજયની ૩૬૫૯ શાળાઓમાં ધોરણ ૭ અને ૮ના કુલ ૧૨,૦૦૦ વર્ગખંડોમાં આ પ્રોજેક્ટનું અમલીકરણ થયું. રાજયમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત કુલ ૫,૨૬૮ શાળાઓના ૧૫,૧૭૩ વર્ગખંડોમાં ટેકનોલોજીના વિવિધ સાધનો જેવાં કે પ્રોજેક્ટર, લેપટોપ, સ્પીકર, સ્માર્ટ ઈન્ટરેક્ટિવ બોર્ડની મદદથી સ્માર્ટ કલાસ વિકસાવવામાં આવ્યા છે, જેનો લાભ ધો.૫થી ૮ના કુલ ૧૦ લાખથી વધુ બાળકો લઈ રહ્યાં છે. રાજયની ૩૦,૫૦૦થી વધુ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓને સ્થાનિક પરિસ્થિતિ મુજબ ઉપલબ્ધ ઈન્ટરનેટ કનેક્ટિવિટીથી જોડી દેવામાં આવી છે. ૧૦૦ શાળાઓના વિદ્યાર્થીઓને રૂ. ૩૫ કરોડના ખર્ચે ૧૦,૦૦૦ ટેબ્લેટની સહાય આપવામાં આવી છે.

પ્રાથમિક શિક્ષણમાં નામાંકન અને સ્થાયીકરણ માટે રાજ્ય સરકારે ખાસ પ્રોત્સાહનો અમલમાં મૂક્યા છે. વિદ્યાલક્ષી બોન્ડ યોજના હેઠળ ધોરણ ૧માં ૧૦૦ ટકા કન્યાઓનું નામાંકન થાય, નવીન પ્રવેશ મેળવનાર કન્યાઓ ધોરણ ૭ સુધી અભ્યાસ ચાલુ રાખે તે માટે રૂ. ૨,૦૦૦ લેખેના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવે છે.વર્ષ ૨૦૧૬-૧૭થી ૨૦૨૦-૨૧ સુધી આ યોજના હેઠળ ૪,૫૦,૧૫૬ કન્યાઓએ લાભ મેળવ્યો છે. જે માટે રૂ.૯૦,૦૩,૧૧,૦૦૦નો ખર્ચ થવા પામ્યો છે. કન્યા કેળવણીને ઉત્તેજન મળે અને ડ્રોપ આઉટ રેશિયો ઘટે તે હેતુસર વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં ૯,૯૫૦ વિદ્યાર્થિનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે.

પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોના મંજૂર મહેકમ સામે ૯૫ ટકા જગ્યાઓ ભરાયેલી છે. રાજ્યની ૩૨,૩૦૯ સરકારી પ્રાથમિક શાળાઓમાં શાળાકીય વહીવટી કામગીરી સરળતાથી અને ચોકસાઈપૂર્વક થાય તે માટે પાંચમી સપ્ટેમ્બર - ૨૦૧૯ શિક્ષક દિનથી રાજય સરકાર દ્વારા સ્કૂલ એડમિનિસ્ટ્રેટિવ સિસ્ટિમ શરૂ કરવામાં આવી છે. આ સિસ્ટિમ દ્વારા શિક્ષકોના વાર્ષિક સરેરાશ ૧૦૮ કલાક લાંબી અને પેપર આધારિત વહીવટી પ્રક્રિયાઓથી બચાવવા અને શિક્ષણની પ્રક્રિયાઓમાં વધુ ગુણાત્મક સમય પ્રદાન કરવામાં સફળતા મળી છે. રાજ્યની પ્રત્યેક પ્રાથમિક સરકારી શાળાના સચોટ અને સમયસરના ડેટાની વિગતોના આધારે રાજ્યસ્તરે નિર્ણય લેવાની ક્ષમતામાં નોંધપાત્ર વધારો થયો છે.

ગુજરાતની યુનિવર્સિટીઓમાં વર્લ્ડ ક્લાસ શૈક્ષણિક વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે. ૭૬ જેટલી યુનિવર્સિટીઓ કાર્યરત છે. રાજ્યની સરકારી યુનિવર્સિટીઓ માટે એક કોમન એકેડેમિક કેલેન્ડરની નવતર પહેલ સરકારે કરી છે.રાજયની તમામ યુનિવર્સિટીઓમાં પ્રવેશ પ્રક્રિયા, પરીક્ષા તથા વેકેશનમાં એકસૂત્રતા જળવાય અને સુચારુરૂપે એક સાથે તમામ શૈક્ષણિક પ્રક્રિયાઓ યોજાય તે દિશામાં રાજ્ય સરકારે મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. બાયોટેકનોલોજી ક્ષેત્રે ગુજરાત દેશભરનું અગ્રિમ રાજ્ય બને તે માટે રાજ્ય સરકાર દ્વારા રિસર્ચ આધારિત ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે.

ધોરણ - ૧૨ પાસ પછી ટેકનિકલ અને ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ મેળવતા ૬ લાખ ઉપરાંત વિદ્યાર્થીઓને સમસ્ત વિશ્વનું જ્ઞાન તેમની

આંગળીના ટેરવે મૂકવા માટે નમો ટેબ્લેટ યોજના અંતર્ગત રૂ.૧,૦૦૦ની ટોકન કિંમતવાળા લેટેસ્ટ ટેબ્લેટની સહાય આપવામાં આવે છે. ડિજિટલ એજ્યુકેશન ડેવલપમેન્ટ ફંડ અંતર્ગત ડિજિટલ ક્લાસરૂમ તથા ઈ-લાઈબ્રેરી માટે સરકારી સંસ્થાઓ, યુનિવર્સિટીઓમાં નમો વાઈફાઈનો વ્યાપ વધારાયો છે.

ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા રાજ્યની ૩૨,૬૮૧ જેટલી શાળાઓમાં એક્રેડિટેશનની પ્રક્રિયા પૂરી કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૯થી યુથ એન્ડ ઈકો કલબ શાળા કક્ષાએ કાર્યરત કરવામાં આવી છે. સમગ્ર શિક્ષા અંતર્ગત રાજયની તમામ શાળાઓમાં શાળાનાં બાળકોમાં જીવન કૌશલ્ય વિકસાવવા, આત્મ વિશ્વાસ વધારવા તેમજ તાણ, શરમ અને ડરની નકારાત્મક લાગણીઓને કાબૂમાં રાખવાના માધ્યમ તરીકે યુથ કલબ કાર્યરત કરવામાં આવી છે. શાળાના વિદ્યાર્થીઓ અર્થપૂર્ણ પર્યાવરણીય પ્રવૃત્તિઓમાં ભાગ લે અને પ્રોજેક્ટસ હાથ ધરે તે માટે ઈકો કલબ કાર્યરત કરવામાં આવી છે.

રાજ્યની ધોરણ ૬થી ૧૨ની આશરે ૧૦ લાખ દીકરીઓને વર્ષ ૨૦૧૮-૧૯થી કરાટે અને અન્ય સ્વરક્ષણને લગતી અલગ અલગ તરકીબો પર તાલીમ આપવામાં આવે છે. જો કે કોરોના મહામારીને કારણે ઓનલાઈન સ્વરક્ષણ તાલીમના ૨૪ એપિસોડ તૈયાર કરી દીક્ષા પોર્ટલ પર અપલોડ કરવામાં આવ્યા છે.

ઐતિહાસિક મહત્ત્વ અને વિશેષ પ્રકારના વારસાગત સ્થાપત્ય ધરાવતી અત્યંત પુરાણી શાળાઓનું મહત્ત્વ અનેરું છે. આ શાળાઓને હેરિટેજ સ્કૂલ તરીકે નવીનીકરણ કરવાની દિશામાં આપણે નવતર ડગ માંડ્યા છે. અભિરુચિ ધરાવતાં બાળકોને સંસ્કૃત શિક્ષણમાં જોડવા પ્રોત્સાહન આપવા અને શ્રેષ્ઠ આચાર્યો તૈયાર કરવાના હેતુથી ૩૭ સંસ્કૃત પાઠશાળાઓના સુદ્રઢીકરણ માટે મિશન ગુરુકુળ યોજના અંતર્ગત રૂ.૧૦ કરોડની જોગવાઈ કરી છે.

રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્રે અનેક પરિણામલક્ષી પગલાં લીધાં છે ગુણોત્સવ, શાળા પ્રવેશોત્સવ જેવા અર્થસભર કાર્યક્રમો દ્વારા ગુજરાતનું શૈક્ષણિક સ્તર ઊંચું આવી રહ્યું છે.

તાજેતરમાં ગુજરાતભરમાં શિક્ષકદિનની આગવા અંદાજમાં ઉજવણી કરવામાં આવી. પાંચમી સપ્ટેમ્બર-શિક્ષક દિને અમદાવાદના બોડકદેવ સ્થિત પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમમાં ગુજરાતના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહ સંપન્ન થયો. આ સમારોહમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, વિદ્યાર્થીને જ્ઞાનવાન બનાવે એ જ સાચી વિદ્યા છે. બાળકના શારીરિક જન્મમાં માતા-પિતાની ભૂમિકા હોય છે, પણ તેના માનસ ઘડતરમાં તો શિક્ષકની જ ભૂમિકા મહત્ત્વપૂર્ણ હોય છે.

**તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશીપૂર્ણ નેતૃત્વ હેઠળ અનેક નવતર પહેલ, યોજનાઓ તથા કાર્યક્રમો દ્વારા શિક્ષણ ક્ષેત્રે ઊર્ધ્વગામી પરિવર્તન આવ્યું છે.**

આ અવસરે ભારતીય શિક્ષણ પરંપરાનો મહિમા વર્ણવતા રાજ્યપાલશ્રીએ મનનીય વિચારો વ્યક્ત કરતાં કહ્યું હતું કે, ભારતીય વિચાર પરંપરા સમૃદ્ધ હતી અને તેથી જ અનેક વિદેશી આક્રમણો છતાં ભારતીય સંસ્કૃતિ પર તેની અસર થઈ ન હતી. અંગ્રેજોએ ભારતમાં સ્થાયી શાસન માટે સમગ્ર શિક્ષણ વ્યવસ્થામાં પરિવર્તન કર્યું. જેના પગલે ભારતીય માનસિકતા દીન-હિન બની. અંગ્રેજો જાણતા હતા કે ભારતમાં શાસન કરવા માટે શિક્ષણ વ્યવસ્થાને બદલવી પડશે, અન્યથા તે શાસન કરી શકશે નહીં.

અંગ્રેજ શાસનકાળની જૂની-પુરાણી શિક્ષણ વ્યવસ્થામાં પરિવર્તન આણવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમલમાં મૂકેલી નવી શિક્ષણ નીતિની આચાર્ય દેવવ્રતજીએ વિગતે વાત કરી હતી.

રાજ્યપાલશ્રીએ ભારતીય ગુરુકુળ પરંપરાનો ઉલ્લેખ કરતાં સરસ વાત કરી હતી કે, ભારતમાં સમૃદ્ધ ગુરુ-શિષ્ય પરંપરા હતી અને આ સમૃદ્ધ પરંપરાના કારણે જ સમાજ ઉન્નત-વિકસિત હતો. ભારતીય ગુરુકુળોમાં વિદ્યાર્થી કેન્દ્રસ્થાને હતો, ભૌતિક સુવિધાઓ નહીં. રાજ્યપાલશ્રીએ શિક્ષક દિને ઉપસ્થિત શિક્ષણગણને આહ્વાન કરતાં કહ્યું કે, "આપ સૌએ પસંદ કરેલા વ્યવસાય ઉત્તમ છે અને આ અંગે આપ સૌ ચિંતન કરજો, મૂલ્યાંકન કરજો."

કોરોનાકાળમાં શિક્ષકોએ ઉત્તમ કામગીરી કરી તેમ જ શાળા બંધ હોવા છતા શિક્ષણ ચાલુ રાખ્યું. ગુજરાત ભારતમાં શિક્ષણક્ષેત્રના પર્ફોર્મન્સ ઈન્ડેક્સ ગ્રેડિંગમાં "એ પ્લસ" ગ્રેડ લાવ્યું છે, જે ગુજરાત માટે ગૌરવની વાત છે. રાજ્ય સરકાર "એ ડબલ પ્લસ" ગ્રેડિંગ માટે સંકલ્પબદ્ધ બની છે. શિક્ષણમાં નબળા બાળકને પ્રિય ગણ્યો અને તેના પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી તેને શિક્ષણાભિમુખ કરવાનું કાર્ય રાજ્ય સરકારે કર્યું છે. જેના પ્રતાપે આજે ગુજરાતનો યુવા પ્રત્યેક ક્ષેત્રમાં પહેલકારી કાર્ય કરી પોતાની પ્રતિભા દર્શાવી રહ્યો છે.

ગુજરાત માટે શિક્ષક દિન એ માત્ર એક દિવસની ઉજવણી નથી બલ્કે પ્રતિદિન શિક્ષણના સ્તરને વધુ ને વધુ ઊંચે લઈ જવા માટે ગુજરાત પ્રતિબદ્ધ છે. પ્રત્યેક દિવસ શિક્ષક દિન સમજી શિક્ષિત અને દીક્ષિત ગુજરાતની ગરિમાને વધુ દૈદિપ્યમાન કરવાની દિશામાં સૌના સાથથી શિક્ષણનો અપ્રતિમ વિકાસ ગુજરાત સરકારનો મંત્ર છે. ●

## શિક્ષણ ક્ષેત્રે જ્ઞાનયજ્ઞને પ્રજ્જવલિત રાખનાર

# શિક્ષકોને 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક'

શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકોને રાજ્ય સરકાર દ્વારા પારિતોષિક ઍવૉર્ડ એનાયત કરવામાં આવે છે. વર્ષ-૨૦૨૧ માટે રાજ્યનાં ૩૦ શિક્ષકોની યાદી જાહેર કરવામાં આવી છે. પ્રાથમિક વિભાગમાંથી ૧૧ શિક્ષકો, માધ્યમિક વિભાગમાંથી ૦૫ શિક્ષકો, ઉચ્ચતર માધ્યમિક વિભાગમાંથી ૦૨ શિક્ષકો, માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક આચાર્ય કેટેગરીમાંથી ૦૬ શિક્ષકો, એચ.ટાટ, મુખ્ય શિક્ષક-૦૪ અને ખાસ શિક્ષક કેટેગરીમાંથી ૦૨ શિક્ષકો મળીને વિવિધ કેટેગરીમાંથી ઝોન પ્રમાણે શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક-૨૦૨૧ માટે ૩૦ શિક્ષકોની યાદી જાહેર કરવામાં આવી છે.

| ક્રમ | પ્રાથમિક વિભાગ | ઝોન |
|---|---|---|
| | **સમિતિએ ઍવૉર્ડ માટે પસંદ કરેલ શિક્ષકો-૧૧** | |
| ૧ | શ્રી દિનેશ મોહનભાઇ ભેંસદડિયા | સૌરાષ્ટ્ર |
| ૨ | શ્રી રંજનબહેન મોહનભાઇ નિમાવત | |
| ૩ | શ્રી રાજેશકુમાર ગંગદાસભાઇ બરોચિયા | |
| ૪ | શ્રી ભારતીબહેન શામળભાઇ પટેલ | ઉત્તર |
| ૫ | શ્રી મનિષાબહેન પુંજાલાલ શાહ | |
| ૬ | શ્રી જીજ્ઞેશકુમાર ગૌતમભાઇ પ્રજાપતિ | મધ્ય |
| ૭ | શ્રી હસમુખભાઇ પરાગભાઇ વણકર | |
| ૮ | શ્રી સંજયકુમાર ભગાભાઇ જણસારી | |
| ૯ | શ્રી ગોવિંદભાઇ માધાભાઇ રોહિત | |
| ૧૦ | શ્રી વિમલકુમાર દાઉદભાઇ ગામીત | દક્ષિણ |
| ૧૧ | શ્રી કપિલાબહેન વીરસંગભાઇ ચૌધરી | |
| **ક્રમ** | **માધ્યમિક વિભાગ** | **ઝોન** |
| | **સમિતિએ ઍવૉર્ડ માટે પસંદ કરેલ શિક્ષકો-૫** | |
| ૧ | શ્રી જીતુભાઇ ઉકાભાઇ ખુમાણ | સૌરાષ્ટ્ર |
| ૨ | ડૉ.અંજનાબહેન સોમાલાલ મોદી | ઉત્તર |
| ૩ | શ્રી વિનોદકુમાર પરસોતમભાઇ પ્રજાપતિ | |
| ૪ | શ્રી વિષ્ણુભાઇ હરિભાઇ પટેલ | મધ્ય |
| ૫ | શ્રી રોહન પ્રિયકાંત ત્રિવેદી | દક્ષિણ |
| **ક્રમ** | **ઉચ્ચતર માધ્યમિક વિભાગ** | **ઝોન** |
| | **સમિતિએ ઍવૉર્ડ માટે પસંદ કરેલ શિક્ષકો-૨** | |
| ૧ | શ્રી રામદેભાઇ કાનાભાઇ ગોજિયા | સૌરાષ્ટ્ર |
| ૨ | શ્રી સ્નેહલ અરૂણકુમાર વૈદ્ય | ઉત્તર |
| **ક્રમ** | **માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક વિભાગ** | **ઝોન** |
| | **સમિતિએ ઍવૉર્ડ માટે પસંદ કરેલ શિક્ષકો-૬** | |
| | ડૉ. સોનલબહેન માવજીભાઇ ફળદુ | સૌરાષ્ટ્ર |
| | શ્રી રણજીતસિંહ છત્રસિંહ ઝાલા | ઉત્તર |
| | શ્રી કિરણકુમાર જયચંદભાઇ પટેલ | |
| | શ્રી સહદેવસિંહ સામંતસિંહ સોનગરા | મધ્ય |
| | શ્રી જીજ્ઞેશકુમાર રમેશચંદ્ર શાહ | |
| | શ્રી જીવનભાઇ દામજીભાઇ ખુંટ | દક્ષિણ |
| **ક્રમ** | **એચ.ટાટ (મુખ્ય શિક્ષક), સી.આર.સી.** | **ઝોન** |
| | **સમિતિએ ઍવૉર્ડ માટે પસંદ કરેલ શિક્ષકો-૪** | |
| | શ્રી પીયૂષકુમાર પ્રાગજીભાઇ ઝોટાણિયા {એચ.ટાટ (મુખ્ય શિક્ષક)} | સૌરાષ્ટ્ર |
| | શ્રી ગીતાબા દેવુજી વાઘેલા {એચ.ટાટ (મુખ્ય શિક્ષક)} | ઉત્તર |
| | શ્રી ધર્માંશુ શિવરામ પ્રજાપતિ {એચ.ટાટ (મુખ્ય શિક્ષક)} | મધ્ય |
| | શ્રી પંકજકુમાર અમૃતલાલ પ્રજાપતિ {એચ.ટાટ (મુખ્ય શિક્ષક)} | દક્ષિણ |
| **ક્રમ** | **ખાસ શિક્ષક** | **ઝોન** |
| | **સમિતિએ ઍવૉર્ડ માટે પસંદ કરેલ શિક્ષકો-૨** | |
| | શ્રી નરેન્દ્રકુમાર ભાણજીભાઇ ઘઉઆ | સૌરાષ્ટ્ર |
| | શ્રી ભરતભાઇ પ્રભુદાસ પ્રજાપતિ | મધ્ય |



આવો સૌ સાથે મળી

# મેલેરિયાનું નિર્મૂલન કરીએ.



તાવ હોય તો
આરોગ્ય કાર્યકર પાસે
લોહીની નિઃશુલ્ક તપાસ કરાવો



મેલેરિયા હોય તો,
સંપૂર્ણ
સારવાર કરાવો.



## મેલેરિયાનો ફેલાવો માદા એનોફીલીસ મચ્છર દ્વારા થાય છે

- ઘરની આજુબાજુ પાણીનો ભરાવો થવા ન દો.
- પાણીના નાના ખાડા-ખાબોચિયા પૂરી દો.
- ભરાયેલ પાણી વહેવડાવી દો.
- મોટા પાણીના ભરાવામાં પોરાભક્ષક માછલીઓ અવશ્ય મુકાવો.
- મેલેરિયાથી બચવા દવાયુક્ત મચ્છરદાનીનો ઉપયોગ કરો.



**વધુ માહિતી માટે આરોગ્ય કાર્યકર અથવા સરકારી દવાખાનાનો સંપર્ક કરો.**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા જનહિતમાં પ્રસારીત**




**Published on Date 16-9-2021**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023
• Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M.,
Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages • Editor and Published by** Director of Information on behalf of Directorate of Information,
Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad &
Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**

માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦